આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઈમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૦૯૪ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫




## વાપીમાં હાઈવે ઓથોરીટીના બુલડોઝરો ગરજવા માંડતાં ફફડાટ

**સલવાવ બ્રિજથી વાપી તરફ નેશનલ હાઈવે માર્જિનમાં ગેરકાયદે દબાણો હટાવવાનું શરુ : હાઈવેથી ૪૦ મીટરમાં આવતા ગેરકાયદે દુકાન, મકાન, શો-રૂમના બાંધકામ તોડી પડાયા, મુંબઈ સુધી ડિમોલિશન ચાલશે**



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૫ :** સલવાવ બ્રિજથી વાપી તરફના નેશનલ હાઈવે નંબર ૪૮ પર છેલ્લા બે ત્રણ દિવસ થી નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા દબાણો દૂર કરવાનું મેગા ડિમોલિશન અભિયાન શરૂ કર્યું છે. જેમાં મંગળવાર સુધીમાં હાઈવે થી ૪૦ મીટર સુધીમાં આવતા નજીક સેંકડો કાંચા પાકા મકાનો, દુકાનો,શોરૂમના ગેટ, કેબિન, ગેરેજ વિગેરેને તોડી પાડવામાં આવ્યા છે. પ્રાપ્ત માહિતી મુજબ, નેશનલ હાઈવેની મધ્ય રેખાથી બંને તરફ ૪૦ મીટર સુધીની જગ્યા હાઈવે માર્જિનમાં આવે છે.

તેમ જણાવી છેલ્લા કેટલાક દિવસોથી માર્જિનમાં આવતા લોકોને હાઈવે ઓથોરિટી દ્વારા નોટિસ ફટકારી હતી જે બાદ જેસીબી મશીન સાથે છેલ્લા ૨ ત્રણ દિવસથી મેગા ડિમોલિશન હાથ ધરવામાં આવ્યું છે.હાઈવેની પૂર્વ વિસ્તારમાં ચાલી રહેલા આ ડિમોલિશન અભિયાનમાં માર્જિનમાં આવતા સેંકડો કાચા-પાકા દબાણો, દુકાનો, રહેણાંક મકાનો, કોમર્શિયલ કોમ્પ્લેક્સ અને શો-રૂમોના આગળના ભાગો પર બુલડોઝર ફેરવવામાં આવી રહ્યું છે.હાલમાં તંત્ર દ્વારા સલવાવથી વાપી તરફ આવતી વખતે હાઈવેની ડાબી બાજુ એટલે કે પૂર્વ તરફના દબાણો દૂર કરવાની કામગીરી ચાલુ છે.

છ્છ અને બુલડોઝરની મદદથી શેડ, ઓટલા, કમ્પાઉન્ડ વોલ અને પતરાના શેડ, રૂમ વિગેરે તોડી પાડવામાં આવી રહ્યા છે. આ કામગીરી ગુંજનથી મુંબઈ સુધી ચાલુ રહેશે તેવું જાણવા મળ્યું છે.

બીજી તરફ, હાઈવેની જમણી તરફ એટલે કે પશ્ચિમ તરફ પણ ૪૦ મીટરના માર્જિનમાં આવતા મિલકતધારકોને નોટિસ ફટકારવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે ૧૯૮૦ થી ૨૦૦૦ ની સાલ માં હાઈવે નજીક નિર્માણ પામેલ મિલકતધારકોને તે સમયે હાઈવેથી ૨૩ મીટર એટલેકે આશરે ૭૦ ફૂટનું માર્જિન છોડાવેલું હતું. નોટિસ મળતા જ મિલકત ધારકોમાં ભારે ફફડાટ ફેલાયો છે અને અનેક લોકો જાતે જ પોતાના દબાણો દૂર કરવા લાગ્યા છે.

### મામલતદાર કચેરી અને સિવિલ ના ગેટ ઉપર પણ માર્કિંગ



નેશન હાઈવે ઓથોરિટી દ્વારા મેગા ડિમોલિશન અભિયાન

હેઠળ સલવાવ થી બલીઠા તરફ માર્જિનમાં આવતા સેંકડો દબાણો ઉપર જેસીબી ફેરી રહ્યું છે ત્યારે માર્જિનમાં આવતી મામલતદાર કચેરી અને વાપીની નવી બની રહેલી મીની સિવિલ હોસ્પિટલની બંને સરકારી મિલકતના ગેટ પર ૧૦ મીટર થી લઈ ૧૪ મીટર સુધી દબાણ દૂર કરવું તેવું માર્કિંગ કરાયું છે.

## દમણની બાંસવાડા ગાર્મેન્ટસને પીસીસી દ્વારા રૂા. ૧.૪૭ કરોડનો દંડ ફટકારાયો

**ગંભીર વાયુ પ્રદૂષણ ફેલાવવા બદલ દંડનીય કાર્યવાહી : રૂા. ૧૫ લાખ રૂપિયાનું APCD ડિવાઈસ ઈન્સ્ટોલ કરીને કરોડો રૂપિયાનો દંડ બચાવી શકાયો હોત**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૨૫ :** દમણમાં પ્રદૂષણ નિયંત્રણ સમિતિએ પર્યાવરણીય નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ બાંસવાડા સિન્ટેક્સ લિમિટેડના એકમ બાંસવાડા ગાર્મેન્ટ્સ સામે કાર્યવાહી કરી છે. દમણના કડાયામાં સ્થિત આ એકમને પાણી અધિનિયમ, ૧૯૭૪ અને વાયુ અધિનિયમ, ૧૯૮૧ હેઠળ પાલન ન કરવા બદલ તા. ૨૫ ઓગસ્ટ, ૨૦૨૬ સુધીમાં બંધ કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો.

પ્રદૂષણ નિયંત્રણ સમિતિના આદેશ મુજબ, કંપનીએ ડિમાન્ડ ડ્રાફ્ટ દ્વારા રૂા. ૧૪.૭ મિલિયનનું પર્યાવરણીય વળતર જમા કરાવવાનું રહેશે. વળતર જમા કરાવ્યા પછી જ વીજ જોડાણ પુનઃસ્થાપિત કરવામાં આવશે. વધુમાં, એકમે પૂરતા પ્રમાણમાં સજ્જ વાયુ પ્રદૂષણ નિયંત્રણ ઉપકરણ (APCD) સ્થાપિત કરવું જોઈએ અને સમગ્ર ઉત્પાદન પ્રક્રિયા દરમિયાન તેને કાર્યરત રાખવું જોઈએ. નિયમિત ઉત્સર્જન દેખરેખ અને રેકોર્ડ જાળવવા જોઈએ, જ્યારે નિર્ધારિત સ્ટેક ઉત્સર્જન ધોરણોનું કડક પાલન કરવું જોઈએ. પ્રદૂષણ નિયંત્રણ સમિતિએ અગાઉ આ કંપનીને નોટિસ જારી કરી હતી, પરંતુ તે કોઈ સુધારો કરવામાં નિષ્ફળ ગઈ હતી. પ્રદૂષણ નિયંત્રણ સમિતિ પાણી અને વાયુ પ્રદૂષણ નિયંત્રણ કાયદા હેઠળ ઔદ્યોગિક એકમોના પર્યાવરણીય પાલનનું નિરીક્ષણ કરે છે.

## વાપી પંથકમાં ઓનલાઈન રાખડી મોકલવાના ક્રેઝથી પોસ્ટ-કુરિયરને મોટો ફટકો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૫ :** રક્ષાબંધનના તહેવારને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે વાપીમાં રાખડી મોકલાવવાના પરંપરાગત માધ્યમ એવા પોસ્ટ વિભાગ અને કુરિયર સેવાઓના વ્યવસાય પર ઓનલાઇન રાખડી મોકલવાની નવી સિસ્ટમની અસર જોવા મળી રહી છે. અગાઉ દેશ-વિદેશમાં રહેતા ભાઈઓને બહેનો દ્વારા રાખડી મોકલવા માટે પોસ્ટ વિભાગ અથવા કુરિયરનો વ્યાપક ઉપયોગ કરવામાં આવતો હતો, પરંતુ હવે ઓનલાઇન રાખડી સર્વિસના કારણે કુરિયર વ્યવસાયમાં અંદાજે ૫૦ ટકાનો ઘટાડો થયો હોવાનું વાપીમાં જાણીતી કુરિયર ફ્રેન્ચાઇઝીના સંચાલકે જણાવ્યું છે. હાલમાં ઓનલાઇન રાખડી મોકલાવવાની પદ્ધતિમાં ગ્રાહક પોતાના શહેર કે



ગ્રામ્ય વિસ્તારમાંથી ઓનલાઇન રાખડી સેવા આપતા સંચાલકનો સંપર્ક કરે છે. ત્યારબાદ જે શહેર અથવા વિસ્તારમાં રાખડી પહોંચાડવાની હોય ત્યાં આવેલી તેમની ફ્રેન્ચાઇઝી મારફતે ગ્રાહકે પસંદ કરેલી રાખડી રોકડેથી ખરીદવામાં આવે છે અને ત્યારબાદ તે રાખડી સીધી જ જે તે ભાઈ કે બહેનના સરનામે પહોંચાડવામાં આવે છે. આ સમગ્ર પ્રક્રિયાના કારણે બહારથી રાખડી ખરીદીને પોસ્ટ અથવા કુરિયર મારફતે મોકલાવવાની જરૂરિયાત ઘટી રહી છે. પરિણામે રક્ષાબંધન નજીક હોવા છતાં પરંપરાગત પોસ્ટ અને કુરિયર સેવાઓમાં અગાઉની સરખામણીએ મંદી જોવા મળી રહી છે. ખાસ કરીને દેશના અલગ-અલગ શહેરો ઉપરાંત વિદેશમાં રહેતા ભાઈ-બહેનો સુધી રાખડી પહોંચાડવા માટે ઓનલાઇન પ્લેટફોર્મનો ઉપયોગ વધ્યો છે. ટેક્નોલોજીના વધતા ઉપયોગ સાથે તહેવારોની ઉજવણીની પદ્ધતિમાં પણ બદલાવ આવી રહ્યો છે, જેના કારણે પરંપરાગત પોસ્ટ અને કુરિયર વ્યવસાય સામે નવી સ્પર્ધા પણ ઊભી થઈ છે. અને વાપી પંથકમાં તો ખાસ કરીને ઔદ્યોગિક વસાહત હોવાને લઈ સમગ્ર દેશમાંથી લોકો આવીને વસ્યા છે તેઓ પોતાના વતનમાં રાખડી મોકલાવવા માટે હવે ઓનલાઇન રાખડી નો સંપર્ક કરી રહ્યા હોવાનું જણાઈ રહ્યું છે.

## વાપીથી રવાના થયેલા આનંદીબેન પટેલની વંદે ભારત પર ઉતરાણ પાસે પથ્થરમારો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૫ :** સંઘ પ્રદેશ દમણની બે દિવસની મુલાકાતે પધારેલા ઉત્તરપ્રદેશના રાજ્યપાલ અને ગુજરાતના માજી મુખ્યમંત્રી આનંદી બેન પટેલ આજે સાંજે વાપી રેલ્વે સ્ટેશનથી વંદે ભારત ટ્રેનમાં અમદાવાદ જઈ રહ્યાં હતાં ત્યારે સુરત રેલવે સ્ટેશનથી ટ્રેન રવાના થયા બાદ ઉત્રાણ સ્ટેશન પાસેથી પસાર થઈ રહી હતી ત્યારે અસામાજિક તત્વોએ ટ્રેન પર પથ્થરો ફેંક્યા હતા.આ ઘટના સમયે ટ્રેનમાં ઉત્તર પ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલ એક્ઝિક્યુટિવ કોચમાં હોવાથી સંપૂર્ણપણે સુરક્ષિત રહ્યા હતા.

અન્ય કોઈને પણ કોઈ ઈજા કે જાનહાનિ થઈ ન હતી. ઘટનાની જાણ થતા જ રેલવે સુરક્ષા દળ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

## વલસાડમાં વિદ્યાર્થીઓની સ્કોલરશીપ મુદ્દે આવેદન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૫ :** વલસાડ જિલ્લામાં અભ્યાસ કરતા હજારો જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓની વિવિધ સરકારી સ્કોલરશીપ લાંબા સમયથી અટવાયેલી હોવાના મુદ્દે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ વલસાડ શાખા દ્વારા કલેક્ટર કચેરી ખાતે ઉગ્ર રજૂઆત કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓના હિતને ધ્યાને રાખી બાકી રહેલી સ્કોલરશીપ તાત્કાલિક જમા કરવા અને પોર્ટલ પરની ટેકનિકલ ખામીઓ દૂર કરવા અંગે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર




પાઠવવામાં આવ્યું હતું.

કોલેજ અને ઉચ્ચ શિક્ષણ મેળવતા SC, ST, OBC અને EWS વર્ગના વિદ્યાર્થીઓને સમયસર શિષ્યવૃત્તિ ન મળવાને કારણે ફી ભરવામાં તેમજ શૈક્ષણિક ખર્ચ ઉઠાવવામાં ભારે મુશ્કેલી પડી રહી છે.

પોર્ટલ પર વારંવાર સર્વર ડાઉન રહેવું, દસ્તાવેજ અપલોડમાં ક્ષતિઓ અને બિનજરૂરી ક્વેરીઓને કારણે હજારો અરજીઓ મહિનાઓથી પેન્ડિંગ પડી છે.કોલેજ તેમજ જિલ્લા કક્ષાએથી થતી અરજી ચકાસણીની ધીમી ગતિને કારણે પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓ યોજનાના લાભથી વંચિત રહ્યા છે.

ABVPના કાર્યકરોએ જણાવ્યું હતું કે, જો વહીવટી તંત્ર દ્વારા આ બાબતે તાત્કાલિક યોગ્ય પગલાં ભરીને વિદ્યાર્થીઓના ખાતામાં સ્કોલરશીપની રકમ જમા કરવામાં નહીં આવે, તો વિદ્યાર્થીઓના હિત માટે આગામી દિવસોમાં ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

## વલસાડ જિલ્લામાં ફૂડ વિભાગની તવાઈ જારી






**વાપી, સંજાણ, ઉમરગામ અને પારડી વિસ્તારમાં ફૂડ સેફટીના નિયમોના ભંગ : મેડિકલ-વોટર રિપોર્ટ અધૂરા, પેસ્ટ કંટ્રોલનો અભાવ અને કિચનમાં સ્વચ્છતાનો અભાવ જોવા મળ્યો**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૫ :** નાગરિકોને ગુણવત્તાયુક્ત અને સલામત ખાદ્ય પદાર્થો મળી રહે તેમજ ગ્રાહકો સાથે છેતરપિંડી ન થાય તે હેતુથી વલસાડ જિલ્લા ફૂડ વિભાગ દ્વારા શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં માનવ ખાદ્ય ચીજવસ્તુઓનું વેચાણ કરતી પેઢીઓની તપાસ હાથ ધરવામાં આવી રહી છે. તપાસ દરમિયાન ખાદ્ય સુરક્ષા અને સ્વચ્છતા સંબંધિત નિયમોનું પાલન થાય છે કે નહીં તેની ચકાસણી કરવામાં આવી રહી છે. ફૂડ વિભાગની ટીમે વાપી, સંજાણ, ઉમરગામ અને પારડી સહિતના વિસ્તારોમાં વિવિધ રેસ્ટોરન્ટ, હોટલ અને ખાદ્ય પદાર્થોની પેઢીઓની તપાસ કરી હતી.

તપાસ દરમિયાન કેટલીક પેઢીઓમાં નિયમોનું યોગ્ય પાલન જોવા મળ્યું હતું, જ્યારે કેટલીક જગ્યાએ ક્ષતિઓ મળી આવતા કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. સંજાણના નામપાડા ખાતે આવેલી બોમ્બે રેસ્ટોરન્ટની તપાસ દરમિયાન શિડ્યૂલ-૪ની જોગવાઈઓનું પાલન થતું હોવાનું જણાયું હતું, સાથે જ મેડિકલ રિપોર્ટ અને વોટર રિપોર્ટની અપૂર્તતા તેમજ પેસ્ટ કંટ્રોલ ન કરાવવાની બાબત સામે આવી હતી. ખુલ્લુ કિચન હોવાથી જીવજંતુઓનો પ્રવેશ અટકાવવા માટે જાળી પણ લગાવવામાં આવી નહોતી. જેથી આ અંગે પેઢીને ઈમ્પ્રૂવમેન્ટ નોટિસ આપવામાં આવી છે. સંજાણના ઉમરગામ રોડ પર સ્થિત બોમ્બે કેટરસ હેન્ડ રેસ્ટોરન્ટ પાસે જરૂરી લાઈસન્સ/નોંધણી ન હોવાનું તપાસમાં સામે આવ્યું હતું. સ્થળ પરથી એન્ફોર્સમેન્ટ સેમ્પલ લેવામાં આવ્યા હતા અને રોજકામ કરવામાં આવ્યું હતું. શિડ્યૂલ-૪ તેમજ સ્વચ્છતાના નિયમોનું પાલન પણ જોવા મળ્યું નહોતું.


તપાસ બાદ પેઢીના સંચાલકે પોતાની પેઢી સ્વેચ્છાએ બંધ કરી દીધી હોવાનું જાણવા મળ્યું છે. લાઈસન્સ ન હોવાના કારણે કમ્પાઉન્ડિંગ ઓફેન્સની કાર્યવાહી કરી દંડ વસૂલવાની કાર્યવાહી કરવામાં આવશે.

ઉમરગામની ખાના ખજાના રેસ્ટોરન્ટની તપાસ દરમિયાન શિડ્યૂલ-૪ અને સ્વચ્છતાનું પાલન થતું હોવાનું જણાયું હતું, પરંતુ મેડિકલ રિપોર્ટ અને વોટર રિપોર્ટની અપૂરતા જોવા મળતા ઈમ્પ્રૂવમેન્ટ નોટિસ આપવામાં આવી છે.

બીજી તરફ વાપીના ચલા રોડ પર બી.કે. ફૂડ (વોક ઓન ફાયર) અને વાપીના નૂતન નગર ખાતે હોટલ કેસરી, ઉમરગામ રોડ પર સંજાણ ખાતે સનસાઈન ફેમિલી રેસ્ટોરન્ટ તેમજ પારડીની હોટલ શ્રીનાથ એન્ડ ગેસ્ટ હાઉસ ખાતે તપાસ દરમિયાન શિડ્યૂલ-૪ તથા સ્વચ્છતાની જોગવાઈઓનું પાલન થતું હોવાનું જણાયું હતું.

ફૂડ વિભાગ દ્વારા સમવીર હોસ્પિટલ એલએલપી અને હોટલ એપીકલ સહિત અન્ય પેઢીઓની પણ તપાસ કરવામાં આવી હતી. ફૂડ વિભાગના ડેઝિગ્નેટેટ ઓફિસર આશિષ વલવીએ જણાવ્યું કે, માનવ ખાદ્ય ચીજવસ્તુઓનું વેચાણ કરતી પેઢીઓની તપાસની વેપારીઓમાં નિયમોના પાલન અંગે સતર્કતા વધશે તેમજ નાગરિકોને સ્વચ્છ, ગુણવત્તાયુક્ત અને સલામત ખાદ્ય પદાર્થો મળી રહે તે માટે તંત્રની કામગીરીને વધુ વેગ મળશે.

CBSE AFFILIATED - 430373
RAJHANS EDUCATION TRUST'S
VIDYA DHAM INTERNATIONAL SCHOOL VAPI (CBSE BOARD)
unleash your true potential
LIFE LONG LEARNING
ADMISSIONS OPEN
Academic Session 2026-2027
Nursery to Std. 10
12th Year Anniversary
SPECIAL OFFERS
Early Bird Discount
Till 31st March
FREE Textbooks
From Nursery to Std 10
Special Concession
On Admission Fees





Additional Curriculum features
1. English Conversation & Phonics for Fluency
2. Personality development & Memory Boosting techniques.
3. Innovative clubs for Std 6 to 10, Indoor Sports
4. Mental and Vedic Maths for Std 1 to 5
5. AI and Coding for Jr KG to Std 10

Admission forms available All working days
At school's office
vidyadham4@gmail.com, www.vidyadhamschoolvapi.in
9725295578/9081807258/9316054328
ENROLL NOW
School Address :- Plot no B7,B13/14 behind Rajmoti complex 1 , Chharwada Road GIDC Vapi Gujarat 396191

નેમિનાથ ટ્રેડર્સ



ખીલા વાયર વેલ્ડમેસ
ખીલી હુક જાળી નટબોલ્ટ

ખીલી, વાયર, કાંટાતાર, હુક, ચેઈનલીંક, નટ બોલ્ટ, પાવડા-ત્રિકમ તથા હાર્ડવેર સામગ્રી
Mo. No. 9825190301 /
સરનામું : દુકાન નં. ૭૦, ૭૧, અમીધરા કોમ્પ્લેક્સ, સીએનજી ગેસ પંપ નજીક, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી - ૩૯૬૧૯૫, જિલ્લો : વલસાડ (ગુજરાત)
Email : neminathtradersvapi@gmail.com

Wednesday 26, August 2026

દમણગંગા ટાઇમ્સ

DAMANGANGA TIMES


## ડાંગમાં વિશ્વ હિન્દુ પરિષદની વિસ્તૃત બેઠક યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૨૫ :** ગુજરાત પ્રાંતની સૂચના મુજબ વિશ્વ હિન્દુ પરિષદ, ડાંગ જિલ્લા દ્વારા રવિવારે શબરી ભવન ખાતે એક વિસ્તૃત બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતુ.આ બેઠકનો મુખ્ય હેતુ સંગઠનને વધુ મજબૂત બનાવવો, કાર્યકર્તાઓ વચ્ચે સંકલન વધારવું અને આગામી કાર્યક્રમોનું યોગ્ય આયોજન કરવાનો હતો. કાર્યક્રમમાં દક્ષિણ ગુજરાતના વાલી અજયજી મિશ્રા, વિભાગ સહમંત્રી રવિભાઈ સૂર્યવંશી, ડાંગ જિલ્લા અધ્યક્ષ દિલીપભાઈ ગાંગુડે અને જિલ્લા મંત્રી બ્રિજેશભાઈ ઠાકર સહિત જિલ્લા તેમજ પ્રખંડ સમિતિના હોદ્દેદારો અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉત્સાહપૂર્વક ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન વી.એચ.પી. દ્વારા અત્યાર સુધી થયેલા કાર્યોની સમીક્ષા કરી આગામી આયોજનો પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ઉપસ્થિત અગ્રણીઓએ સંગઠનના કાર્યોને પ્રખંડ અને ખંડ સ્તર સુધી અસરકારક રીતે પહોંચાડવા તથા સમાજલક્ષી પ્રવૃત્તિઓને વેગ આપવા અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતુ. આ સાથે જિલ્લા કાર્યકારિણીના વિસ્તૃતીકરણ અંતર્ગત હરિમોહન પવાર અને ગુલાબભાઈ ચૌધરીની જિલ્લા સહમંત્રી, મિતેશભાઈ ચૌર્યાની કોષાધ્યક્ષ તેમજ રતનભાઈ ચૌધરીની જિલ્લા સત્સંગ પ્રમુખ તરીકે નવી જવાબદારી જાહેર કરાઈ હતી. ઉપસ્થિત સૌએ ૐ નાદ સાથે આ નિમણૂકોને વધાવી લીધી હતી અને અંતે એકતાપૂર્વક સંગઠનને આગળ ધપાવવાનો દૃઢ સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

## બીલીમોરાની વી. એસ. પટેલ કોલેજમાં સાયબર સિક્યુરિટી સેમિનાર યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)



**બીલીમોરા, તા. ૨૫ :** બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત વી. એસ. પટેલ કોલેજ ઓફ આર્ટ્સ એન્ડ સાયન્સના બીસીએ અને બીબીએ વિભાગ દ્વારા અનિલ નાયક ટેકનિકલ ટ્રેનિંગ સેન્ટર,ખારેલના સહયોગથી મંગળવારે સાયબર સિક્યુરિટી સેમિનાર યોજાયો હતો, જેમાં ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ પ્રસંગે સાયબર સિક્યુરિટી એક્સપર્ટ અલય પટેલે વિદ્યાર્થીઓને સરળ ભાષામાં સાયબર ક્રાઈમથી બચવાના ઉપાયો, ઓનલાઈન સુરક્ષા, મજબૂત પાસવર્ડ, સોશિયલ મીડિયા સાવચેતી તેમજ ડિજિટલ નાણાકીય વ્યવહારોમાં રાખવાની તકેદારી અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમમાં બીલીમોરા વિભાગ કેળવણી મંડળના વ્યવસ્થાપક સમિતિના અધ્યક્ષ ભરતભાઈ અમીન, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન નરેશભાઈ નેમાણી, વી. એસ. પટેલ કોલેજના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. એ. આર. બજાજ, એ. વી. પટેલ કોમર્સ કોલેજના ઇન્ચાર્જ આચાર્યા ડૉ. સોનલબેન વસાવા તથા સ્ટાફગણ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ડૉ. કુણાલ ભાવસારે કર્યું હતું, જ્યારે અંતમાં પ્રા. હિતેશ્રીબેન લાડે આભારવિધિ આટોપી હતી. વિદ્યાર્થીઓમાં ડિજિટલ સુરક્ષા પ્રત્યે જાગૃતિ કેળવતો આ સેમિનાર ખૂબ જ જ્ઞાનવર્ધક સાબિત થયો હતો.

## ખેરગામમાં સંસ્કૃત ગૌરવયાત્રાને પ્રસ્થાન



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ખેરગામ, તા. ૨૫ :** ખેરગામમા તા. ૨૫ થી ૨૯/૮ દરમ્યાન સંસ્કૃત સપ્તાહ ઉજવણી નિમિત્તો તાલુકા કક્ષાની અમલીકરણની સમિતિમાં ઉપાધ્યક્ષ મામલતદાર વિજયભાઈ પટેલ અને તા. વિ. અધિકારી પ્રકાશ પટેલ, સભ્ય સચિવ મનીષભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ મંગળવારે જનતા મા. શાળાથી- સંસ્કૃત ગૌરવ યાત્રા- પ્રસ્થાન મામલતદાર વિજયભાઈ પટેલે કરાવ્યું જે બિરસા મુંડા, બાબા સાહેબ અને મ. ગાંધી- ત્રણે વર્તુળ થઈ વિદ્યાર્થીઓ તથા નાગરિકોમાં સંસ્કૃત ભાષા પ્રત્યે જાગૃતિ અને ગૌરવની ભાવના કેળવવાના હેતુસર પ્રચાર પ્રસાર કરી ૫૦૦ ઉપરાંત વિદ્યાર્થીઓ શિક્ષકગણ, અધિકારી અને પદાધિકારીઓ સંગ નવારોડેથી પરત થઈ હતી.

## નવસારીમાં 'વિકસિત ભારત યુવા કનેક્ટ - સ્પોર્ટ્સ એડિશન' યોજાશે

(દમણગંગા ટાઈમ્સ)

**નવસારી, તા. ૨૫ :** ૨૯ ઓગસ્ટના રોજ હોકીના મહાન ખેલાડી મેજર ધ્યાનચંદ જીની જન્મજયંતિ નિમિત્તે રાષ્ટ્રીય રમતગમત દિવસ ઉજવવામાં આવે છે. આ વર્ષે રાષ્ટ્રીય રમતગમત દિવસ નિમિત્તે વિશેષ કાર્યક્રમ 'વિકસિત ભારત યુવા કનેક્ટ - સ્પોર્ટ્સ એડિશન' નું આયોજન ૨૭ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ દેશભરમાં કરવામાં આવશે. નવસારી જિલ્લામાં આ કાર્યક્રમ માટે બી.પી. બારિયા સાયન્સ ઈન્સ્ટિટ્યૂટ, નવસારી અને એ.વી. પટેલ કોલેજ, બીલીમોરાની પસંદગી કરવામાં આવી છે.

આ કાર્યક્રમ અંતર્ગત દેશભરના અંદાજે ૧,૬૦૦ સ્થળોએથી ૮ લાખથી વધુ યુવાનો વર્ચ્યુઅલ માધ્યમથી માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીના સંબોધન સાથે જોડાશે.કાર્યક્રમનો ઉદ્દેશ્ય યુવાનોને રમતોમાં ઉપલબ્ધ તકો, બદલાતા Sports Ecosystem અને રમતગમત ક્ષેત્રે થયેલા વિકાસ સાથે જોડવાનો છે. વડાપ્રધાનના સંબોધન બાદ MY Bharat Volunteers, સ્થાનિક Sportspersons અને લોકપ્રતિનિધિઓ વચ્ચે યુવા સંવાદનું આયોજન કરવામાં આવશે, જેમાં યુવાનો પોતાના વિચારો, સૂચનો અને આકાંક્ષાઓ રજૂ કરશે. કાર્યક્રમ દ્વારા યુવાનોને Khelo India, TOPS, ASMITA સહિત બહેતર રમતગમત infrastructure, scientific training, nutrition, sports science અને international exposure ની માહિતી આપવામાં આવશે તેમજ તેમને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે રમતોમાં આગળ વધવા માટે પ્રેરિત કરવામાં આવશે.

## ગણદેવી સોશિયલ ગૃપ દ્વારા ૧૦ શાળાઓને સાધન-કીટનુ વિતરણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ગણદેવી, તા. ૨૫ :** ગણદેવી સોશિયલ ગ્રુપ છેલ્લા બે રવિવારથી નિયમિતપણે વરસાદી અને પુર અસરગ્રસ્ત સૌને વિનામૂલ્ય મદદ કરી રહ્યું છે આ મહા વિનાશક અસરોમાંથી ઝડપથી બહાર આવી શકે તેવી ઉમદા મદદ ગ્રુપ દ્વારા કરાય નહીં આજરોજ કુલ ૧૦ શાળાઓને ૩,૪૬,૦૦૦ ના સાધનોની અને એ ઉપરાંત શાળાઓના વિદ્યાર્થીઓને યુનિફોર્મની વિનામૂલ્ય વિતરણ સહાય કરી હતી આ શાળાઓમાં કસ્બાવાડી ગણદેવીની પ્રાથમિક શાળા કોઠી ફળિયાની શાળા તોરણ ગામની શાળા ગણદેવી પ્રાથમિક કુમાર શાળા સરીખુદ પ્રાથમિક શાળા ગોઈદી પ્રાથમિક શાળા ચીખલી તાલુકાની સાદકપર ગોલવાડની પ્રાથમિક શાળા દેવધા પ્રાથમિક શાળા તેમજ બીલીમોરા મોરિયા ની અને ધોરી પ્રાથમિક શાળાને ત્રણ કોમ્પ્યુટર એક પ્રિન્ટર ૨૯ ટેબલ ૨૫ ખુરશી ચાર કબાટ ૫૦ શેત્રંજી શેત્રંજી નોટબુક મોડેમ સ્કુલ બેગ સરકારી રેકોર્ડ સ્ટેશનરી સહિતની રાહતો આપી હતી તદુપરાંત સોશિયલ ગ્રુપ દ્વારા શાળાઓને યુનિફોર્મ વિતરણ પણ વિના મૂલ્ય કરવામાં આવ્યું હોવાનુ જણાવવામાં આવે છે સમગ્ર ગણદેવી ગામ દ્વારા આ અભિયાનમાં ખૂબ જ ઉમદા કાર્ય થઈ રહ્યું હોય સૌએ ખભે ખભા મિલાવી કાર્ય કરી રહ્યાં નું જણાવ્યું છે ગુપે આજરોજ ૬૫૦૦૦૦ચી પણ વધુની સહાય વિતરણ વિનામૂલ્યે કયુ છે દર રવિવારે આ પુર વરસાદ પીડિત પરિવારો સંસ્થા ને સહાય કરે છે છેલ્લા ત્રણ રવિવારે આ સેવા કાર્ય મા ૨૫૦૦૦૦થી વધુ રકમ સહાય આપવામાં આવી છે વિતરણ કરવામાં આવ્યું છે.

## બીલીમોરા વિભાગ કેળવણી મંડળના પ્રમુખપદે પ્રમિતભાઈ પટેલની નિમણૂંક

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૨૫ :** બીલીમોરા વિભાગ કેળવણી મંડળના આગામી ત્રણ વર્ષ માટેના હોદ્દેદારોની વરણી કરવા અંગેની સામાન્ય સભા રવિવાર સાંજે વીએસ પટેલ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સના સભાખંડમાં યોજાઈ હતી. સામાન્ય સભામાં કુલ ૨૯ સભાસદો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં મંડળના તમામ હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવતા શૈક્ષણિક આલમમાં આનંદની લાગણી પ્રસરી હતી.

બીલીમોરા વિભાગ કેળવણી મંડળ શૈક્ષણિક તથા સેવાકીય ક્ષેત્રે લાંબા સમયથી અગ્રેસર રહી મહત્વપૂર્ણ યોગદાન આપી રહ્યું છે. મંડળના શૈક્ષણિક સંકુલમાં નર્સરી થી ધો. ૧૨, પીજી સુધી ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમની શાળાઓ ઉપરાંત વિવિધ કોલેજો મળી ૧૦ જેટલી ફેકલ્ટીમાં અંદાજે ૮ હજારથી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. આવા પ્રતિષ્ઠિત શૈક્ષણિક મંડળના આગામી ત્રણ વર્ષના વહીવટી માળખાની રચના માટે આ સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

સામાન્ય સભાની કાર્યવાહીનું કાર્યકારી સભા પ્રમુખ મુકેશ મહેતાએ સરળ અને સુચારુ રીતે સંચાલન કર્યું હતું. સભામાં ઉપસ્થિત સભાસદોએ સર્વસંમતિથી નવા હોદ્દેદારોની પસંદગી કરી હતી. મંડળના પ્રમુખપદે બી.પી.કો. ઈન્ડસ્ટ્રીઝ એન્ડ ટુલ્સના ડાયરેક્ટર પ્રમિતભાઈ કે. પટેલની વરણી કરવામાં આવી હતી. આ ઉપરાંત મેનેજિંગ ટ્રસ્ટી તરીકે હૃદયનાથ એસ. પટેલ, વ્યવસ્થાપક સમિતિના અધ્યક્ષ તરીકે ભરતભાઈ એમ. અમીન, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન તરીકે નરેશચંદ્ર પી. નેમાણી તથા મંત્રી તરીકે ઉદયભાઈ એસ. પટેલ (એન એમ પી)ની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. મંડળના નવા હોદ્દેદારોએ તા. ૨૪ ઓગસ્ટ, ૨૦૨૬થી પોતાનો કાર્યભાર સંભાળી લીધો છે. તમામ હોદ્દેદારોની મુદત ત્રણ વર્ષની રહેશે. નવી ટીમની વરણી બાદ મંડળ નાં આજી માજી પદાધિકારીઓ જસ્મીન દેસાઈ, ભુપેન્દ્ર અમીન અને સભાસદો તથા શૈક્ષણિક ક્ષેત્રના આચાર્યો, અગ્રણીઓએ નવા હોદ્દેદારોને શુભેચ્છાઓ પાઠવી હતી.

બીલીમોરા વિભાગ કેળવણી મંડળ દ્વારા આગામી ત્રણ વર્ષ દરમિયાન શૈક્ષણિક ક્ષેત્રને વધુ મજબૂત બનાવવાની સાથે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ, ગુણવત્તાયુક્ત શિક્ષણ અને સેવાકીય પ્રવૃત્તિઓને વધુ વેગ મળે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે.

## સાપુતારાનાં મોન્સૂન ફેસ્ટિવલમાં વિધાર્થીઓ બોલાવવાની નોબત!



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૨૫ :** રાજ્યના એકમાત્ર ગિરિમથક સાપુતારા ખાતે પ્રવાસીઓને આકર્ષવા માટે પ્રવાસન વિભાગ દ્વારા કરોડો રૂપિયાના ખર્ચે ૨૦ દિવસીય મોન્સૂન ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યુ છે.જોકે, ફેસ્ટિવલમાં આયોજકો દ્વારા ઉમદા અને આકર્ષક કાર્યક્રમોનું આયોજન કરવામાં ન આવતા સોમવારે કાર્યક્રમમાં દર્શકોની પાંખી હાજરી જોવા મળી હતી.પરિણામે કાર્યક્રમને ભરચક બતાવવા માટે સાપુતારા સહીત આસપાસની શાળાઓનાં વિદ્યાર્થીઓને બોલાવવાની નોબત આવતા સમગ્ર આયોજન સામે સવાલો ઉઠ્યા છે.મળતી માહિતી મુજબ સાપુતારા ખાતે પ્રવાસન વિભાગ દ્વારા આયોજીત મોન્સૂન ફેસ્ટિવલનું ભવ્ય આયોજન કરવામાં આવ્યુ છે.ફેસ્ટિવલ ૨૦ દિવસ સુધી ચાલવાનો છે અને તેનો મુખ્ય હેતુ સાપુતારામાં પ્રવાસીઓની સંખ્યા વધારવાનો તેમજ ગુજરાતની સાંસ્કૃતિક વિરાસતને પ્રોત્સાહન આપવાનો છે. પરંતુ ફેસ્ટિવલ દરમિયાન રોજબરોજ યોજાનારા કાર્યક્રમોમાં અપેક્ષા મુજબનું વૈવિધ્ય જોવા મળતુ ન હોવાની પ્રવાસીઓમાં ચર્ચા છે.-વાસીઓના જણાવ્યા મુજબ અનેક કાર્યક્રમોમાં સ્થાનિક કલા, લોકસંસ્કૃતિ અને આદિવાસી પરંપરાઓને પૂરતું સ્થાન આપવાને બદલે પશ્ચિમી સંગીત તથા ગરબાની ધૂન પર વધુ ભાર મૂકવામાં આવી રહ્યો છે. પરિણામે કાર્યક્રમમાં કલાકારો દ્વારા મનોરંજન કરાવવાને બદલે ઉપસ્થિત દર્શકોને જ ગરબા સહિતના કાર્યક્રમોમાં જોડવામાં આવતા હોવાની ચર્ચા છે. કરોડોના ખર્ચે યોજાતા ફેસ્ટિવલમાં કાર્યક્રમોની ગુણવત્તા અને આયોજન અંગે હવે પ્રવાસીઓમાં નારાજગી જોવા મળી રહી છે. ત્યારે ચાલુ વર્ષે પ્રવાસન વિભાગ દ્વારા આયોજિત મોન્સૂન ફેસ્ટિવલમાં જાણીતા કલાકારો તેમજ વિવિધ પ્રકારની સાંસ્કૃતિક કૃતિઓનો અભાવ જોવા મળતા પ્રવાસીઓમાં નિરાશા જોવા મળી રહી છે.ખાસ કરીને સાપુતારાની આગવી આદિવાસી સંસ્કૃતિ, લોકકલા અને લોકસંગીતને વધુ પ્રાધાન્ય આપવામાં આવે તેવી પ્રવાસીઓની માંગ ઉઠી છે.કરોડો રૂપિયાનું આંધણ કરીને યોજાતા ફેસ્ટિવલનો મુખ્ય હેતુ માત્ર કાર્યક્રમ યોજવાનો નહીં પરંતુ સાપુતારાને પ્રવાસન નકશા પર વધુ આકર્ષક બનાવવાનો હોવો જોઈએ. ત્યારે ફેસ્ટિવલના બાકીના દિવસોમાં આયોજકો વધુ ગુણવત્તાસભર અને વૈવિધ્યસભર કાર્યક્રમો યોજી પ્રવાસીઓની અપેક્ષાઓ પર ખરા ઉતરે છે કે કેમ તે જોવુ જ રહ્યુ.



આઝાદી પર્વના પખવાડામાં સંત નિરંકારી ચેરિટેબલ ફાઉન્ડેશને દાંતીમાં નાનીદાંતી સ્થિત સંત નિરંકારી સત્સંગ ભવનની આસપાસ ૩૦ છોડ, ડુંગરીમાં ઉટડી રોડ સ્થિત સંત નિરંકારી સત્સંગ ભવનની આસપાસ ૧૦ છોડ, બીલીમોરામાં ચીખલી-સમરોલી સ્થિત સંત નિરંકારી સત્સંગ ભવનની આસપાસ ૫૦ છોડ, નવસારીમાં ગ્રીડ રોડ પાસે આવેલ આમ્રકુંજ સોસાયટીના પટઆંગણની આસપાસ ૧૬ છોડ લગાવવામાં આવ્યા હતા.

## ગણદેવી મહિલા મંડળ દ્વારા શ્રાવણ પર્વે સ્પર્ધા યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)




**ગણદેવી, તા. ૨૫ :** ગણદેવી શહેર ખાતે છેલ્લા ૧૫ વર્ષથી સક્રિય એવા વિવિધ સેવાકીય અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ કરતી મહિલા મંડળ એ શ્રાવણ મહિને વ્રતધારી બાલિકાઓને પ્રોત્સાહન કરવા રામજી મંદિરે રવિવારે વિવિધ સ્પર્ધાઓ યોજી હતી જેમાં વેશભૂષા, સાડી પરીધાન અને ભજન સ્પર્ધા યોજી હતી. જેમાં ગ્રુપ એ૧ માં ઝાંસી ની રાણી પ્રથમ અનવી શાહ અને ગ્રુપ એ-૨ માં મિસ્ટી રાજુભાઈ પટેલ, ગ્રુપ બી સાડી પરીધાન માં પ્રથમ ભારતી પટેલ, ગ્રુપ સી માં -થમ ભાવિની શાહ વિજેતા થઈ હતી. આ પ્રસંગે મહિલા મંડળના પ્રમુખ રશ્મિકાબેન ગજીવાલા, મંત્રી ઉમાબેન પટેલ, ઉપપ્રમુખ માર્ગીબેન નાયક, ટ્રેઝરર અલ્પાબેન પટેલની ટીમ દ્વારા મુખ્ય મહેમાનોમાં લીનાબેન વૈદ્ય, દિપકભાઈ દેસાઈ, લાયન્સ પ્રમુખ જીજ્ઞાબેન વૈદ્ય, સહિત મહેમાનોનું પુષ્પો દ્વારા સ્વાગત કરી બાલિકાઓના કૌશલ્યને વધાવી લીધા હતા.

## વાંસદાની પ્રતાપ હાઈ.માં સંસ્કૃત ગૌરવ યાત્રા યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)




**વાંસદા, તા. ૨૫ :** સંસ્કૃત ભાષાના પ્રચાર-પ્રસાર, સંવર્ધન અને ભારતીય સંસ્કૃતિના ગૌરવને જન-જન સુધી પહોંચાડવાના ઉમદા હેતુ સાથે પ્રતાપ હાઈસ્કૂલ, વાંસદા દ્વારા ભવ્ય સંસ્કૃત ગૌરવ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.

સંસ્કૃત ગૌરવ યાત્રામાં શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ સંસ્કૃત ભાષાની મહત્તા દર્શાવતા વિવિધ બેનરો, પોસ્ટરો અને સંદેશાઓ સાથે યાત્રામાં જોડાઈને સંસ્કૃત ભાષા પ્રત્યેનો પોતાનો પ્રેમ અને ગૌરવ વ્યક્ત કર્યો હતો. સમગ્ર યાત્રા દરમિયાન સંસ્કૃતમય વાતાવરણ સર્જાયું હતું. આ પ્રસંગે વિદ્યાર્થીઓને સંબોધતા શાળાના આચાર્ય જયદીપસિંહ ચંદ્રસિંહ પરમારએ જણાવ્યું હતું.

શાળાના શિક્ષકમિત્રોના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ શિસ્તબદ્ધ રીતે યાત્રામાં ભાગ લીધો હતો. યાત્રાએ ઉપસ્થિત સૌમાં સંસ્કૃત ભાષા અને ભારતીય સંસ્કૃતિ પ્રત્યે ગૌરવની લાગણી જગાવી હતી. પ્રાંત અધિકારી એ રેલીનું પ્રસ્થાન કરાવ્યું સાથે મામલતદાર તાલુકા પંચાયત પ્રમુખ ઉપપ્રમુખ વાંસદા તાલુકા કેળવણી મંડળના પ્રમુખ નટવરલાલ પંચાલ પ્રદ્યુમનસિંહ સોલંકી ભુપેન પટેલ તેમજ વાંસદા સરકારી કોલેજના પ્રોફેસર ડી.ઈ ઓ કચેરીના વિમલભાઈ ડાયટના લેક્ચરની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૨૬-૦૮-૨૦૨૬, **વાર :** બુધવાર **તિથિ :** શ્રાવણ, ચૌદસ, **સૂર્યોદય :** ૦૬ : ૨૩ **સૂર્યાસ્ત** ૦૬ :૫૯, **ચંદ્રોદય** - ૦૬:૦૦ **ચંદ્રાસ્ત** - ૦૫:૨૧ **ચંદ્ર રાશિ :** મકર, **નક્ષત્ર** - શ્રવણ

### આજનું રાશિભવિષ્ય

**મેષ (અ, લ, ઈ) :** આજે તમારી ધીરજની કસોટી થઈ શકે છે. કાર્યસ્થળ પર જવાબદારીઓ વધવાથી દોડધામ રહેશે. ઉતાવળમાં કોઈ પણ નાણાકીય નિર્ણય લેવાનું ટાળવું.

**વૃષભ (બ, વ, ઉ) :** તમારા અટકેલા કાર્યો ફરી ગતિ પકડશે. વેપારમાં પ્રગતિની તકો છે. પારિવારિક વાતાવરણ સુખદ રહેશે, પરંતુ અચાનક ખર્ચ વધવાની સંભાવના છે.

**મિથુન (ક, ઘ, ચ) :** જૂના મતભેદો દૂર થશે અને માનસિક શાંતિનો અનુભવ કરશો. નાણાકીય બાબતોમાં સાવધાની રાખવી. કોઈપણ પ્રકારના મોટા રોકાણ માટે સમય અનુકૂળ નથી.

**કર્ક (ડ, હ) :** ભાગીદારીના વેપારમાં સાવધાન રહેવું. પારિવારિક જીવનમાં સુમેળ જળવાઈ રહેશે. આજે તમને કોઈ નવી અને સારી તક મળી શકે છે.

**સિંહ (મ, ટ) :** વ્યવસાયિક ક્ષેત્રે સફળતા મળશે, પરંતુ માનસિક તણાવથી દૂર રહેવું. આજે આરામ કરવો અને સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું ફાયદાકારક રહેશે.

**કન્યા (પ, ઠ, ણ) :** આજે કોઈ મહત્વપૂર્ણ અને સાર્થક નિર્ણય લઈ શકો છો. બિનજરૂરી ખર્ચ પર કાબૂ રાખવો. અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે સમય સારો છે.

**તુલા (ર, ત) :** સામાજિક સંબંધોમાં ધીરજ રાખવાની જરૂર છે. જીવનસાથી સાથે વિવાદ ટાળવો અને વાણીમાં સંયમ રાખવો. સ્વાસ્થ્ય પ્રત્યે બેદરકાર ન રહેવું.

**વૃશ્ચિક (ન, ય) :** આર્થિક દ્રષ્ટિએ દિવસ થોડો પડકારજનક રહેશે. વાહન ચલાવતી વખતે વિશેષ સાવચેતી રાખવી. ગુસ્સા પર નિયંત્રણ રાખવું તમારા માટે હિતાવહ છે.

**ધન (ભ, ધ, ફ, ઢ) :** તમારી આર્થિક સ્થિતિને મજબૂત બનાવવા માટે પ્રયત્નો કરશો. આજે કોઈ કિંમતી વસ્તુ ખરીદતા પહેલા વડીલોની સલાહ લેવી. પોતાની જાત પર વિશ્વાસ રાખવો.

**મકર (ખ, જ) :** તમારી રાશિમાં ચંદ્રનું ગોચર થઈ રહ્યું છે. અગાઉ કરેલા કાર્યોના સારા પરિણામો આજે મળશે. કોઈ જૂની ચિંતામાંથી મુક્તિ મળશે.

**કુંભ (ગ, સ, શ, ષ) :** વ્યવસાયિક બાબતોમાં કોઈ પર આંધળો વિશ્વાસ ન કરવો. વધતા ખર્ચને લીધે માનસિક દબાણ અનુભવાય. ધીરજ રાખીને પરિસ્થિતિને સંભાળવી.

**મીન (દ, ચ, થ, ઝ) :** આત્મવિશ્વાસમાં વધારો થશે. વેપારમાં અટકેલા નાણાં પરત મળી શકે છે. પરિવાર સાથે સમય વિતાવવો લાભદાયી રહેશે અને માનસિક શાંતિ મળશે.

## દમણ રેડિયો

आकाशवाणी

**102.3 FM**

બુધવાર

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

## સુડોકુ નં.૬૬૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 7 | 5 | | | | 9 | 2 | |
| 2 | | 9 | | | | 3 | | 5 |
| | 1 | | | 9 | | | 4 | |
| 6 | | | 3 | | 4 | | | 8 |
| | | | 5 | | 7 | | | |
| 5 | | | 1 | | 9 | | | 6 |
| | 2 | | | 4 | | | 8 | |
| 7 | | 8 | | | | 2 | | 4 |
| | 5 | 4 | | | | 6 | 7 | |

અહીં એક ચોકઠું આપ્યું છે
જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૬૬૦નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | 4 | 2 | 8 | 5 | 7 | 6 | 3 | 1 |
| 1 | 5 | 7 | 2 | 6 | 3 | 8 | 4 | 9 |
| 8 | 3 | 6 | 4 | 1 | 9 | 5 | 2 | 7 |
| 7 | 6 | 3 | 1 | 9 | 2 | 4 | 5 | 8 |
| 5 | 8 | 1 | 6 | 7 | 4 | 2 | 9 | 3 |
| 2 | 9 | 4 | 5 | 3 | 8 | 7 | 1 | 6 |
| 6 | 2 | 5 | 9 | 8 | 1 | 3 | 7 | 4 |
| 4 | 7 | 9 | 3 | 2 | 6 | 1 | 8 | 5 |
| 3 | 1 | 8 | 7 | 4 | 5 | 9 | 6 | 2 |

## વાપીની જ્ઞાનધામ સ્કૂલમાં ક્વિઝ સ્પર્ધા યોજાઈ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૫ :** વાપીની શ્રીમતી સાન્દ્રાબેન શ્રોફ જ્ઞાનધામ સ્કૂલ ખાતે શનિવારે સંસ્કૃતિ સહોદયા ઈન્ટર-સ્કૂલ ક્વિઝ કોમ્પિટિશન ‘જ્ઞાનોત્સવ-૨૦૨૬’નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. સવારે ૮થી બપોરે ૨ વાગ્યા સુધી યોજાયેલી આ સ્પર્ધામાં સંસ્કૃતિ સહોદયા સાથે સંકળાયેલી ૧૩ શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.કાર્યક્રમની શરૂઆત લેખિત સ્ક્રીનિંગ રાઉન્ડથી થઈ હતી. ત્યારબાદ પસંદગી પામેલી ટીમો વચ્ચે ત્રણ અલગ-અલગ વયજૂથમાં મુખ્ય ક્વિઝ સ્પર્ધા યોજાઈ હતી. કાર્યક્રમના પ્રારંભે હેડ બોય અથર્વ ભટ્ટ અને આસિસ્ટન્ટ હેડ બોય ઋષિ સવાણીએ સ્વાગત પ્રવચન આપી ‘સંગચ્છધ્વં સંવદધ્વં’ના ભાવ સાથે સૌ સાથે મળીને આગળ વધવા અને શીખવાનો સંદેશ આપ્યો હતો.

ચેરપર્સન સાન્દ્રા શ્રોફ, પૂર્વ આચાર્યા અચલા જોશી અને આચાર્ય પ્રવીણ સુબ્રમણ્યમ દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. ત્યારબાદ જ્ઞાનધામ ડાન્સ ટ્રુપ દ્વારા ભગવાન ગણેશની સુંદર નૃત્ય પ્રસ્તુતિ કરવામાં આવી હતી. આચાર્ય પ્રવીણ સુબ્રમણ્યમે પ્રેરણાદાયી સંબોધનમાં વિદ્યાર્થીઓને વિજય કરતાં જિજ્ઞાસા, ઝડપી વિચારશક્તિ, ટીમવર્ક અને શીખવાની ભાવનાને વધુ મહત્વ આપવા અનુરોધ કર્યો હતો. ગ્રુપ-૧ (ધોરણ ૫થી ૭)માં એલ.જી. હરિયા મલ્ટીપર્પઝ સ્કૂલે પ્રથમ સ્થાન મેળવ્યું હતું. શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, સલવાવ દ્વિતીય ક્રમે રહ્યું હતું, જ્યારે યજમાન શ્રીમતી સાન્દ્રાબેન શ્રોફ જ્ઞાનધામ સ્કૂલે તૃતીય સ્થાન મેળવ્યું હતું. જ્ઞાનધામની ટીમમાં ધોરણ-૬ની અનુશ્રી ગર્ગ અને ધોરણ-૭ની હીવા બિમલ ગુઢકા સામેલ હતી.

ગ્રુપ-૨ (ધોરણ ૮થી ૧૦)માં એલ.જી. હરિયા મલ્ટીપર્પઝ સ્કૂલે પ્રથમ સ્થાન મેળવ્યું હતું. જ્ઞાનધામ સ્કૂલના વીર રિપન ટચક (ધોરણ-૯) અને અથર્વ આશિષ પટેલ (ધોરણ-૧૦)ની ટીમે દ્વિતીય સ્થાન મેળવ્યું હતું, જ્યારે શ્રી જૈન યુવક મંડળ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલે તૃતીય સ્થાન મેળવ્યું હતું.

ગ્રુપ-૩ (ધોરણ ૧૧ અને ૧૨)ની સિનિયર કેટેગરીમાં યજમાન જ્ઞાનધામ સ્કૂલે શાનદાર પ્રદર્શન કરી પ્રથમ સ્થાન મેળવી ગૌરવ વધાર્યું હતું. ધોરણ-૧૧ના વિશ્વમ યોગેશ કાલસરીયા અને ધોરણ-૧૨ના ખંજન દિવ્યેશ પટેલની ટીમે વિજેતા બની હતી. પોદાર ઈન્ટરનેશનલ સ્કૂલે દ્વિતીય અને એલ.જી. હરિયા મલ્ટીપર્પઝ સ્કૂલે તૃતીય સ્થાન મેળવ્યું હતું.

વિજેતા વિદ્યાર્થીઓને આચાર્ય પ્રવીણ સુબ્રમણ્યમના હસ્તે મેરિટ સર્ટિફિકેટ અને ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. સમાપન પ્રસંગે આચાર્યએ તમામ સ્પર્ધકોની તૈયારી, રમતિયાળ ભાવના અને માનસિક ચપળતાની પ્રશંસા કરી હતી. સાથે જ ૧૩ શાળાના એસ્કોર્ટિંગ શિક્ષકોના સહકાર બદલ આભાર વ્યક્ત કર્યો હતો અને આયોજન સમિતિની સુવ્યવસ્થિત કામગીરીને બિરદાવી હતી.સમગ્ર કાર્યક્રમનું સંકલન સરોજા બિલગી અને નીતિન વૈષ્ણવના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. અંતે નીતિન વૈષ્ણવ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. આમ, ‘જ્ઞાનોત્સવ-૨૦૨૬’ જ્ઞાન, બુદ્ધિમત્તા, ટીમવર્ક અને સહિયારા શિક્ષણની ભાવનાને ઉજાગર કરતો સફળ કાર્યક્રમ બની રહ્યો હતો.

## ચણવઈ આરોગ્ય કેન્દ્રમાં ચેકઅપ કેમ્પ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૫ :** પ્રધાનમંત્રી સુરક્ષિત માતૃત્વ અભિયાન ( PMSMA ) હેઠળ દરેક માસની તારીખ ૯ અને ૨૪ તારીખના રોજ દરેક સગર્ભા માતાની ANC પ્રોફાઈલની દરેક તપાસ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે કરવાની રહે છે .જે સંદર્ભમાં આજરોજ Holistic Approach ના રૂપે શારીરિક અને રક્ત પરીક્ષણની આગવી તપાસ સાથે અગ્નિહોત્ર યજ્ઞ, યોગ, આહાર, વિહાર, પ્રાણાયામ દરેક સગર્ભા માતાને એનું જ્ઞાન પ્રાયોગિક રૂપે આપવામાં આવ્યું. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ચણવાઈના વિસ્તારના સગર્ભા માતા ANC તનુજાબેન અને તેમની ટીમ મારફત Divine Health નું સઘન કાર્ય - સગર્ભા અવસ્થા દરમ્યાનના યોગ અને અગ્નિહોત્ર યજ્ઞનું પ્રાયોગિક અમલીકરણ થયું. જે માતા અને બાળકના આરોગ્ય માટે વિશેષ સુખાકારી પગલાં રૂપે હિતકારી છે. ખોરાક સબંધિત પોષણ સેતુની માહિતી પણ આપવામાં આવી. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ચણવઈ નજીકના બ્રહ્માકુમારી કેન્દ્ર ચણવઈ તરફથી સગર્ભા માતાઓને રાખડી પણ બાંધવામાં આવી .માતૃ અને બાળ આરોગ્યની સુખાકારી માટે Holistic Approach એક નવી પહેલ કરવામાં આવી. પોષણના ભાગ રૂપે સગર્ભા માતાઓને પ્રોટીન supplement રૂપે ચણાના પેકેટ પણ વિના મૂલ્યે આપવામાં આવ્યાં. કેન્દ્ર સરકારની PMSMA યોજના હેઠળ સગર્ભા માતાની તંદુરસ્તી અંગે વિશેષ લાભ મળે છે.

## ભારત ભારતી દ્વારા ઉજવણીના કાર્યક્રમ અંગે બેઠક મળી

## દમણમાં સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતિ ઉજવાશે



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૨૫ :** સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિની ભવ્ય અને ઐતિહાસિક ઉજવણી સુનિશ્ચિત કરવા માટે ભારત ભારતીની એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. બેઠકમાં સિમ્પલ ટંડેલ, સત્યેન્દ્ર કુમાર અને અન્ય લોકો હાજર રહ્યા હતા. આ બેઠકમાં દેશભરના વિવિધ રાજ્યોમાંથી સામાજિક, સાંસ્કૃતિક અને અન્ય ક્ષેત્રોના અગ્રણી વ્યક્તિઓએ હાજરી આપી હતી. રાષ્ટ્ર નિર્માણમાં સરદાર પટેલના યોગદાન અને તેમના વિચારોનો લોકો સુધી પ્રસાર, તેમજ ૧૫૦મી જન્મજયંતિની ઉજવણીનું ભવ્ય આયોજન કરવાની જરૂરિયાત સહિત વિવિધ વિષયો પર ચર્ચા કરવામાં આવી હતી.બેઠકમાં હાજર પ્રતિનિધિઓએ કાર્યક્રમને સફળ બનાવવા માટે પોતાના સૂચનો અને વિચારો શેર કર્યા. રાષ્ટ્રની એકતા, અખંડિતતા અને રાષ્ટ્રીય ભાવનાને મજબૂત બનાવવા માટે સરદાર પટેલના આદર્શોને યુવા પેઢી સુધી ફેલાવવા પર પણ ભાર મૂકવામાં આવ્યો.

ભારત ભારતીના અધિકારીઓએ જણાવ્યું હતું કે સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતિ ફક્ત યાદ કરવાનો પ્રસંગ નથી, પરંતુ સમાજના દરેક વર્ગ સુધી રાષ્ટ્રીય હિત અને એકતાનો સંદેશ ફેલાવવાની એક મહત્વપૂર્ણ તક છે.

## વાપીમાં વિવિધ મંડળો દ્વારા ગણેશોત્સવની તૈયારીઓ આરંભી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૫ :** સમગ્ર દેશમાં આગામી ૧૪ સપ્ટેમ્બરના રોજ ગણેશ ચતુર્થી પર્વની ઉજવણીને લઈને વાપી પંથકમાં ગણેશોત્સવની તૈયારીઓનો ધમધમાટ શરૂ થઈ ગયો છે. વિવિધ સાર્વજનિક ગણેશ મંડળો તેમજ સોસાયટીઓ દ્વારા ગણેશજીની સ્થાપના માટે મંડપો બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. સાથે જ અનેક મંડળોએ અગાઉથી બુક કરાવેલી ગણેશજીની પ્ર-તિમાઓ વાપી ખાતે લાવવાની શરૂઆત કરી દીધી છે. ગણેશજીની પ્રતિમાઓને લઈને રાજ્ય સરકાર દ્વારા પર્યાવરણને ધ્યાનમાં રાખીને નવ ફૂટથી વધુ ઊંચાઈ ધરાવતી તેમજ પીઓપીની પ્રતિમાઓ પર -તિબંધ મૂકવામાં આવ્યો છે. આ ઉપરાંત નાની ગણેશ પ્રતિમાઓના વિસર્જન માટે કૃત્રિમ તળાવ સહિતની વ્યવસ્થા કરવાની તૈયારીઓ પણ હાથ ધરવામાં આવી રહી છે, જેથી તહેવાર દરમિયાન પર્યાવરણને નુકસાન ન થાય. તેની ખાસ ધ્યાન ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડના અધિકારીઓ તેમજ સ્થાનિક વહીવટી તંત્ર પણ નજર રાખી રહ્યું છે.

વાપીના કેટલાક મોટા ગણેશ મંડળો દ્વારા ૧૧ દિવસ સુધી ગણેશજીની સ્થાપના કરવામાં આવે છે. આવા મંડળોએ મહારાષ્ટ્ર, પૂણે તેમજ અમદાવાદ અને સુરત સહિતના વિસ્તારોમાંથી પોતાની પસંદગીની ગણેશજીની પ્રતિમાઓ અગાઉથી બુક કરાવી હતી. હવે આ પ્રતિમાઓ વાપી ખાતે વાજતે ગાજતે અને ભારે હર્ષ સાથે વાપી પહોંચી રહી છે અને મંડળના સ્થળે ડેકોરેશન અને અન્ય તૈયારીઓમાં કાર્યકરો વ્યસ્ત બન્યા છે. ગણેશ ચતુર્થીને હવે ગણતરીના દિવસો બાકી હોવાથી આગામી દિવસોમાં વાપી શહેર અને આસપાસના વિસ્તારોમાં ગણેશોત્સવની તૈયારીઓ વધુ વેગ પકડે તેવી શક્યતા છે.

## ભીમપોરમાં સ્વચ્છતા અભિયાન યોજાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૨૫ :** પ્રશાસક પ્રફુલભાઈ પટેલના ૧૦ વર્ષના સ્વચ્છતા અને વિકાસલક્ષી કાર્યકાળ દરમિયાન દમણમાં સ્વચ્છતા, સુંદરતા અને જાહેર સુવિધાઓના ક્ષેત્રે થયેલા પ્રયાસોને જનભાગીદારી સાથે આગળ વધારવાના સંકલ્પ સાથે ભીમપોર ગ્રુપ ગ્રામ પંચાયત દ્વારા “Clean Silver Industrial Estate – Clean Bhimpore – Clean Daman” અભિયાન અંતર્ગત Silver Industrial Estate, Bhimpore ખાતે વિશાળ સ્વચ્છતા અભિયાન યોજાયું. ભીમપોર ગ્રુપ ગ્રામ પંચાયતના સરપંચ ઉદય પટેલના આહ્વાન પર યોજાયેલા આ અભિયાનમાં Silver Industrial Estate, Bhimporeના ૧૫૦ થી વધુ સફાઈ કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ ઉપરાંત Silver Industrial Estateમાં આવેલી વિવિધ IndustriesÞë Owners, Management તથા Authorized Representatives પણ અભિયાનમાં જોડાયા અને સ્વચ્છતા કાર્યમાં સક્રિય સહયોગ આપ્યો. ભીમપોર ગ્રુપ ગ્રામ પંચાયતના તમામ સભ્યો પણ ઉપસ્થિત રહી અભિયાનમાં સહભાગી બન્યા. સરપંચ ઉદય પટેલે જણાવ્યું હતું કે, સ્વચ્છતા માત્ર પંચાયતની જવાબદારી નથી, પરંતુ ઉદ્યોગો, કામદારો અને સમગ્ર સમાજની સામૂહિક જવાબદારી છે.

સૌના સહયોગથી જ સ્વચ્છ અને સુંદર ભીમપોર તથા દમણનું નિર્માણ શક્ય છે આ સ્વચ્છતા અભિયાનને સફળ બનાવવા માટે સહયોગ આપનાર Silver Industrial Estateની તમામ Industries Owners, Management, Authorized Representatives તથા ૧૫૦ થી વધુ સફાઈ કર્મચારીઓનો ભીમપોર ગ્રુપ ગ્રામ પંચાયત તરફથી હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો. આ અભિયાન દ્વારા ૧૦ વર્ષ સુશાસન અને સ્વચ્છર્તાના સંદેશ સાથે સ્વચ્છતા પ્રત્યે જનજાગૃતિ અને જનભાગીદારી વધારવાનો મહત્વપૂર્ણ પ્રયાસ કરવામાં આવ્યો હતો.

## વલસાડની કોલેજમાં કોમ્પ્યુટર સર્ટિફિકેટ વિતરણ કરાયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૫ :** શાહ એન. એચ. કોમ્પ્યુટર સર્ટીફીકેટ વિતરણ કાર્યક્રમ કોમર્સ કોલેજ, વલસાડ ખાતે કોમ્પ્યુટર સેન્ટર અંતર્ગત સર્ટીફીકેટ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં CCC અને UGC Approved Accounts Assistant કોમ્પ્યુટર કોર્ષ પૂર્ણ કરનાર વિદ્યાર્થીઓને સર્ટીફીકેટ એનાયત કરવામાં આવ્યા હતા.

કુ. સૃષ્ટિ, કુ. અર્ચના અને કુ. રોશની દ્વારા ખૂબ જ સુંદર રીતે પ્રાર્થના રજૂ કરી મા સરસ્વતી ની ઉપાસના દ્વારા કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. ચીફ ગેસ્ટ શૈલીબેન ઉપાધ્યાયે વિદ્યાર્થીઓને જણાવ્યું કે ડીગ્રી સાથે સ્કીલ પણ ખૂબ જ જરૂરી છે. તેમણે કોમ્પ્યુટર સેન્ટર દ્વારા શરૂ કરેલી સ્કીલ ડેવલપમેન્ટની શરૂઆતને આગળ વધારી, ટેકનિકલ જ્ઞાનનો પ્રેક્ટિકલ ઉપયોગ કરવા પ્રેરણા આપી. સાથે જ તેમણે વિદ્યાર્થીઓને ઈન્ટરવ્યુ માટે ઉપયોગી માર્ગદર્શન પણ આપ્યું. બીજા ચીફ ગેસ્ટ ડો. તન્વીબેન દેસાઈએ વિદ્યાર્થીઓને કોમ્પ્યુટરનો વિવિધ ક્ષેત્રોમાં થતો વ્યવહારુ ઉપયોગ સમજાવ્યો હતો અને ટેકનોલોજીનો યોગ્ય રીતે ઉપયોગ કરવા માટે પ્રેરિત કર્યા હતા. વિદ્યાર્થીઓ સ્મિત રાઠોડ, નિરાલી ચૌધરી, મો. વાસીક ખાન, વૈભવ ઢીમ્મર, નિશા મારવાડી અને કૃપા પટેલએ પોતાના અનુભવો વ્યક્ત કરતાં જણાવ્યું કે કોમ્પ્યુટર સેન્ટરના કોર્ષથી તેમ MS Office, Tally સહિતનું પ્રેક્ટિકલ જ્ઞાન મેળવવામાં ખૂબ મદદ મળી છે. આ સ્કીલ્સ તેમના અભ્યાસ સાથે ભવિષ્યની કારકિર્દી અને રોજગાર માટે પણ ઉપયોગી રહેશે. વિદ્યાર્થીઓએ આ સુંદર માર્ગદર્શન બદલ કોમ્પ્યુટર સેન્ટર હેડ હેલીબેન પાઠકનો આભાર વ્યક્ત કર્યો. ઈ. આચાર્ય વી. આર. ચાંપાનેરી સરે તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. તેમજ કોમ્પ્યુટર સેન્ટર હેડ હેલીબેન પાઠકને સફળતાપૂર્વક કોમ્પ્યુટર કોર્ષ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળતાપૂર્વક સંચાલન એમ. કોમ. પાર્ટ-૨ ના વૈભવ ઢીમ્મર અને ટી. વાય. બી.કોમ નિધિ લાડ દ્વારા કરવામાં આવ્યું હતું.

## વાપીની એલ.જી. હરિયા મલ્ટી પર્પઝ સ્કુલ ચિત્ર સ્પર્ધામાં ઝળકી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૫ :** વાપીની શ્રી.એલ.જી હરિયા મલ્ટી પર્પઝ સ્કૂલમાં નવમો કલાકાર(ચિત્રકલા )૨૦૨૬ ઈન્ટર સ્કૂલ પેઈન્ટિંગ અને પોસ્ટર કોમ્પિટિશન યોજવામાં આવ્યું. ૨૦, ઑગષ્ટ ૨૦૨૬ ના રોજ .શ્રી એલ.જી. હરિયા મલ્ટી પર્પઝ સ્કૂલમાં આ કલાકારચિત્ર સ્પર્ધામાં વલસાડ જિલ્લાની, કુલ ૧૮ સ્કૂલે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો, જેમાં કુલ ૧૦૮ વિદ્યાર્થીઓનું સુંદર પ્રદર્શન જોવા મળ્યું. સ્પર્ધાના વિજેતા વિદ્યાર્થીઓ પ્ર ગ્રુપ ૧- ધોરણ ૭ અને ૮ના વિદ્યાર્થીઓમાં, પ્રથમ ક્રમે- મોહિત રબારી, શ્રી વલ્લભ સંસ્કારધામ ડે બૉર્ડિંગ સ્કૂલ, પારડી. દ્વિતીય ક્રમે - આશુતોષ જાદવ, ફેલોશીપ મિશન સ્કૂલ, વાપી. તૃતીય ક્રમે - ગોલ્ડી શર્મા, સેન્ટ થોમસ ઈંગ્લીશ મીડીયમ સ્કૂલ, વાપી. ગ્રુપ ૨. - ધોરણ ૯ અને ૧૦ ના વિદ્યાર્થીઓમાં, પ્રથમ ક્રમે- વૈષ્ણવી પીપરીયા, વલ્લભ આશ્રમ એમ.સી . એમ,કોઠારી ઈન્ટરનેશનલ ગર્લ્સ સ્કૂલ,પારડી. દ્વિતીય ક્રમે- એંજલ પટેલ, સરસ્વતી ઈન્ટરનેશનલ સ્કૂલ, વલસાડ. તૃતીયક્રમે- હર્ષી પટેલ, સરસ્વતી ઈન્ટરનેશનલ સ્કૂલ વલસાડ. ગ્રુપ ૩- ધોરણ ૧૧ અને ૧૨નાં વિદ્યાર્થીઓમાં, પ્રથમ ક્રમે -ગ્રીષ્મા છેડા, લક્ષ્મી ઈન્ટરનેશનલ સ્કૂલ, સરીગામ. દ્વિતીય ક્રમે- દ્રષ્ટિ ટંડેલ, સરસ્વતી ઈન્ટરનેશનલ સ્કૂલ, વલસાડ. તૃતીય ક્રમે- હેતી પટેલ, વલ્લભ આશ્રમ એમ.જી. એમ,અમીન એન્ડ વી. એન. સવાણી સ્કૂલ,પારડી.. આ સ્પર્ધાના પ્રથમ ક્રમ પ્રાપ્ત કરનારને ૧૫૦૦ રૂપિયા કેશ, ટ્રોફી અને સર્ટિફિકેટ આપવામાં આવ્યા,દ્વિતીય ક્રમ પ્રાપ્ત કરનારને ૧૦૦૦ કેશ,ટ્રોફી અને સર્ટિફિકેટ આપવામાં આવ્યા, તૃતીયક્રમ -પ્રાપ્ત કરનારને ૫૦૦ કેશ, ટ્રોફી અને સર્ટિફિકેટ આપવામાં આવ્યા. સ્પર્ધાના ઈનામ વિતરણ સમારોહમાં શ્રી કૌશિક હરિયા એજ્યુકેશનલ ફાઉન્ડેશનના ચેરમેન એ. કે. શાહ, એસએમસી ચેરમેન ઉજ્જવલ શુક્લા, એસએમસી મેમ્બર શ્રી રાજેન્દ્ર પાલ મારવાહા, વગેરે અતિથિઓની હાજરીથી સમારંભની શોભા વધી હતી.શાળાના આચાર્ય બીન્ની પોલ તથા સ્ટાફ વતી વિજેતા વિદ્યાર્થીઓ તથા ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને અભિનંદન અને આશીર્વાદ પાઠવ્યા હતાં.

## ભાગડાખુર્દમાં પૂરગ્રસ્ત પરિવારને રૂા. ૪ લાખની સહાય કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૫ :** વલસાડ તાલુકાના ભાગડાખુર્દ ગામે પૂર હોનારતમાં અવસાન પામેલ શાંતિબેન ઘેલાભાઈ રાઠોડના પરિવારને ૪ લાખની સહાયનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો.

વલસાડ તાલુકાના ભાગડાખુર્દ ગામના વતની તથા હનુમાન ભાગડા ખાતે રહેતા શાંતિબેન ઘેલાભાઈ રાઠોડ (ઉંમર ૭૫ વર્ષ) નું પૂર હોનારત દરમિયાન દુઃખદ અવસાન થયું હતું. આ દુઃખદ ઘટનાને પગલે તેમના પરિવારને સહાયરૂપ થવાના હેતુથી ભારતીય જનતા પાર્ટી, ગુજરાત સરકાર તથા વહીવટી તંત્ર દ્વારા સહાય કરવામાં આવી છે. આજરોજ શાંતિબેનના પરિવારજનોને ૪ લાખ રૂપિયા નો સહાયનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો.આ પ્રસંગે ધારાસભ્ય ભરતભાઈ પટેલ, વલસાડ તાલુકા પંચાયત પ્રમુખ કિશોરભાઈ પટેલ, વલસાડ સરપંચ સંઘ પ્રમુખ વિનોદભાઈ પટેલ તથા ભાજપ યુવા મોરચા વલસાડ જિલ્લા ઉપપ્રમુખ મીતભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. દુઃખની આ ઘડીમાં શાંતિબેનના પરિવાર પ્રત્યે સૌએ સંવેદના વ્યક્ત કરી હતી અને પરિવારને સાંત્વના પાઠવી હતી.

## વાપીની આર. કે. દેસાઈ ગ્રુપ ઓફ કોલેજ દ્વારા ફ્રેશર્સ પાર્ટી યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૫ :** આર. કે. દેસાઈ ગ્રુપ ઓફ કોલેજ, વાપી દ્વારા પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓના સ્વાગત માટે કનુભાઈ દેસાઈ VIA હોલ, વાપી ખાતે ભવ્ય ફ્રેશર્સ પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે VIAના પ્રમુખ સતીશભાઈ પટેલ, ઉપપ્રમુખ મગનભાઈ સાવલિયા, સેક્રેટરી કલ્પેશભાઈ વોરા તથા એક્ઝિક્યુટિવ કમિટી સભ્ય સંજયભાઈ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા સાથે કલ્પેશભાઈ વોરાએ વિદ્યાર્થીઓને આશીર્વચન પાઠવી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા ડાન્સ, ડ્રામા અને સિંગિંગની વિવિધ સાંસ્કૃતિક રજૂઆતો કરવામાં આવી હતી. સાથે જ CR, LR તથા GS અને JSની જાહેરાત કરવામાં આવી હતી. આ ઉપરાંત Mr. Fresher અને Ms. Fresherની પસંદગી પણ કરવામાં આવી હતી.

સમગ્ર કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહ અને આનંદ સાથે ભાગ લીધો હતો. આ પ્રસંગે આર. કે. દેસાઈ ગ્રુપ ઓફ કોલેજના ચેરમેન મિલન દેસાઈ તથા કેમ્પસ ડાયરેક્ટર ડૉ. મિત્તલ શાહ દ્વારા તમામ પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

આ સમગ્ર ફ્રેશર્સ પાર્ટીનું આયોજન કોલેજની Cultural Committee દ્વારા કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ માટે આ કાર્યક્રમ નવી શરૂઆત અને સુંદર યાદો સાથેનો એક યાદગાર પ્રસંગ બની રહ્યો હતો.

## વલસાડ જિલ્લા નિવૃત્ત કર્મચારી સેવા મંડળની

## ભીલાડમાં કારોબારી સભા મળી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૫ :** વલસાડ જિલ્લા નિવૃત્તિ કર્મચારી સેવા મંડળની કારોબારી સભા, ભીલાડ- ઉમરગામ તાલુકાના કાર્યાલયમાં મળી હતી. ઉમરગામ તાલુકા નિવૃત્ત કર્મચારી સેવા મંડળના પ્રમુખ પરષોત્તમભાઈ કોળીએ મંચસ્થ મહાનુભાવોને તેમજ ઉપસ્થિત તમામ કારોબારી સભ્યશ્રીઓ મીઠો આવકાર આપી સન્માનિત કર્યા હતા. જિલ્લા પ્રમુખ ગણપતભાઈ પટેલે નવનીત તાલુકાના નવનિયુક્ત પદાધિકારીઓં-(૧) કપરાડા, પ્રમુખ બુધાભાઈ સોનજીભાઈ પવાર, મહામંત્રી લાલજીભાઈ રૂપજીભાઈ નિકુળિયા

(૨) નાનાપોંઢા, પ્રમુખ સાપુરભાઈ જીવણભાઈ પટેલ, મહામંત્રી સતિષભાઈ પટેલ (૩) વાપી મહાનગરપાલિકા, પ્રમુખ, અમૃતભાઈ વી. પટેલ, મહામંત્રી શાંતુભાઈ પટેલ તેમજ ત્રણેય તાલુકાઓના નવનિયુકત અન્ય પદાધિકારીઓ તેમજ કારોબારી સભ્યઓને પણ મીઠો આવકાર આપી સૌનાં વતી શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

ડુંગરી (તા. જિ. વલસાડ )ના નિવૃત્ત શિક્ષિકા કોકિલાબેન ગણપતભાઈ પટેલ તરફથી વલસાડ જિલ્લા નિવૃત કર્મચારી સેવા મંડળને રૂપિયા ૫૦૦૧/ દાન પેટે મળતાં જિલ્લા મંડળ તરફથી કોકિલાબેનનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. મહામંત્રી પ્રવીણભાઈ પટેલે ગત મિનિટસબુકનું વાંચન કર્યું હતું. નાણામંત્રી નટુભાઈ દેસાઈએ ત્રિમાસિક હિસાબ રજૂ કર્યો હતો જેને સૌએ બહાલી આપી હતી. પ્રમુખ ગણપતભાઈ પટેલે જિલ્લાનાં પડતર પ્રશ્નોનાં ઉકેલ માટે કરવામાં આવેલી કાર્યવાહી પર પ્રકાશ પાડ્યો હતો. સભાસદ તરફથી પૂછવામાં આવેલાં પ્રશ્નોનો વિગતે છણાવટપૂર્વક સંતોષકારક ઉત્તર આપતાં જલ્દી ઉકેલ લાવવાની ખાત્રી આપી હતી. જિલ્લાના નવા કાર્યાલય માટેનાં થતાં સૌનાં સહિયારા પ્રયત્નોની પ્રશંસા કરી હતી. વરસતા વરસાદી વાતાવરણમાં પણ આટલી મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા બદલ તમામ સદસ્યશ્રીઓનો કાર્યાધ્યક્ષ ભરતભાઈ પટેલે આભાર વ્યક્ત કર્યો હતો. રાષ્ટ્રગાનના અંતે સ્વરુચિ ભોજન લઈને ફરી મળવાની આશા સાથે સૌ વિખૂટા પડ્યા હતાં.

## વાપીમાં રાજસ્થાન પ્રગતિ મંડળ દ્વારા આરોગ્ય જાગૃતિ શિબિર યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૫ :** હાલમાં ફેલાતા મોસમી રોગોના નિવારણ અને સારવાર અંગે જાગૃતિ લાવવા માટે રવિવારે રાજસ્થાન ભવન ખાતે એક આરોગ્ય જાગૃતિ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

રાજસ્થાન પ્રગતિ મંડળ ચેરિટેબલ ટ્રસ્ટની આરોગ્ય અને કલ્યાણ સમિતિ દ્વારા આયોજિત, શિબિરમાં ખુલાસો થયો કે આપણા સ્વાસ્થ્યની ચાવી આપણા પોતાના હાથમાં છે. ટ્રસ્ટ દ્વારા સંચાલિત હોમિયોપેથિક ક્લિનિકના ઈન્ચાર્જ ડૉ. તનુ છાબરા એ સમજાવ્યું કે આ ઋતુ દરમિયાન આપણા આહાર અને દિનચર્યામાં સાવચેતી રાખીને, વાયરલ તાવ, ગળામાં દુખાવો, કફ, ઉધરસ અને શરીરમાં દુખાવો જેવી ઘણી બીમારીઓથી બચી શકાય છે. તેમણે હોમિયોપેથિક દવાઓ વિશે પણ માહિતી આપી હતી. જે કોઈપણ આડઅસર વિના સારવાર આપી શકે છે. ટ્રસ્ટ દ્વારા શિબિરમાં ભાગ લેનારાઓને તાવ, શરીરના દુખાવા અને રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે મફત દવાઓનું પણ વિતરણ કરવામાં આવ્યું. શિબિરના બીજા તબક્કામાં, મહિમા વિનય મહેશ્વરીએ એક્યુપ્રેશરના સિદ્ધાંતો, ફાયદા અને ઉપયોગો વિશે માહિતી આપી હતી.

શિબિરના સંયોજક સાજન સિંઘલે સૌનો આભાર વ્યક્ત કર્યો. શિબિરના લાભાર્થીઓએ તેમની પ્રશંસા વ્યક્ત કરી અને તેને અત્યંત ફાયદાકારક ગણાવી અને ભવિષ્યમાં પણ આવા કાર્યક્રમોનું આયોજન કરવા વિનંતી કરી.

## ધરમપુરમાં રાજીવ ગાંધીની જન્મજયંતિની ઉજવણી થઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)


**ધરમપુર, તા. ૨૫ :** તાલુકા કોંગ્રેસ કાર્યાલય ખાતે પૂર્વ વડાપ્રધાન અને ભારત રત્ન રાજીવ ગાંધીની જન્મજયંતિની ઉજવણી તાલુકા કોંગ્રેસ પ્રમુખ રાજેશભાઈ પટેલના નેતૃત્વ હેઠળ કરવામાં આવી હતી. કાર્યક્રમમાં કોંગ્રેસ આગેવાનો, તાલુકા પંચાયત સભ્યો, સરપંચો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. રાજીવ ગાંધીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી હતી. તાલુકા કોંગ્રેસ પ્રમુખ રાજેશભાઈ પટેલ, મહામંત્રી મુફીદ પઠાણ તથા વિરોધ પક્ષના નેતા દેવું મોકાસી સહિત આગેવાનોએ પુષ્પ અર્પણ કર્યા હતા.

કાર્યક્રમમાં રમેશભાઈ પાડવી, રસિક પટેલ, કિશન ચૌધરી, કુણાલ દંશોદી સહિત આગેવાનો, કાર્યકરો અને વિવિધ ગામોના સરપંચો ઉપસ્થિત રહ્યા હતા.

# દંભી દારૂબંધીનું, લાતો ખાઈને પણ પુંછડુ પકડી રાખનાર ગુજરાતના શાસકો, વાસ્તવિકતા ક્યારે સ્વીકારશે ?!

**વર્ષ ૧૯૪૯ને પકડીએ તો ગુજરાતમાં ૭૭ વર્ષથી શરાબબંધી અને ૧૯૬૦થી ગણીએ તો ૬૬ વર્ષથી, છતાં અમલમાં મીંડું : મહારાષ્ટ્ર રાજયએ જમીની હકીકતનો સ્વીકાર કરી રાજ્યમાં દારૂબંધીને પાટુ મારી દીધું : ગુજરાતને શરાબબંધીથી શું મળ્યું ? ભ્રષ્ટાચાર, લઠ્ઠાકાંડ, દારૂના વિકલ્પમાં માદક પદાર્થોની ભારે હેરાફેરી વગેરે : ગુજરાતમાં લઠ્ઠાકાંડમાં ૧૯૭૭થી ૨૦૨૬ સુધીમાં ૫૭૬ની ઠાઠડી : દારૂ, સામાજીક દૂષણ, તેને કાનૂનથી ડામી ન શકાય : ખોબલા જેવડા દમણને પ્રશાસક પ્રફુલભાઈ પટેલે વિશ્વ પ્રવાસ નકશામાં કંડાર્યુ જ્યારે ગુજરાતનો સમુદ્રતટ સ્મશાનવતી : ગુજરાતના શાસકો દારૂબંધી બાબત હકીકકત ક્યારે સ્વીકારશે ? : લો, આપણા દેશમાં મુખ્યમંત્રીઓ પણ છાપેલાં કાટલાં : જાણે લોકશાહીના મંદિરોને અભડાવવાની**

## દમણગંગાના તીરેથી



- પ્રવિણસિંહ પરમાર
(વરિષ્ઠ પત્રકાર, વાપી)
મો. નં. ૯૮૨૫૧ ૫૦૯૯૯

ગુજરાતની દંભી દારૂબંધી સંદર્ભમાં અમે અત્યાર સુધીમાં સંખ્યાબંધ લેખો લખ્યાં છે અને દારૂબંધીની આડપેદાશો ગુજરાતને જુદા જુદા ક્ષેત્રોમાં કેટલું નુકશાન પહોંચાડી રહેલ છે તેની પણ વિગતે ચર્ચા કરેલી છે.

આજે આપણે ગુજરાતની દારૂબંધી અંગે એક ઉડતી નજર નાંખી જઈએ.

ગુજરાત એન મહારાષ્ટ્ર સાથેના મુંબઈ રાજ્યમાં વર્ષ ૧૯૪૯માં બોમ્બે પ્રોહીબીશન ધારો ૧૯૪૯ અમલમાં મુકાયો હતો. સમગ્ર મુંબઈ રાજ્યમાં સંપૂર્ણ દારૂબંધી ૧લી એપ્રિલ ૧૯૫૦થી લાગુ કરાઈ હતી જે મુજબ, ગુજરાત - મહારાષ્ટ્ર સહીતના મુંબઈ રાજયમાં દારૂના ઉત્પાદન, વેચાણ અને પીવા પર પ્રતિબંધ લાદવામાં આવ્યો હતો.

વર્ષ ૧૯૬૦માં મુંબઈ રાજયમાંથી ગુજરાત અને મહારાષ્ટ્ર અલગ થયાં આમ છતાં આ બંને રાજ્યો ૧૯૪૯ના દારૂબંધી ધારાના અમલ માટે બંધાયેલાં હતાં.

મહારાષ્ટ્ર રાજયના શાસકોએ અલગ થયાં પછી દારૂબંધી બાબતમાં વ્યવહારિક વલણ અપનાવવા માંડ્યું. વર્ષ ૧૯૬૦ પછી મહારાષ્ટ્ર રાજ્યએ તબક્કાવાર દારૂબંધી હઠાવવાની શરૂઆત કરવા માંડેલી. વર્ષ ૧૯૭૨માં મહારાષ્ટ્રએ દારૂ પીવા માટે પરમીટ સિસ્ટમ દાખલ કરેલી. જો કે, આ રાજ્યએ ૧૯૪૯નો પ્રોહીબીશન ધારો નાબુદ નહોતો કર્યો, પરંતુ લાયસન્સ - પરમીટ પ્રથા દ્વારા દારૂબંધી હળવી કરવાના શ્રીગણેશ કર્યા હતાં. એ પહેલાં મહારાષ્ટ્રએ વર્ષ ૧૯૬૮માં બિયર-તાડીને પ્રોહીબીશનમાંથી મુક્તિ આપી હતી. વર્ષ ૧૯૭૨માં દારૂના શોખીનો માટે મહારાષ્ટ્રએ પરમીટ રૂમમાં દારૂ પીવાની સગવડતા કરી આપી અને એ પછીની વાત જગજાહેર છે. મહારાષ્ટ્રમાંથી આજની તારીખે દારૂબંધી ભૂતકાળની વાત બની ગયેલ છે.

ગુજરાતમાં ૧૯૪૯ના વર્ષને ગણતરીમાં લઈએ તો છેલ્લાં ૭૭ વર્ષથી દારૂબંધી અમલમાં છે અને ૧૯૬૦માં ગુજરાત , મુંબઈ રાજયથી અલગ થયું ત્યારની ગણતરી માંડીએ તો, નિષ્ફળ દારૂબંધી છેલ્લાં ૬૬ વર્ષથી છે !

દારૂબંધીની આડપેદાશમાં તેના અમલમાં ભ્રષ્ટાચાર, લઠ્ઠાકાંડ, દારૂના વિકલ્પમાં માદક પદાર્થોના રવાડે ચઢતું યુવાધન વગેરે ગણી શકાય.

ગુજરાતમાં દારૂબંધીના પાપે લઠ્ઠાકાંડ પર નજર કરીએ તો વર્ષ ૧૯૭૭માં અમદાવાદમાં લઠ્ઠાકાંડમાં ૧૦૧ની ઠાઠડી નીકળેલી. ૧૯૮૧માં અમદાવાદમાં જ ઝેરી દારૂ પીવાના કારણે ૪૦ શ્રમિકો નનામિભેગા થયેલા. ૧૯૮૫માં સુરત ઉદ્યોગ વિસ્તારમાં ૩૦થી વધુ મજુરો ચિતાભેગા થયેલાં. ૧૯૮૯માં વડોદરા ગ્રામીણ ક્ષેત્રમાં ઝેરી દારૂથી ૧૩૫ કમનસીબો અગ્નિભગાં થઈ ગયેલાં. ૨૦૦૬માં ભરુચ અને અંકલેશ્વરમાં ૨૦ જણા લઠ્ઠો પીવાના કારણે પ્રભુને પ્યારા થઈ ગયેલાં. ૨૦૦૯માં અમદાવાદ ગીતામંદિર વિસ્તારમાં ૨૨ લઠ્ઠાના શોખીનો આ જગતને અલવિદા કરી ગયેલાં. વર્ષ ૨૦૧૫માં જેતપુર- જુનાગઢમાં ૧૪૬ શ્રમિકો મોતને ભેટેલાં. ૨૦૧૬માં સુરત વરાછા- ઓલપાડ ૭ જણા ઝેરી દારૂના સેવનના કારણે ઉપર પહોંચી ગયેલાં. ૨૦૨૨માં બોટાદ- અમદાવાદમાં ૪૨થી વધુને લઠ્ઠાએ મડદા બનાવી દીધેલાં. વર્ષ ૨૦૨૨ સુધીના લઠ્ઠાકાંડનો મરણાંક ૫૬૪ પર પહોંચેલો ! આ ઓછું હોય એમ હાલમાં જ ભાવનગરમાં ઝેરી કેમિકલમાંથી બનાવાયેલા દારૂ પીવાના કારણે અત્યાર સુધીમાં ૧૩ જણાના મોત થયાં છે. લગભગ ૬૦ જણા ઝેરી દારૂ પીવાના કારણે સારવાર લઈ રહ્યા છે. આમાંથી કેટલી વિકેટ પડે છે તે સમય જ બતાવશે !

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા તો તેમના તમામ ટીવી ચેનલ ઈન્ટરવ્યુમાં ગુજરાતની દારૂબંધી સાવ નિષ્ફળ ગયાનું શબ્દોની કંજુસાઈ વગર કહી હહ્યાં છે. દારૂબંધીના કારણે ભ્રષ્ટાચારને વેગ મળ્યાનું પણ તેઓ કહે છે.

દારૂબંધીને કારણે ગુજરાતનો ૧૬૦૦ કી.મી. સમુદ્રતટ સ્મશાન જેવો બની રહેલો છે. અભ્યાસુના અંદાજ પ્રમાણે દારૂબંધીનું પૂંછડુ પકડી રાખવાના કારણે ગુજરાતને વર્ષે દહાડે કર વેરાનો ૪૦ હજાર કરોડ રૂપિયાનો ફટકો પડે છે.

અગાઉના ગુજરાતના એક નાણામંત્રી ભીક્ષાપાત્ર લઈ દિલ્હી નાણામંત્રી પાસે પહોંચ્યા હતાં અને દારૂબંધીના અમલના કારણે રાજયને જતદી ખોટ ભરપાઈ કરવા ભાઈબાપા કર્યા હતાં. પરંતુ દિલ્હીવાળાએ જરાય દાદ આપી નહોતી !

દારૂ એ સામાજીક દૂષણ છે તેને કાયદાથી કદી અટકાવી શકાશે નહી. ભૂતકાળમાં રશિયા જેવા લોખંડી પડદાવાળા દેશને પણ દારૂબંધીમાં નિષ્ફળતા સાંપડી હતી. પંજાબ રાજયએ પણ દારૂબંધી અજમાવી જોઈ હતી. પરંતુ દારૂની તસ્કરીએ જોર પકડતાં દારૂબંધી પડતી મુકી હતી !

બિહારની દારૂબંધી બાબત અમે હાલમાં જ તા.૧૨-૮-૨૬ના અમારા લેખમાં અમે જણાવેલું કે જાણીતા અર્થશાસ્ત્રીઓના જુથ "નેશનલ કાઉન્સિલફોર એલાઈડ ઈકોનોમિક્સ રિસર્ચ" દ્વારા એક હેવાલ પેશ કરવામાં આવ્યો છે. તેમાં જણાવવામાં આવ્યું છે કે બિહારમાં દારૂબંધીના કડક અમલની વાત છેતરામણી પુરવાર થઈ છે. લઠ્ઠાકાંડમાં કેટલાંયના જીવ ગયાં છે. મહિલાઓ પરનો અત્યાચાર દારૂબંધીના કારણે જરાય દૂર થયો નથી. દારૂબંધીના કારણે બિહાર મોટી રેવન્યુ ગુમાવી રહ્યું છે. દારૂબંધીના કારણે માદંક પદાર્થોનું સેવન વધી ગયું છે. બિહારના દારૂબંધીના કાયદાનો ચેપ ગુજરાતના શાસકોને પણ લાગ્યો હતો અને દારૂબંધીના કાયદાને વધુ ધારદાર બનાવ્યો હતો. પરંતુ પરિણામ ઉલટું જ આવ્યું. મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્યપ્રદેશ, દમણ, દીવ અને દાદરા- નગર હવેલી જેવા દારૂની છુટવાળા રાજ્યોથી ઘેરાયેલા ગુજરાતમાં દારૂબંધી કદી સફળ થવાની નથી. અરે, પંજાબ અને હરિયાણાથી પણ શરાબ ગુજરાતમાં આવે છે !

ગુજરાતે દારૂબંધીના કારણે પ્રવાસન ઉદ્યોગના વિકાસથી પણ હાથ ધોઈ નાંખેલા છે. ખોબલા જેવા દમણમાં દારૂની છુટ હોવાના કારણે શનિ-રવિ અને રજાઓ દરમ્યાન પ્રવાસીઓની ભારે ભીડ જોવા મળે છે. દમણ, દીવ, દાદરા- નગર હવેલી અને લક્ષદ્વિપના પ્રશાસક પ્રફુલભાઈ પટેલે આ કેન્દ્રશાસિત પ્રદેશની આખી ભૂગોળ બદલી નાંખી છે. હવે તો પ્રશાસકના પ્રયાસોના કારણે દમણને અદ્યતન હવાઈ મથકની ભેટ પણ મળી છે. દમણ-દિલ્હીની વિમાન સેવા બાદ ચાલુ માસની ૨૮મીથી દમણ, મુંબઈ, અમદાવાદ હવાઈ સેવા પણ શરૂ થઈ રહી છે. મુંબઈથી દમણ ફક્ત ૪૦ મીનીટમાં જ પહોંચી શકાશે. પ્રવાસન તેમજ ઉદ્યોગ ક્ષેત્રને આ હવાઈ સેવાથી ખુબ ફાયદો થવાનો છે.

આશ્ચર્ય એ વાતનું જ થાય પ્રશાસક પ્રફુલભાઈ પટેલની દીર્ઘદ્રષ્ટ્રિના કારણે દમણ વિશ્વના પ્રવાસન નકશામાં કંડારાઈ ગયું છે. ઈસુના નવા વર્ષ થર્ટી ફર્સ્ટે દમણની સીમા સીલ કરી દેતાં હોય છે. પોતાના ખર્ચે દમણમાં રજા ગાળવા અને ખાવા-પીવાની મજા માણવા આવનારને ગુજરાતની બોર્ડરમાં એનાલાઈઝર દ્વારા નશાખોરનું લેબલ લગાવી અંદર કરી દે છે. ખરેખર તો જે વિસ્તારમાં દારૂબંધી નથી તે વિસ્તારમાં મર્યાદિત પ્રમાણમાં શરાબ પીને આવનારનો કોઈ ગુનો જ બનતો નથી પરંતુ વાઘને કોણ કહે કે તારું મોં ગંધાય ?

ગુજરાતમાં "નહી મામાનો કાણો મામો" જેવું પ્રવાસન સ્થળ છે, સાપુતારા. લોકો સાપુતારા જાય છે પરંતુ રહેવાનું બાજુના મહારાષ્ટ્રના ગામ હથગઢમાં રાખતાં હોય છે. મહારાષ્ટ્રમાં દારૂબંધી ન હોવાથી ગુજરાતની સીમા પરનું મહારાષ્ટ્રનું આ ગામ હથગઢ ભારે વિકસ્યું છે. અહી ઘણી બધી હોટલો પણ ઉભી થઈ ગઈ છે.

ગુજરાત સરકારે હવે દારૂબંધીની પોલીસી અંગે વાસ્તવિકતાનો સ્વીકાર કરવો જોઈએ. જડતા છોડવી જોઈએ.

કેન્દ્રના ભાજપના સર્વેસર્વા એવાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહે પણ ગુજરાતના ભાજપના શાસકોને દારૂબંધીની પોલીસી અંગે સમિક્ષા કરી શરૂઆતમાં બિયર-તાડીની પુરી છુટ આપવાની સલાહ આપવી જોઈએ.દારૂબંધી હઠાવવાથી મળનારી રેવન્યુનો એજ્યુકેશન અને આરોગ્ય ક્ષેત્રના વિકાસ માટે ઉપયોગ થઈ શકે પણ એ સમજવા ડહાપણની દાઢ ફુટવી જોઈએ !તાજેતરના ભાવનગરના લઠ્ઠાકાંડ પછી પણ ગુજરાતના શાસકો દારૂબંધી સંદર્ભની જડતા છોડવા તૈયાર નથી. એ મોટામાં મોટી કમનસીબી છે ! જ્યાં સુધી નિષ્ફળ દારૂબંધી અંગે પ્રચંડ જનમતનો પડઘો નહી પડે ત્યાં સુધી રાજકારણીઓ, લોકોએ શું ખાવું અને શું પીવું તે પ્રકારની પોતાની માન્યતાઓ લોકો પર ઠોકતાં જ રહેશે !

### મેરા ભારત મહાન !

અહીં (આપણા દેશમાં) ૧૦ હજાર લોકો દિઠ ૧૦ ડોક્ટરો છે. ચીનમાં ૧૦ હજાર લોકો દિઠ ૩૦ ઉપરાંત તબિબો અને કુલ ૧૩૦ કર્મચારીઓ સેવામાં હાજર હોય છે. આપણે ક્યાં સુધી પૂછડિયા રહીશું ?!

### લો, રાજ્યોના મુખ્યમંત્રીઓની જન્મકૂંડળી પણ પોલીસ દફતરે !


હાલમાં જ સમાચાર વાંચ્યા કે, સર્વોચ્ચ અદાલતને એવી જાણ કરવામાં આવી છે કે કુલ ૨૮ રાજ્યોમાંથી ૧૪ રાજ્યોના મુખ્યમંત્રીઓએ પોતાની વિરૂધ્ધ ફોજદારી કેસો થયાં હોવાનું જણાવ્યું છે. તેલંગણાના મુખ્યમંત્રી સામે ૮૯ કેસો હોવાનું ખુલ્યું છે. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી બીજા નંબરે છે. તેમની સામે ૨૯ કેસો છે. કર્ણાટક અને આંધ્રપ્રદેશના મુખ્યમંત્રીઓ સામે ૧૯-૧૯ કેસો છે. કેરળના મુખ્યમંત્રી સામે ૧૮ કેસો છે.

જેને આપણે લોકશાહીના મંદિર કહીએ છીએ એ લોકસભા, રાજ્યસભા અને વિધાનસભાઓ છાપેલાં કાટલાઓથી ઉભરાઈ રહી છે. તેમાં હવે મુખ્યમંત્રીઓએ પણ ગુનાખોરીનો મૂગટ પહેર્યો છે !

સર્વોચ્ચ અદાલતને એમ પણ જણાવાયું છે કે જુલાઈ ૨૦૨૬ સુધીમાં વર્તમાન અને પૂર્વ સાંસદો અને ધારાસભ્યો સામે ૪,૧૯૨ જેટલાં ફોજદારી કેસો ચાલી રહ્યાં છે ! ઉત્તરપ્રદેશ ૧,૧૭૧ કેસો સાથે ટોચ પર છે.

# કેટલાંક દર્શનો એવું સમજાવે છે કે સંસાર એક ડ્રામા છે

## વાસ્તવિકતા



**સ્વામી સચ્ચિદાનંદ**

(ગતાંકથી શરુ)

કોઈપણ એક મંત્ર અને ન્યિદેવ સ્વીકારી લેવો. બધા જ દેવો એક ઈશ્વરનું જ -તીક છે. ભેદ ન કરવો. ભેદ કરાવનારાથી દૂર રહેવું. ઉપાસના કરવી પણ કર્મકાંડ ઓછું કરવું. ઈશ્વરમાં સીધેસીધું મન ન લાગે તોપણ જાપ કરવા. સામગ્રીથી પણ ઉપાસના થાય પણ તે ખર્ચાળ ઉપાસના છે. સાકાર અથવા નિરાકાર કોઈ પણ -કાર સ્વીકારી શકાય છે. પણ એકનો સ્વીકાર કરીને બીજાનો વિરોધ ન કરવો. સહિષ્ણુ થવું. સવારે-સાંજે -ાર્થના જરૂર કરવી. બને તો સમૂહ-ાર્થના કરવી. પૂરા પરિવારને સાથે રાખવો. તેથી સંસ્કાર પડે છે. -ાચીનકાળમાં લોકો સંધ્યા કરતા પછી મૂર્તિપૂજા આવી એટલે આરતી પૂજા થવા લાગી. સંધ્યાની જગ્યાએ લોકો દેવદર્શન કરવા મંદિરે જવા લાગ્યા. મંદિરે જરૂર જવું. અત્યંત શ્રદ્ધા અને નમ્રતાથી દર્શન કરવાં. -તિમામાં પરમેશ્વરની અનુભૂતિ કરવી. મંદિરને દુકાન ન બનાવવી. જે મંદિરોને કોમશિર્યલરૂપ અપાયું હોય ત્યાં ન જવું. તેને -ોત્સાહન ન આપવું. મંદિરને દુકાન બનાવનારા મહાત્મા નથી હોતા. વ્યાપારી હોય છે. મંદિરમાં કક્ષા ન પાડવી. સૌ સમાન છે. ગરીબ અને શ્રીમંતોમાં ભેદ કરનારા, દક્ષિણાલોભી પૂજારીઓને -ોત્સાહન ન આપવું. મંદિર વિના ઘરે કે જંગલમાં પણ ઉપાસના થઈ શકે છે. જ્યાં મન લાગે તે મંદિર જ છે. સ્નાન કરીને, સ્વચ્છ થઈને જ મંદિરે જવું. બાહ્ય પવિત્રતા પણ જરૂરી છે. કદાચ સ્નાનાદિની સગવડ ન હોય તો સ્નાન વિના પણ મંદિરે જઈ શકાય છે. પણ દૂરથી દર્શન કરવાં. બીજા દર્શનાર્થીઓને તકલીફ ન થાય. ઈશ્વરને સૂતક લાગતું નથી. ઉપાસના રોકવી નહિ. રજસ્વલા સ્ત્રીએ પણ ઉપાસના કરવી મંત્ર અભડાતો નથી. પણ લોકોની રુચિનું ધ્યાન રાખીને દૂરથી દર્શન કરવાં. કોરા આત્મવાદી ન બનો, તેમજ કોરા દેહવાદી પણ ન બનો, પણ ઉભયવાદી (દેહાત્માવાદી) બનો. આત્મા -ત્યક્ષ દેખાતો નથી, કદાચ હોય, કદાચ ન પણ હોય, પણ દેહ તો -ત્યક્ષ દેખાય છે. અનુભવાય છે. તેની ઉપેક્ષા ન કરાય. દેહ, આત્માનું મંદિર છે. ભગવાનનું પણ ધામ છે. તેને નરકની ઉપમા ન આપો. દેહ, સુંદર, સ્વસ્થ અને મજબૂત હોય તો તે અડધું સુખ તમારા હાથમાં છે. અનાવશ્યક દેહદમન ન કરો. વગર જોતી દેહપીડા દેવાથી તપસ્યા ન થાય. આ અનાડીપણું કહેવાય. દેહને વધુ પડતાં લાડ ન લડાવો તેમ જ દેહ -ત્યે વધુ પડતી ક્રૂરતા પણ ન કરો. લાડ લડાવવાથી દેહમાં ખડતલપણું નહિ આવે. અને ક્રૂરતાથી દેહદ્રોહી થઈ જશો. યથાયોગ્ય કરો. હું માત્ર આત્મા જ નથી. આ દેહ પણ મારો જ છે. તેના દ્વારા જ સુખ-દુઃખાદિ ભોગવાય છે. દેહાધ્યાસ જરૂરી છે. કારણ કે કુદરતી છે. 'આ શરીર' એમ બોલવાથી દેહાધ્યાસ છૂટતો નથી. આ પોપટરટ માત્ર છે. દેહાધ્યાસ છોડવાની જરૂર પણ નથી. દેહને સત્કર્મોમાં જોતરવાની જરૂર છે. આ શરીરૅં આ શરીરૅં એવું વારંવાર બોલનાર એક મહિલા પાસે એક કામભોગી માણસેૅં આ શરીરૅં માગ્યું તો લાલઘૂમ થઈ ગઈ. પેલા કામભોગી માણસે કહ્યું કે ૄઆ શરીરને અને તમારે કશી લેવા દેવા નથી તો મને મારું કામ કરવા દો. તરત જ દેહાધ્યાસ પાછો ચઢી ગયો. આવું ન કરો. સમજ્યા વિનાનો બકવાદ બંધ થઈ ગયો. દેહના દ્વારા ધર્માચરણ કરવું, કર્તવ્યપરાયણ થવું, સુખ-દુઃખ ભોગવવાં, અને સેવા—શુશ્રૂષા કરવી વગેરે થતું હોય છે. આ તો કુદરતનું આપેલું કલ્પવૃક્ષ છે. તેની નિંદા ન કરો. દેહના બે દુશ્મનો છૅ અતિભોગ અને અતિનિગ્રહ. (અતિનિગ્રહ એટલે ભોગોનો સર્વથા ત્યાગ) માપસરના ભોગો, દેહ અને આત્મા માટે પણ ઔષધ અને અમૃત છે. માપસરનો ભોગી આરોગ્યવાન અને દીર્ઘજીવી હોય છે. અતિનિગ્રહી તેજોહીન અને અલ્પજીવી હોય છે. શરીરને હાડકાંનો માળો બનાવી દેવો એ તપસ્યાનું પરિણામ નથી પણ અનાડીપણાનું પરિણામ છે. કાં રોગોનું પરિણામ છે. માપસરના ભોગો ભોગવનાર સંયમી પુરુષનું શરીર આરોગ્ય—વાન, તેજસ્વી, બળવાન, બુદ્ધિમાન અને દીર્ઘજીવી હોય છે. દેહસૌંદર્ય માતા-પિતાથી મળતું હોય છે. દેહનું આરોગ્ય પણ માતા-પિતા અને પોતાની સાચી જીવન—-ક્રિયાથી મળતું હોય છે. ગયા જન્મનાં કર્મોથી નહિ. મૃત્યુનો સમય નક્કી નથી એટલે લાંબું જીવી શકાય છે. અકસ્માતોને રોકી શકાય છે. રોગોથી બચી શકાય છે. આત્મસુખ કરતાં પણ શરીરસુખ વધુ મહત્ત્વનું છે. યોગ્ય આહાર-વિહારના દ્વારા શરીરને સુખી કરી શકાય છે. યોગ્ય આહાર-વિહાર વિનાનું શરીર, માત્ર આત્માથી લાંબો સમય સુખી થતું નથી. શરીર, હાડ-માંસ, ચામ વગેરેથી દુર્ગંધ મારતું નરક જ નથી પણ જો પૂરેપૂરું આરોગ્ય સચવાયું હોય તો સુગંધવાળું સ્વર્ગ પણ છે. નાના ધાવણા બાળકના શરીરમાંથી જે સુગંધ આવે છે તેવી સુગંધ હજી સુધી કોઈ ફૅક્ટરી બનાવી શકી નથી.

તેથી તો લોકો તેને છોડતાં નથી. સૂંઘે છે. દબાવે છે. અરે નાનાં કુરકુરિયાં પણ રમાડવાં ગમે છે. આ કુદરતી લાવણ્ય છે. શરીર-દ્રોહી ન બનો. શરીરમોહી પણ ન બનો. જીવનમધ્યમાં વાસ્તવિકતામાં છે આચાર અને વિચાર દ્વારા ધર્મ એક વ્યવસ્થા આપે છે. જ્યારે આચાર-વિચાર બન્નેથી ઘોર અસંતોષ થાય ત્યારે વ્યક્તિ ઈચ્છે તો ધર્મ બદલી શકે છે. કારણ કે ધર્મવ્યવસ્થાથી તે સુખી-દુઃખી થતો હોય છે. આવું ધર્માંતરણ સ્વૈચ્છિક અને સમજપૂર્વકનું હોવું જોઈએ. ધર્માંતરણ જો માત્ર વ્યક્તિનો જ -' હોય ત્યાં સુધી તેની છૂટ હોવી જોઈએ. પણ જ્યારે સમૂહના સમૂહો ધર્માંતરણ કરે ત્યારે છૂટ અપાય નહિ. ધર્માંતરણથી રાષ્ટ્રની એકતા—અખંડિતતા જોખમાતી હોય તો ધર્માંતરણની છૂટ અપાય નહિ. ભારતમાં વર્ષોથી—સદીઓથી ધર્માંતરણ ચાલી રહ્યું છે. (વધુ આવતા અંકે)

# વિશ્વ ગુજરાતી ભાષા દિવસ અવસરે રાજધાનીમાં નર્મદ પર કેન્દ્રિત કાર્યક્રમ યોજાયો




(દમણગંગા ટાઈમ્સ)

**વાપી, તા. ૨૫ :** વિશ્વ ગુજરાતી ભાષા દિવસની પૂર્વસંધ્યાએ રાજધાનીમાં શ્રી દિલ્હી ગુજરાતી સમાજ દ્વારા કવિ નર્મદના જીવન, સર્જન અને ગુજરાતી ભાષા-સાહિત્યમાં તેમના અવિસ્મરણીય પ્રદાનને કેન્દ્રમાં રાખીને એક વિશિષ્ટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગે શ્રીસમાજના ટ્રસ્ટી નિતીન આચાર્યે જણાવ્યું કે કવિ નર્મદ કવિ કે સાહિત્યકાર તરીકે એક સંવેદનશીલ વ્યક્તિ હોવા ઉપરાંત એક પ્રખર સુધારાવાદી અને સામાજિક ચિંતક હતા.

આજથી દોઢસો વર્ષ અગાઉના સમયના સમાજ સામે નર્મદે સુધારાના વિચારો સાથે અવાજ ઉઠાવેલો, તે આજે પણ તેમના અનેક વિચારો એવા ને એટલા જ પ્રાસંગિક છે. નર્મદનું વ્યક્તિત્વ આપણને સમાજમાં પરિવર્તન માટે હિંમતપૂર્વક વિચારવાની અને પોતાની વાત નિર્ભયતાથી રજૂ કરવાની પ્રેરણા આપે છે.

આકાશવાણીના ગુજરાતી સમાચાર વિભાગના ભૂતપૂર્વ વડા દીપક ધોળકિયાએ કહ્યું કે ગુજરાતી ભાષાના ગૌરવ અને જતન ખાસ કરીને દિલ્હી જેવા બિન-ગુજરાતી પ્રાંતમાં જાળવી રાખવાનું બહુ જરૂરી છે એ દિશામાં શ્રીસમાજ ગુજરાતી ભાષાની ધન્યતા અને સમૃદ્ધિની સ્તુતિ કરતા અનેકવિધ કાર્યક્રમો યોજે છે એ અભિનંદનીય અને સવિશેષ આવકાર્ય છે. આપણને જે ભાષાનો વારસો મળ્યો છે

તેનું જતન અને સંવર્ધન કરવું માત્ર ભાષાપ્રેમનો વિષય નથી, પરંતુ તે નૈતિક, ભાવનાત્મક અને વ્યક્તિગત જવાબદારી પણ છે. સમાજના જાગૃત નાગરિક તરીકે ગુજરાતી ભાષાને જીવંત અને સશક્ત રાખવાની જવાબદારી દરેક ગુજરાતી વ્યક્તિની છે.

શ્રીસમાજ સંચાલિત ગુજરાતી શાળાના ચેરમેન રાજકુમાર રાવલે જણાવ્યું કે આજની નવી પેઢીને ગુજરાતી ભાષા સાથે વધુને વધુ જોડવા માટે સતત અને સર્જનાત્મક પ્રયત્નો થવા જોઈએ. બાળકોમાં ગુજરાતી ભાષા પ્રત્યે પ્રેમ, ગૌરવ અને રસ કેળવવામાં આવે તો જ ગુજરાતી ભાષાનો પ્રવાહ પેઢી દર પેઢી અવિરત રીતે આગળ વધારી શકાય.

દક્ષિણ દિલ્હી ગુજરાતી મંડળના મહામંત્રી વિજય પંચાલે કહ્યું કે ગુજરાતી ભાષા અને સંસ્કૃતિની અસ્મિતા જાળવણી કાજે ગુજરાતી સમાજ સતત ગોષ્ઠીઓ તથા કાર્યક્રમો નિયમિતપણે યોજે છે એ વર્તમાનની તાતી જરૂરત છે. આ દિશામાં જે સકારાત્મક અને પ્રશંસનીય ડગલાં મંડાઈ રહ્યાં છે તે અભિનંદનીય છે. શ્રીસમાજના માનદ મુખ્ય મંત્રી હિતેશ અંબાણીએ પોતાના સંદેશમાં જણાવ્યું કે શ્રીસમાજ ભવન ખાતે સ્થપાયેલ ગુજરાતી પુસ્તકાલયમાં ગુજરાતી ભાષા અને સંસ્કૃતિને લગતી પ્રવૃત્તિઓની ચહેલપહેલ સતત જળવાઈ રહે તે માટે સમાજ સતત પ્રયત્નશીલ છે. પુસ્તકાલય માત્ર પુસ્તકોનું સ્થળ ન બની રહે, પરંતુ ગુજરાતી ભાષા, સાહિત્ય અને સંસ્કૃતિના જીવંત કેન્દ્ર તરીકે વિકસે તે દિશામાં સમાજ નિશદિન કાર્યરત છે. કાર્યક્રમના આરંભે ગુજરાતી સાહિત્યકાર રાજેશ પટેલે કવિ નર્મદના જીવન અને સર્જન પર સંક્ષિપ્ત પ્રકાશ પાડ્યો હતો. યુવા ગાયક મૃદંગ પટેલે કવિ નર્મદનું અમર શૌર્યગીત 'જય જય ગરવી ગુજરાત' રજૂ કર્યું હતું. નર્મદ અને તેમનાં પત્ની ડાહીગૌરી સાથેનો સંવાદ કલાકાર અમિત રમણલાલ શાહ અને ઝલક નરોલાએ ખૂબ જ પ્રભાવશાળી શૈલીમાં રજૂઆત કરી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા. કાર્યક્રમમાં શંભુભાઈ વેદ, ઉષા પંચાલ, દિવ્યેશ કોઠારી, આરતી ઝવેરી, કિશોરભાઈ પરમાર સહિત અન્ય મહાનુભાવોએ પણ પોતાના વિચારો રજૂ કર્યા હતા. વક્તાઓએ ગુજરાતી ભાષાના જતન, સંવર્ધન અને નવી પેઢીમાં તેના પ્રત્યે પ્રેમ અને ગૌરવની ભાવના વિકસાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

કાર્યક્રમનું સંચાલન શ્રીસમાજની ગુજરાતી ભાષા અને ગુજરાતી સંસ્કૃતિ સંવર્ધન-સંરક્ષણ સમિતિના ચેરમેન ભાગ્યેન્દ્ર પટેલે કર્યું હતું.

તેમણે પોતાના સંબોધનમાં ગુજરાતની લોકપરંપરા, ઈતિહાસ, સાહિત્ય અને સંસ્કૃતિને નવી પેઢી સુધી પહોંચાડવાના હેતુથી પ્રસ્તાવિત નવા કાર્યક્રમ 'ગુજરાત ગાથા'ની ભૂમિકા રજૂ કરી હતી. અંતે તેમણે ઉપસ્થિત તમામ મહાનુભાવો, વક્તાઓ, કલાકારો અને શ્રોતાઓનો આભાર વ્યક્ત કર્યો હતો. કવિ નર્મદની વિચારધારા, ગુજરાતી ભાષાનું ગૌરવ અને નવી પેઢી સુધી ગુજરાતી સંસ્કૃતિના વારસાને પહોંચાડવાનો સંદેશ આપતો આ કાર્યક્રમ એક અર્થપૂર્ણ અને પ્રેરણાદાયી સાંસ્કૃતિક પહેલ બની રહ્યો હતો.


દમણગંગા ટાઈમ્સ

સંપર્કઃ સંપાદક, દમણગંગા ટાઈમ્સ, સાયન્સ કોર્નર
ને.હા.નં.૪૮ દમણગંગા ટાઈમ્સ કાર્યાલય, Email: editor.dgt@gmail.com

VAPI PAGE - 5

# પારડી તાલુકા વિશેષ

Wednesday 26, August 2026

આપનું અખબાર : આપનો અવાજ
DGT

● પારડી
● ઉદવાડા
● વાઘછીપા
● પરીયા

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો : ૯૮૭૯૩૭૪૬૦૫

મુખ્ય કાર્યાલય સંપર્ક : મો. ૯૮૨૫૧ ૨૨૫૦૫ / ઈ-મેઈલ : edior.dgt@gmail.com - damangangatimes.com

## પારડીમાં ભક્તોની માંગ મુજબ શ્રીજીને મૂર્તિઓ તૈયાર




### રાણા આર્ટ ખાતે પર્યાવરણની જાળવણી સાથે વિવિધ આકર્ષક ડિઝાઈનમાં ગણેશજીની ઈકો-ફ્રેન્ડલી મૂર્તિઓ તૈયાર કરવામાં આવી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધ)

**પારડી, તા. ૨૫ :** ગણેશ ચતુર્થીના હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે, ત્યારે વિવિધ મંડળો, મહોલ્લા, સોસાયટીઓ અને ઘરોમાં ગણપતિ બાપ્પાની સ્થાપના કરવા માટે ભક્તો આતુર બન્યા છે. એક તરફ મંડપો અને ઘરોમાં શણગારની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે, તો બીજી તરફ મૂર્તિકારો પણ બાપ્પાની પ્રતિમાઓને આખરી ઓપ આપી ચૂક્યા છે. આ જ ક્રમમાં પારડીમાં આવેલા વર્ષો જૂના જાણીતા રાણા આર્ટ ખાતે પર્યાવરણની જાળવણી સાથે વિવિધ આકર્ષક ડિઝાઇનમાં ગણેશજીની ઈકો-ફ્રેન્ડલી મૂર્તિઓ તૈયાર કરવામાં આવી છે પારડીના રાણા આર્ટ દ્વારા આ વર્ષે પણ પર્યાવરણપ્રેમી ભક્તો માટે ખાસ માટીની મૂર્તિઓનું નિર્માણ કરવામાં આવ્યું છે. આર્ટિસ્ટ સચિન રાણા એ જણાવ્યું કે છેલ્લા ૨૦ વર્ષથી ચાલતા આ વ્યવસાયમાં પર્યાવરણને કોઈ નુકસાન ન પહોંચે તે માટે સંપૂર્ણ શુદ્ધ માટીનો જ ઉપયોગ કરવામાં આવે છે.

આ વર્ષે રાણા આર્ટ દ્વારા ભક્તો માટે ખાસ અવનવી ડિઝાઇન્સ તૈયાર કરવામાં આવી છે, જેમ કે લાલબાગચા રાજા, મારવાડી ફેંટો અને પ્રસિદ્ધ દગડુશેઠ ગણપતિ જેવા મનમોહક સ્વરૂપોમાં મૂર્તિઓ કંડારવામાં આવી છે. તેમજ ભક્તોની ખાસ પસંદગી અને માંગ મુજબની કસ્ટમાઈઝડ મૂર્તિઓ પણ તૈયાર કરાઈ છે. માટીની મૂર્તિઓને વિસર્જન અને લાવવા-લઈ જવામાં સરળતા રહે તે માટે મહત્તમ ૮ ફૂટ સુધીની સાઈઝ રાખવામાં આવી છે. હોવાનું મૂર્તિકાર સચિન રાણા એ જણાવ્યું હતું રાણા આર્ટની ઈકો-ફ્રેન્ડલી મૂર્તિઓની માંગ માત્ર સ્થાનિક કક્ષાએ જ નહીં, પરંતુ મુંબઈથી લઈને સુરત અને સમગ્ર ગુજરાતભરમાં જોવા મળી રહી છે. ગણેશ ચતુર્થી પહેલા જ અહીં ૯૦થી વધુ મૂર્તિઓનું એડવાન્સ બુકિંગ થઈ ચૂક્યું છે, જે દર્શાવે છે કે લોકોમાં હવે પર્યાવરણ પ્રત્યે જાગરૂકતા વધી છે અને ઈકો-ફ્રેન્ડલી બાપ્પાને ઘરે લાવવાનો ક્રેઝ ચરમસીમાએ છે. મૂર્તિકારોની આ સખત મહેનત અને ભક્તોનો આ ઉત્સાહ સાબિત કરે છે કે આ વર્ષે પણ ગણેશોત્સવ પારડી સહિત સમગ્ર પંથકમાં ખૂબ જ ધામધૂમથી અને પર્યાવરણના જતન સાથે ઉજવાશે.

## કોલકમાં ભજન સપ્તાહની ઉજવણી કરાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધ)

**પારડી, તા. ૨૫ :** પારડી તાલુકાના કોલક ગામ ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ પરંપરાગત અને શ્રદ્ધાભક્તિ સાથે ભજન સપ્તાહની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ વર્ષે ભજન સપ્તાહનું ૯૮મું વર્ષ ઉજવવામાં આવ્યું હતું. આ પ્રસંગે દિવસ-રાત સતત મંદિરમાં ભક્તિમય માહોલ વચ્ચે ભજન-કીર્તનનું આયોજન કરવામાં આવ્યું હતું સપ્તાહમાં ગામમાં શ્રદ્ધાભેર ભગવાનની પાલખી યાત્રા કાઢવામાં આવી હતી. આ શોભા યાત્રા દરમિયાન ગ્રામજનો દ્વારા અનોખી રીતે ઉત્સાહપૂર્વક ૫૫ જેટલી મટકીઓ ફોડીને ભક્તિમય ઉત્સવ કોલક ગામે ઉજવાયો હતો આ ધાર્મિક પ્રસંગે જીતેન્દ્રભાઈ ટંડેલ જણાવ્યું હતું કે શ્રાવણ માસ એટલે સનાતન ધર્મનો પવિત્ર માસ કહેવાય છે કોક માછી મહાજન સમાજ વર્ષોથી આયોજન કરતી આવી છે આ વર્ષે ૯૮ વર્ષ પૂર્ણ કર્યું છે અમારા હોળીવાળા મહારાજ આવે છે તેની ગાદી પણ લગભગ ૫૫૦ વર્ષ જૂની છે એ પહેલેથી જ સપ્તાહ ચાલતી આવી છે વહેલી સવારથી જ આખા ગામમાં પાલખી યાત્રા કાઢવામાં આવે છે જેની દરેક લોકો પૂજા અર્ચના કરે છે અને આશીર્વાદ મેળવે છે આ ધાર્મિક મહોત્સવમાં કોલક માછી મહાજન પ્રમુખ જીતેન્દ્રભાઈ ટંડેલ, ઉપપ્રમુખ અમરતભાઈ ટંડેલ તેમજ યજમાન ફળિયાના પ્રમુખો રમેશભાઈ ટંડેલ અને બળવંતભાઈ ટંડેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત ગામના સરપંચ ગ્રેવીન ટંડેલ, તાલુકા પંચાયત કારોબારી અધ્યક્ષ હેમલતાબેન ટંડેલ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો, યુવાનો, ભાઈઓ-બહેનો અને વડીલો હાજર રહી દર્શનનો લાભ લીધો હતો.

## પારડી ફલાય ઓવરબ્રિજ નીચે સિમેન્ટના ટુકડાં પડયા




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધ)

**પારડી, તા. ૨૫ :** કિલા પારડીના મુખ્ય ચાર રસ્તા પર આવેલા ફલાયઓવર નીચે એક ગંભીર ઘટના બની હતી. ફલાયઓવરના તળિયાના ભાગમાંથી ૨ થી ૭ ઈંચ જેટલા સિમેન્ટ-કોન્ક્રીટના ટુકડા અચાનક નીચે ફાટીને પડ્યા હતા જોકે આ ફલાયઓવર સામાન્ય રીતે સારી સ્થિતિમાં દેખાય છે, પરંતુ બ્રિજના એક નાના હિસ્સામાંથી કોન્ક્રીટ નીચે પડવાની આ ઘટના ખૂબ જ ગંભીર છે. સદનસીબે, જે સમયે આ ટુકડા નીચે પડ્યા તે ક્ષણે ત્યાંથી કોઈ નાગરિક કે વાહન પસાર થઈ રહ્યું ન હતું, જેથી કોઈ જાનહાની ટળી ગઈ હતી આ નાની ઘટના એક મોટો સંદેશ આપે છે. મોટા અકસ્માતો હંમેશા મોટી ખામીઓથી જ નથી થતા, પરંતુ ઘણીવાર આવા નાના અવગણવામાં આવેલા સંકેતો પણ મોટી દુર્ઘટનાઓનું કારણ બની શકે છે જવાબદાર અધિકારીઓને નમ્ર અપીલ કરે છે કે તેઓ આ બાબતની ગંભીર નોંધ લઈ સમયસર નાની મરામત અને સલામતી તપાસ હાથ ધરવામા આવે જેથી કિલ્લા પારડીના આ મુખ્ય માર્ગ પર દરેક નાગરિકની સુરક્ષા હંમેશા જળવાઈ રહે એ જરૂરી છે.

## નાનાવાઘછીપામાં દશામાં માતાને ૫૬ ભોગ ધરાવાયો




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધ)

**પારડી, તા. ૨૫ :** પારડી તાલુકાના નાનાવાઘછીપા ગામમાં દશામાં માતાની મૂર્તિની સ્થાપના કરવામાં આવી હતી અને ભક્તોએ ૫૬ ભોગ ધરાવ્યા હતા દશામાની પૂજા આરતી અને પ્રેમ ભાવથી ભક્તિ કર્યા બાદ એમની પવિત્ર પ્રતિમાને વિસર્જિત કરવામાં આવી હતી અહીં આ ગામમાં રહેતા કેતનભાઇ હળપતિ ના ઘરે ગામના લોકો ભેગા મળીને જગતજનની જગદંબા ના સ્વરૂપે એવા દશામાં ની પવિત્ર મૂર્તિ સ્થાપિત કરી હતી અને દસ દિવસ સુધી સતત પૂજા અર્ચના આરતી કર્યા બાદ ભક્તોએ ૫૬ ભોગ ધરાવ્યા હતા અને વાંજતે ગાજતે વિસર્જન યાત્રા કાઢી હતી જેમાં વિશાળ સંખ્યામાં લોકો જોડાયા હતા દર વર્ષે દશામાની સ્થાપના વિશાળ સંખ્યામાં ભક્તો પોતાના ગામમાં ફળિયામાં કરતા હોય છે અને ભક્તિમય વાતાવરણમાં પર્વની ઉજવણી થાય છે.

## પારડી પાલિકા દ્વારા દુકાનદારો પાસે પ્લાસ્ટિક જપ્ત કરી દંડ ફટકાર્યો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધ)



**પારડી, તા. ૨૫ :** વલસાડ જિલ્લા કલેકટર ની કડક સૂચના મુજબ ULB શહેરી સ્થાનિક સંસ્થાઓના અધિકારીઓ દ્વારા અધિકારક્ષેત્રમાં સિંગલ યુઝ પ્લાસ્ટિક SUP વસ્તુઓ સામે ઝુંબેશ હાથ ધરવાની થતી હોય, જે અંતર્ગત ૨૦/૦૮/૨૦૨૬ ના રોજ પારડી નગરપાલિકા ચીફ ઓફિસર કોમલબેન ના માર્ગ દર્શન હેઠળ સેનિટેશન શાખા દ્વારા વિવિધ વિસ્તારોમાં વેપારીઓ અને દુકાનદારો ખાતે આકસ્મિક પ્લાસ્ટિક ચેકિંગ કરતાં પ્લાસ્ટિક નિયમોનું ઉલ્લઘન કરનાર વેપારીઓ, દુકાનદારો પાસેથી ૨૫૦ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરીને રૂ. ૫૦૦૦ વહીવટી ચાર્જ વસૂલ કરવામાં આવ્યો હતો. તેમજ સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવા અને કાપડની થેલીનો વપરાશ કરવા વેપારી અને દુકાનદારોને જાગૃત કરવામાં આવ્યા હતા.

માર્ગદર્શન મુજબ ચીફ ઓફિસર કોમલબેન ધિન્નેયા સેનેટરી ઈસ્પેક્ટર મેહુલભાઈ પરમાર સિટી મેનેજર ભૂમિબહેન પટેલ,સુપરવાઈઝર પંકજકુમાર ગરણીયા તેમની ટીમ સાથે કર્મચારીઓ હાજર રહ્યા હતા અને મોડે સાંજ સુધી દરેક વેપારીઓમાં સરપ્રાઈઝ ચેકિંગ કરવામાં આવતા ફફડાટ મચી ગઈ હતી લાંબા સમયથી પારડી નગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક અંગે જનજાગૃતિ અને કાર્યક્રમો ચાલી રહ્યા છે પરંતુ વેપારીઓ હલકી કક્ષા ની પ્લાસ્ટિક વાપરતા હોય જેથી વારંવાર એમને દંડ થતો હોય છે અને વેપારીઓને મોટો ફટકો પડતો હોય છે. જેથી વેપારીઓ આવે ચેતી જવાની જરૂર છે અને હલકી કક્ષાની પ્લાસ્ટિકની થેલીઓનો ત્યાગ કરવાની જરૂર છે જેથી વહીવટી તંત્રના દદાત્મક પગલાથી બચી શકાય છે.

### ભાવનગરમાં લઠ્ઠાકાંડ બાદ

## પારડીના કલસર ચેકપોસ્ટ પર સધન ચેકીંગ ઝુંબેશ હાથ ધરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધ)

**પારડી, તા. ૨૫ :** ભાવનગરમાં બનેલા ગોઝારા લઠ્ઠાકાંડ બાદ ગુજરાત પોલીસ એક્શનમાં આવી છે અને સમગ્ર રાજ્યમાં એલર્ટ મોડ જાહેર કરવામાં આવ્યો છે. અત્યારે પારડી તાલુકાના માનવામાં આવતી કલસર ગામ ની ચેકપોસ્ટ પાસે પારડી પોલીસે સંપ્રદેશ દમણથી આવતા વાહન ચાલકો ની તપાસ કેસ નોંધ્યો હતા લઠ્ઠાકાંડબાદ ગુજરાત રાજ્યની સરહદી બોર્ડર પર આવેલા જિલ્લાઓમાં પોલીસ દ્વારા કડક ચેકિંગ ઝુંબેશ હાથ ધરવામાં આવી છેપારડી પોલીસ મથકના પી.આઈ વાયબી ગોહિલ માર્ગદર્શન હેઠળ ઉપલા અધિકારીઓની મળેલી સૂચના મુજબ પારડી પોલીસ મથકના પી.એસ.આઇ વસાવા અને કર્મચારીઓની ટીમે વિશેષ ડ્રાઇવ તપાસ માટે હાથ ધરી હતી આમ તો જોકે દરરોજ કલસરના ચેકપોસ્ટ પર પોલીસ નો મતલબ જ રહે છે અને પોલીસ ચોક્કસ કામગીરી દારૂની ગૂસડખોરી અટકાવવા માટે બોર્ડર પર કરે છે પરંતુ ભાવનગરમાં દારૂ પીધા બાદ થયા લઠ્ઠાકાંડમાં લોકોએ જીવ ગુમાવ્યા ત્યાર બાદ પોલીસ તંત્ર વધુ સક્રિય બન્યો અને લોકોનો જીવ ન જાય એ માટે દારૂની ઘુસરખોરી અટકાવવા માટે સં-દેશ દમણના બોર્ડરમાં પારડી પોલીસે વિશેષ ડ્રાઇવ રાખી દરેક વાહનોની તપાસ હાથ ધરી હતી અને દારૂ પીધેલા લોકો તથા દારૂ લઈને આવેલા લોકો સામે કેસ કર્યા હતા દમન માંથી ડુપ્લીકેટ દારૂ બનાવી ગુજરાતમાં ઘુસાડવામાં આવે છે અને બોર્ડર એરિયાના ગામડાઓમાં આજ દારૂ પીને લોકો બીમાર પડે છે અને મૃત્યુ પામતા હોય છે અને આવા લઠ્ઠકાન થતાં હોય છે પોલીસે દારૂ ગુસડ ખોડીયાર અટકાવવા પોતાનો જીવ પણ ગુમાવ્યો છે પરંતુ ગાળો ના ધંધાવાળાઓ એકલા લાલજીયા થઈ ગયા છે કે એમને હવે નોટ હાથે મતલબ છે કોઈના જીવ સાથે મતલબ નથી એટલે દારૂનો ધંધો બંધ કરતા નથી બોર્ડરમાં પોલીસે ચોક્કસ કામગીરી કરી લોકોની સગન તપાસ હાથ ધરતા લાજીયા બુટલેગરોમાં ફડફડાટ મચી ગયો હતો.

## પારડીની જે.પી. પારડીવાલા કોલેજમાં કાવ્યપઠન સ્પર્ધા યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધ)

**પારડી, તા. ૨૫ :** ધી પારડી એજ્યુકેશન સોસાયટી દ્વારા સંચાલિત જે.પી પારડીવાલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ કિલ્લા પારડી ખાતે વિદ્યાર્થીઓમાં સાહિત્યિક રુચિ અને કલા કૌશલ્યને પ્રોત્સાહન આપવા માટે ચર્ચા સભા સમિતિ અને ગુજરાતી સાહિત્ય વર્તુળમાં ઉપક્રમે એક ભવ્ય કાવ્યપઠન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં કોલેજના નવ ઉત્સાહી વિદ્યાર્થીઓએ ભાગ લઈ પોતાની સુંદર કાવ્ય કૃતિઓ રજૂ કરી હતી. કાર્યક્રમની શરૂઆત ગુજરાતી વિષયના અધ્યાપક ડૉ.મણીબેન સોલંકી દ્વારા કરવામાં આવી હતી.

## પારડીની અશ્વમેઘ વિદ્યાલયમાં નશા મુક્તિ સેમિનાર યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધ)

**પારડી, તા. ૨૫ :** અશ્વમેઘ વિદ્યાલય ખાતે ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે નશા મુક્તિ અભિયાન અંતર્ગત વિશેષ જાગૃતિ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ઈશ્વરિય વિદ્યાલયના બ્રહ્માકુમારી, પારડી કેન્દ્રથી દીપિકા દીદી, બિનલ દીદી અને મિનલ દીદી ઉપસ્થિત રહ્યા હતા.તેમણે પોતાના સરળ, અસરકારક અને સુંદર રજૂઆતના માધ્યમથી વિદ્યાર્થીઓને નશાના દુષ્પ્રભાવોથી માહિતગાર કર્યા હતા.

નશો માત્ર એક વ્યક્તિના જીવનને જ બરબાદ કરતો નથી, પરંતુ સમગ્ર પરિવારને પણ મુશ્કેલી અને વેરવિખેર પરિસ્થિતિમાં ધકેલી દે છે, તે બાબત વિદ્યાર્થીઓને ખૂબ જ સારી રીતે સમજાવવામાં આવી હતી. વિદ્યાર્થીઓને પોતાના જીવનમાં કોઈપણ પ્રકારના નશાથી દૂર રહેવા તેમજ પોતાના પરિવાર કે આસપાસના લોકોમાં કોઈ નશાની આદતમાં હોય તો તેમને પ્રેમપૂર્વક નશો છોડવા માટે સમજાવવા પ્રેરણા આપવામાં આવી હતી સેમિનાર દરમિયાન વિદ્યાર્થીઓને પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી કે તેઓ ભવિષ્યમાં કોઈપણ પ્રકારના નશાના સંપર્કમાં નહીં આવે અને પોતાનું જીવન સ્વસ્થ, સુખી અને ઉજ્જવળ બનાવશે શાળાના કેમ્પસ ડાયરેક્ટર મનોજ દ્વારા પણ વિદ્યાર્થીઓને નશાથી દૂર રહેવા માટે પ્રેરણાદાયી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમણે સમજાવ્યું હતું કે નશાની લત વ્યક્તિના જીવન, સ્વાસ્થ્ય, પરિવાર અને ભવિષ્યને ગંભીર રીતે નુકસાન પહોંચાડી શકે છે.

## ઉમરસાડી માછીવાડમાં પરંપરાગત લાલજી મહારાજના સપ્તાહની ઉજવણી







૨૦૮૨ શ્રાવણ સુદ બીજના રોજ ઉમરસાડી માછીવાડ ગામમાં વર્ષો જૂનીપરંપરામુજબ શ્રી લક્ષ્મીનારાયણ મંદિરના પ્રાંગણમાં શ્રી માછી મહાજન પંચ સંચાલિત મોરી ફળિયા મારફતે સપ્તાહનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. ભૂદેવોના માધ્યમ થકી વૈદિક મંત્રોચ્ચાર થી લાલજી મહારાજની વિધિવત રીતે સપ્તાહનો -રંભ કરવામાં આવ્યો હતો.ત્યાર બાદ ગામના દરેક ફળિયાના ક્રમ મુજબ એક - એક કલાક સુધી મંદિરમાં આવી ભજન કીર્તન, ધૂન વગેરેની રમઝટ બોલાવતા હોય છે. આ સપ્તાહની એક ખાસિયત એ છે કે ફળિયા મુજબ એક પુરુષને નારદમુનિના વેશભૂષામાં તૈયાર કરવામાં આવે છે હાથમાં તુલસીની માળા, ખભે તંબુરો ધારણ કરી સતત એક કલાક સુધી ખડા પગે ઉભા રહેતા હોય છે. બાકી બીજા બધા ઢોલ નગારા સાથે ભજન કીર્તન કરતા નજરે પડે છે. આ રીતે સતત સાત દિવસ સુધી અખંડ ભજન કીર્તન, ધૂન કરવામાં આવે છે. મળસ્કે સુંદર મજાના અલગ અલગ પ્રકારના પ્રભાતિયા ગાતા જોવા મળે છે. સમગ્ર ગામનું વાતાવરણ ભક્તિમય બની જાય છે. દરેક ફળિયામાં યુવાનો, વડીલ મિત્રો પોતપોતાની છાપણીમાં રસોઈ બનાવી ભોજન કરે છે. આમ અંતિમ દિવસે મંદિરમાં સવારે ૭ કલાકે ભૂદેવોના મંત્રોચ્ચાર થકી વિધિ સંપન્ન કરી ઠાકોરજીને પાલખીમાં બેસાડયા બાદ મંદિરમાં સૌપ્રથમ મટકી દહીં હાંડી ફોડવામાં આવે છે. ત્યારબાદ મંદિર માંથી લાલજી



પારડીનો પત્ર
કુલદિપસિંહ રાજપુત, પારડી

મહારાજને સમુદ્ર તટે લઈ જવામાં આવે છે. આ સમય દરમિયાન ગામમાં ઠેર ઠેર જગ્યાએ મટકી દહીં હાંડી બાંધવામાં આવે છે જે દરેક ફળિયાના યુવાનો આ દહીં હાંડી ફોડવા માટે ફળિયાની ટીમ બનાવી તેમાં ભાગ લઈ આનંદ, ઉમંગ, ઉલ્લાસથી મટકી ફોડતા હોય છે.આ નજારો જોવા આખું ગામ ઉમટી પડે છે. મટકી ફોડ કાર્યક્રમ બાદ ભૂદેવોના કંઠે લાલજી મહારાજને મંત્રો ચારથી સમુદ્ર સ્નાન કરાવી જલ અભિષેક પૂજા અર્ચના વિધિ કર્યા બાદ આરતી ઉતારી ઠાકોરજીને દર્શનાર્થે ગામમાં લઈ જવામાં આવે છે.

બીજી બાજુ ભાવિક ભક્તજનો સમુદ્ર સ્નાન કરી ઘરે જઈ નવા કપડામાં સજ્જ થઈ પોત - પોતાની છાપરીમાં લાલજી મહારાજના દર્શન કરવા માટે પહોંચી જાય છે.

ફળિયામાં ઠાકોરજીના આગમન બાદ દર્શન કરી, પ્રસાદનો લાભ લઇ, ગોળ મહારાજને દાન, દક્ષિણા આપી આશીર્વાદ પ્રાપ્ત કરતા હોય છે. ત્યારબાદ પાલખીને બીજા ફળિયામાં લઈ જવામાં આવે છે. આમ સાંજ સુધી ઠાકોરજીની પાલખીને ગામમાં દર્શન અર્થે દરેક ફળિયાની છાપરીમાં લઈ જતા હોય છે. ઠાકોરજીના દર્શન કરી ભૂદેવોને દાન, દક્ષિણા આપી આશીર્વાદ પ્રાપ્ત કરી ગ્રામજનો ધન્યતા અનુભવે છે. આ સપ્તાહનો પ્રારંભ મોરી ફળિયા દ્વારા કરવામાં આવ્યો હતો. જ્યારે પૂર્ણાહુતી સ્કૂલ ફળિયા દ્વારા થઈ હતી. શ્રી માછી મહાજનપંચના પ્રમુખ ઉપપ્રમુખ તથા અન્ય હોદ્દેદારોઓ, મંદિર કમિટીના પ્રમુખ રામચંદ્ર ટંડેલ, અન્યહોદ્દેદારોઓ,સમાજનામેમ્બર્સ ભાઈઓ, વડીલ બંધુઓ, માતાઓ બહેનો, યુવાન મિત્રો તથા નાના ભૂલકાઓ આ ઉત્સવનો ભરપૂર આનંદ ઉઠાવે છે. આ સમગ્ર ધાર્મિક ઉત્સવમાં ગામવાસીઓનો અમૂલ્ય ફાળો જોવા મળે છે.

અંતે બંને પાલખીને ભેગી કરી મંદિર સુધી લાવવામાં આવે છે, મંદિરમાં પ્રવેશ કર્યા બાદ મંદિરના પૂજારી મારફતે લાલજી મહારાજની આરતી ઉતારવામાં આવે છે. આરતી તથા દર્શનનો લાભ લઈ ભાવિક ભક્તજનો વિખોટા પડે છે. આ સતત સાત દિવસ સુધી ભક્તિમય વાતાવરણ વચ્ચે સપ્તાહનું સમાપન કરવામાં આવે છે.

'દમણગંગા ટાઈમ્સ'

દમણગંગા ટાઈમ્સ - ઈ-પેપર દૂનિયાના કોઈપણ ખૂણેથી ડાઉનલોડ અથવા ઓનલાઈન વાંચવા માટે વેબસાઈટ

www.damangangatimes.com


ની મુલાકાત લો.

દમણગંગા ટાઇમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES
Wednesday 26, August 2026

## ભારત-બાંગલાદેશ સંબંધોમાં તણાવ

ભારત-બાંગલાદેશ વચ્ચેના સંબંધોમાં તણાવ ઓછો થવાની નિર્માણ થયેલી શક્યતા પર ફરી એકવાર પ્રશ્નાર્થ ચિહ્ન મુકાઈ ગયું છે. બન્ને દેશ વચ્ચે ચાલી રહેલી વાતચીત આખરે સકારાત્મક પરિણામ વિના અટકી પડી છે અને બાંગલાદેશના વડાપ્રધાન તારિક રહમાનની ભારત મુલાકાત પણ અનિશ્ચિત છે. બાંગલાદેશના વિદેશ ખાતાના પ્રવક્તાએ કહ્યું છે કે, તારિક રહમાનની ભારત મુલાકાત માટે યોગ્ય વાતાવરણ ભારત નિર્માણ કરે એ આવશ્યક છે. ભારતે આગામી ૧૨મી અને ૧૩મી સપ્ટેમ્બરે યોજાનારી બ્રિક્સ સમિટ માટે રહમાનને આમંત્રણ મોકલ્યું હતું, પણ એ પહેલાં નવી દિલ્હીએ બાંગલાદેશના ભૂતપૂર્વ વડાપ્રધાન શેખ હસીના પ્રત્યાર્પણ બાબતે તાકીદે કાર્યવાહી કરવી જોઈએ એવી માગણી મૂકવામાં આવી છે. ખાસ તો ગત પાંચમી ઓગસ્ટે શેખ હસીનાએ સંબોધેલી વર્ચ્યુઅલ પ્રેસ કોન્ફરન્સનો મુદ્દો આગળ કરી ઢાકાએ વડાપ્રધાન રહમાનની ભારત યાત્રા માટે યોગ્ય વાતાવરણ ન હોવાનું નિવેદન આપ્યું છે. છેલ્લાં બે વર્ષમાં ભારત-બાંગલાદેશ વચ્ચેના સંબંધોના ઉતાર-ચડાવ બાદ ફરી એકવાર આ મોરચે ચક્કાજામ જેવી સ્થિતિ સર્જાઈ છે. બાંગલાદેશની ઈન્ટરનેશનલ ક્રાઈમ્સ ટ્રિબ્યુનલે શેખ હસીનાને માનવતા વિરુદ્ધના ગુનાઓમાં દોષિત ઠેરવ્યાં છે. જો કે, એકપક્ષી ચાલેલા આ ખટલામાં હસીનાને પોતાનો પક્ષ રાખવાની તક અપાઈ નથી. ભારત અન્ય દેશોની આંતરિક બાબતોમાં હસ્તક્ષેપ કરતું નથી, પણ શેખ હસીનાએ ભારતમાં શરણાગતિ લીધી હોવાથી તેમનું પ્રત્યાર્પણ યોગ્ય ન્યાયિક તથા કાયદા પ્રક્રિયા દ્વારા જ શક્ય છે. આથી, બાંગલાદેશે સમજવું જોઈએ કે, કૂટનીતિના મોરચે દબાણ લાવી દ્વિપક્ષી સંબંધોને દાવ પર લગાડવાથી મુદ્દો વધુ ગૂંચવાશે. દેખીતી રીતે જ, નિષ્પક્ષ ન્યાયની શક્યતા ઓછી હોય એવા સંજોગોમાં ભારત પ્રત્યાર્પણ કરવા તૈયાર થાય નહીં. પહેલાં બાંગલાદેશમાં વિદ્યાર્થી આંદોલનો પછી ભારતવિરોધી મોહમ્મદ યુનુસની રખેવાળ સરકારના કાર્યકાળમાં અને તેમની હરકતોને પગલે દ્વિપક્ષી સંબંધો સર્વોચ્ચ નીચા સ્તરે પહોંચ્યા હતા. તારિક રહમાન ચૂંટાયા એ પછી ભારતે સંબંધો સામાન્ય કરવાની પહેલ કરી હતી અને ઢાકાએ પણ રુખ નરમ કર્યા હતા, પણ હવે કઠોર વલણ અપનાવતાં શેખ હસીનાનું પ્રત્યાર્પણ અને વિદ્યાર્થી નેતા ઓસમાન હાદીના હત્યારાઓને બાંગલાદેશને સોંપી દેવાની શરત રાખી છે. પાડોશી દેશો વચ્ચે લાંબી સરહદ ઉપરાંત સંરક્ષણ, વેપાર, જળ વહેંચણી તથા અન્ય મુદ્દે સહકાર છે અને આમાંના કેટલાક મુદ્દા પર વિસ્તૃત ચર્ચાથી માર્ગ નીકળી શકે એમ છે, પણ એ માટે પૂર્વશરત રાખી બાંગલાદેશે આખી પ્રક્રિયા પર બ્રેક મારી દીધી છે. બાંગલાદેશ ભારતનું નાક દબાવવા માગે છે, પણ આંતરરાષ્ટ્રીય સંબંધો અને વહેવારો આ રીતે ચાલતા નથી. તારિક રહમાને સત્તા સંભાળ્યા બાદ ભારત પ્રત્યેના વલણમાં ફેરફાર કર્યા છે. જો કે, ઉતાવળિયા નિર્ણયો અને જાહેર નિવેદનોથી અળગા રહી આ દિશામાં આગળ વધવું જોઈએ.

# હવે ખાનગી કંપનીઓને DRDO મિસાઈલ ટેક્નોલોજી મળશે




(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી,તા.૨૫ : ભારતના સંરક્ષણ ક્ષેત્રને વધુ આત્મનિર્ભર બનાવવા માટે સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. તેમણે ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO) દ્વારા વિકસિત તમામ પરંપરાગત મિસાઈલ સિસ્ટમ્સની ટેક્નોલોજી ભારતીય ઉદ્યોગોને ટ્રાન્સફર કરવાની મંજૂરી આપી છે. આ નિર્ણયથી દેશમાં મિસાઈલના સ્થાનિક ઉત્પાદનને વેગ મળવાની સાથે ખાનગી ક્ષેત્રની ભાગીદારી પણ વધશે.

નવી વ્યવસ્થા હેઠળ પાત્ર ભારતીય કંપનીઓ DRDOની વિકસિત ટેક્નોલોજીનો ઉપયોગ કરીને મિસાઈલ સિસ્ટમનું ઉત્પાદન કરી શકશે. અગાઉ અત્યાધુનિક સંરક્ષણ ટેક્નોલોજીના વિકાસ અને ઉત્પાદન ક્ષેત્રમાં સરકારી સંસ્થાઓની ભૂમિકા વધુ મોટી હતી. હવે ખાનગી ક્ષેત્રને વધુ તક મળવાથી સંરક્ષણ ઉત્પાદનની ક્ષમતા વધારવાનો માર્ગ ખુલશે.

આ નિર્ણયનો સૌથી મોટો ફાયદો દેશની સંરક્ષણ સપ્લાય ચેઈનને થઈ શકે છે. મિસાઈલના સંપૂર્ણ ઉત્પાદન માટે વિવિધ પ્રકારના ઈલેક્ટ્રોનિક ઘટકો, વિશેષ સામગ્રી, ચોકસાઈવાળા સાધનો અને અન્ય ટેક્નિકલ સિસ્ટમ્સની જરૂર પડે છે. આથી નાના અને મધ્યમ ઉદ્યોગો (MSME) સહિત અનેક સ્થાનિક કંપનીઓને સંરક્ષણ ક્ષેત્ર સાથે જોડાવાની નવી તકો મળી શકે છે.સરકારના આત્મનિર્ભરતા અભિયાન માટે પણ આ નિર્ણય મહત્વપૂર્ણ છે. સ્થાનિક સ્તરે મિસાઈલનું ઉત્પાદન વધવાથી વિદેશી સપ્લાયરો પરની નિર્ભરતા ઘટાડવામાં મદદ મળશે. સંકટ અથવા યુદ્ધ જેવી પરિસ્થિતિમાં સશસ્ત્ર દળોને જરૂરી હથિયારોનો પુરવઠો ઝડપથી પૂરો પાડવાની ક્ષમતા પણ મજબૂત થઈ શકે છે.જોકે, મિસાઈલ ઉત્પાદન માટે તમામ કંપનીઓએ નિર્ધારિત પાત્રતા, ગુણવત્તા ધોરણો, પ્રમાણપત્રો અને અન્ય નિયમનકારી આવશ્યકતાઓ પૂર્ણ કરવી પડશે. આથી ટેક્નોલોજી ટ્રાન્સફર સાથે ઉત્પાદનની ગુણવત્તા અને સુરક્ષા ધોરણો જળવાઈ રહે તે સુનિશ્ચિત કરવામાં આવશે.ખાનગી ક્ષેત્રની ભાગીદારી વધવાથી સંશોધન, નવીનતા અને ઉત્પાદન પ્રક્રિયામાં સ્પર્ધા વધવાની પણ અપેક્ષા છે. લાંબા ગાળે આ ક્ષમતાનો ઉપયોગ ભારતની પોતાની સશસ્ત્ર દળોની જરૂરિયાતો પૂરી કરવા ઉપરાંત મિત્ર દેશોને સંરક્ષણ ઉત્પાદનોની નિકાસ વધારવામાં થઈ શકે છે.DRDOની ટેક્નોલોજીને સ્થાનિક ઉદ્યોગની ઉત્પાદન ક્ષમતા સાથે જોડવાનો આ નિર્ણય ભારતના સંરક્ષણ ઉદ્યોગ માટે મહત્વપૂર્ણ વળાંક સાબિત થઈ શકે છે. તેનાથી 'મેક ઈન ઈન્ડિયા' અને 'આત્મનિર્ભર ભારત'ને વેગ મળવાની સાથે દેશની વ્યૂહાત્મક સ્વાયત્તતા પણ વધુ મજબૂત થવાની અપેક્ષા છે.

## અજિત ડોભાલની ચીનના ઉપરાષ્ટ્રપતિ સાથે મુલાકાત



(જી.એન.એસ) તા. ૨૫
બીજિંગ, ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (દ્નજીછ) અને ભારત-ચીન સરહદ પ્રશ્ન માટે ખાસ પ્રતિનિધિ અજિત ડોભાલે મંગળવારે બેઈજિંગમાં ચીનના ઉપરાષ્ટ્રપતિ હાન ઝેંગ સાથે મુલાકાત કરી, જેમાં બંને પક્ષોએ સરહદ પર શાંતિ અને સુલેહ-શાંતિને મજબૂત બનાવવા અને દ્વિપક્ષીય સંબંધોને વધુ સુધારવાના માર્ગો પર ચર્ચા કરી.ભારત-ચીન સરહદ પ્રશ્ન પર ખાસ પ્રતિનિધિ તંત્ર હેઠળ ૨૫મા રાઉન્ડની વાટાઘાટો માટે ડોભાલ બે દિવસીય મુલાકાતે ચીનમાં છે. આ ચર્ચાઓ નવી દિલ્હી અને બેઈજિંગ વચ્ચેના સંબંધોમાં એક મહત્વપૂર્ણ તબક્કે આવી છે, જેમાં પૂર્વી લદાખમાં લશ્કરી ગતિરોધ પછી સંબંધોને સ્થિર કરવાના પ્રયાસો ચાલુ છે. ડોભાલે ચીનના ઉપરાષ્ટ્રપતિ હાન ઝેંગ સાથે મુલાકાત કરી.૨૫ ઓગસ્ટના રોજ, ડોભાલે ૨૫મા રાઉન્ડની ખાસ પ્રતિનિધિ વાટાઘાટો પહેલા હાન ઝેંગ સાથે મુલાકાત કરી. ભારતીય દૂતાવાસના જણાવ્યા અનુસાર, બંનેએ સરહદી વિસ્તારોમાં શાંતિ અને સુલેહ-શાંતિને મજબૂત બનાવવા અને આર્થિક, રાજકીય અને બહુપક્ષીય મંચ પર દ્વિપક્ષીય સંબંધોને વધુ સુધારવાના માર્ગો પર ચર્ચા કરી.ભારત અને ચીનના નેતાઓ વચ્ચે થયેલી સર્વસંમતિ અનુસાર આ ચર્ચાઓ યોજાઈ હતી. ડોભાલ દિવસના અંતમાં ચીનના વિદેશ મંત્રી વાંગ યી સાથે ખાસ પ્રતિનિધિઓની વાટાઘાટો કરવાના હતા.ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગની ૧૨ અને ૧૩ સપ્ટેમ્બરના રોજ બ્રિક્સ સમિટ માટે નવી દિલ્હીની અપેક્ષિત મુલાકાત પહેલા આ વાટાઘાટો પર નજર રાખવામાં આવી રહી છે. સંભવિત મુલાકાત શીને સમિટ દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મળવાની તક પૂરી પાડશે.મોદી અને શી છેલ્લે ઓગસ્ટ ૨૦૨૫માં તિયાનજિનમાં શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન સમિટ દરમિયાન મળ્યા હતા.ભારત-ચીન સરહદ વાટાઘાટો મહત્વ મેળવે છેભારત-ચીન સીમા વિવાદને ઉકેલવા માટે ૨૦૦૩ થી ખાસ પ્રતિનિધિઓની પદ્ધતિ અમલમાં છે, જે ૩,૪૮૮ કિમી સુધી ફેલાયેલી છે. ડોભાલ અને વાંગ આ પદ્ધતિ હેઠળ નિયુક્ત ખાસ પ્રતિનિધિઓ છે.

જ્યારે વાટાઘાટોથી સીમા વિવાદનો ઉકેલ આવ્યો નથી, ત્યારે બંને પક્ષોના અધિકારીઓ દ્વારા આ પદ્ધતિને વારંવાર થતા તણાવને સંબોધવા માટે એક માળખાગત પ્લેટફોર્મ તરીકે ગણવામાં આવે છે.

## હોર્મુઝમાંથી પસાર થતા જહાજોને અમેરિકાની ધમકી

(સંપૂર્ણ સમાચાર સેવા)
વોશિંગ્ટન,તા.૨૫
અમેરિકા અને ઈરાન વચ્ચે પર્શિયન ગલ્ફમાં આવેલા વ્યૂહાત્મક દરિયાઈ માર્ગ 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ' (Strait of Hormuz)ને લઈને તણાવ વધુ ઘેરો બન્યો છે. યુએસ ટ્રેઝરી વિભાગના ઓફિસ ઓફ ફોરેન એસેટ્સ કંટ્રોલ (OFAC) દ્વારા વિશ્વભરના જહાજો અને શિપિંગ કંપનીઓને સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે કે જો તેઓ હોર્મુઝ સ્ટ્રેટ સંબંધિત બાબતોમાં કોઈપણ ઈરાની સંગઠનો સાથે માહિતી શેર કરશે, તો તેમની સામે કડક અમેરિકી પ્રતિબંધો લાદવામાં આવશે. અમેરિકી તંત્ર અનુસાર, ઈરાની સંસ્થાઓ દ્વારા માંગવામાં આવેલી માહિતી આપવા બદલ જહાજો પર સેંક્શનનો મોટો ખતરો રહેશે, ભલે તેના બદલે કોઈ નાણાકીય લેવડ-દેવડ કે ચૂકવણી કરવામાં ન આવી હોય.વોશિંગ્ટને પોતાના આકરા વલણમાં ખાસ કરીને ૩ ઈરાની સંસ્થાઓના નામ જાહેર કર્યા છે, જેમાં 'પર્શિયન ગલ્ફ સ્ટ્રેટ ઓથોરિટી', 'પર્શિયન ગલ્ફ મરીન ઈન્સ્યોરન્સ કંપની' અને 'હોર્મુઝસેફ મરીન સર્વિસિસ ઓથોરિટી' નો સમાવેશ થાય છે. અમેરિકાની આ આકરી ચેતવણી તેની 'ઈકોનોમિક ડી-ડે' ઝુંબેશનો એક ભાગ છે, જેના હેઠળ વોશિંગ્ટન ઈરાન પર આર્થિક દબાણ વધારીને તેના વૈશ્વિક કારોબાર અને નાણાકીય સંસાધનોને મર્યાદિત કરવા માંગે છે. અગાઉ પણ અમેરિકાએ આ સમુદ્રી માર્ગ પરથી પસાર થવા માટે ઈરાનને કોઈપણ પ્રકારનો ટોલ કે ચાર્જ ચૂકવવા સામે આંતરરાષ્ટ્રીય જહાજોને ચેતવ્યા હતા.

સામે પક્ષે ઈરાને આ પગલાને 'આર્થિક આતંકવાદ' ગણાવીને તીખી પ્રતિક્રિયા આપી છે. ઈરાની સંસ્થાઓએ દાવો કર્યો છે કે ૪૬ જહાજોએ તેમના ટ્રાન્ઝિટ પ્રોટોકોલનો ભંગ કર્યો છે અને તેમને ભવિષ્યમાં ભારે દંડ, કસ્ટડી કે જપ્તી જેવી આકરી કાર્યવાહીની ધમકી આપવામાં આવી છે. આ બંને દેશો વચ્ચેના ટકરાવને કારણે હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા જહાજોની અવરજવરમાં ભારે ઘટાડો નોંધાયો છે. પરિણામે, વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઈલ અને એલએનજી (LNG) સપ્લાય ખોરવાઈ જવાની ભીતિ સર્જાઈ છે, જેના કારણે વૈશ્વિક ઊર્જા બજાર અને દરિયાઈ સુરક્ષા પર મોટું સંકટ ઊભું થયું છે.

## અમેરિકાએ સીરિયાને આતંકવાદ પ્રાયોજક રાજ્યની યાદીમાંથી દૂર કર્યું

જી.એન.એસ) તા. ૨૫
વોશિંગ્ટન,યુનાઈટેડ સ્ટેટ્સે સીરિયાને આતંકવાદના પ્રાયોજકોની યાદીમાંથી દૂર કરી દીધું છે, દાયકાઓ જૂનું નામ રદ કર્યું છે જે ગંભીર આર્થિક પ્રતિબંધો સાથે આવ્યું હતું અને દેશો વચ્ચેના સંબંધોને ગરમ કરવા માટેનું બીજું પગલું છે.યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ સ્ટેટે અલ-નુસરા ફ્રન્ટ - જે પાછળથી હયાત તહરિર અલ-શામ (ઊ્ંજી) તરીકે ઓળખાય છે - ને વૈશ્વિક આતંકવાદી સંગઠન તરીકેનો પોતાનો નામ પણ રદ કર્યો છે. ટ્રેઝરી ડિપાર્ટમેન્ટે સંબંધિત પ્રતિબંધોમાં રાહતની જાહેરાત કરી હતી.ડિસેમ્બર ૨૦૨૪ માં ઊ્ંજી ની આગેવાની હેઠળના બળવાખોરોએ લાંબા સમયથી સીરિયન શાસક બશર અલ-અસદને ઉથલાવી દીધો હતો, જૂથના નેતા અહેમદ અલ-શારાએ ૧૩ વર્ષથી વધુ સમયના ગૃહયુદ્ધ પછી દેશનું પુનર્નિર્માણ થતાં રાષ્ટ્રપતિ તરીકે કાર્યભાર સંભાળ્યો હતો.ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસેંટે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, "આજની કાર્યવાહી રાજકીય અને આર્થિક સ્થિરતાને પ્રોત્સાહન આપવા માટે સીરિયામાં વધારાના રોકાણને પ્રોત્સાહન આપવામાં મદદ કરશે."ટ્રેઝરીએ જણાવ્યું હતું કે આ પગલાં "રાષ્ટ્રપતિ (ડોનાલ્ડ) ટ્રમ્પના સીરિયાને પ્રતિબંધોમાં રાહત આપવાના વચન સાથે સુસંગત છે."પરંતુ એજન્સીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે સીરિયા પરના પ્રતિબંધો દૂર કરવાથી "વૈશ્વિક આતંકવાદનો સામનો કરવા અને સીરિયામાં ખરાબ કલાકારોને જવાબદાર ઠેરવવાની અમારી પ્રતિબદ્ધતા અંગે ટ્રેઝરીનો અભિગમ બદલાતો નથી."

સંબંધોમાં ગરમાવો ઊ્ંજી અગાઉ અલ-નુસરા ફ્રન્ટ તરીકે ઓળખાતું હતું અને તે અગાઉ સીરિયામાં અલ-કાયદાની શાખા હતું. તેણે ૨૦૧૬ માં જેહાદી જૂથ સાથેના સંબંધો તોડી નાખ્યા હતા.યુનાઈટેડ સ્ટેટ્સે શરૂઆતમાં જુલાઈમાં સીરિયાને આતંકવાદના પ્રાયોજક રાજ્ય તરીકે સૂચિમાંથી બહાર કાઢવાના તેના ઈરાદાની જાહેરાત કરી હતી, આ પગલાને શારામાં વિશ્વાસ મત તરીકે જોવામાં આવે છે.ટ્રમ્પ તુર્કીમાં નાટો સમિટની બાજુમાં સીરિયન રાષ્ટ્રપતિ સાથે મળ્યા હતા, જે એક ભૂતપૂર્વ જેહાદી હતા જેમણે અડધી સદી સુધી લોખંડી મુઠ્ઠીથી શાસન કરનારા અસદ પરિવારના પતન પછી પોતાને એકીકૃત વ્યક્તિ તરીકે ફરીથી રજૂ કરવાનો પ્રયાસ કર્યો હતો.




## નોબેલ હાઈજીને આઈપીઓ માટે અરજી કરી

**સુરત, તા. ૨૫ :** નોબેલ હાઈજીન લિમિટેડ સેબી સમક્ષ તેનું ડીઆરએચપી ફાઈલ કર્યું છે. કંપનીએ ભારતમાં પુખ્ત વયના લોકો માટેની એબ્સોર્બન્ટ હાઈજીન કેટેગરીનો પાયો નાંખ્યો હતો અને વારસો બે દાયકાથી વધુ સમયનો છે હવે પુખ્ત વયના લોકો, બાળકો તથા મહિલાઓ માટેની એબ્સોર્બન્ટ હાઈજીન પ્રોડક્ટ્સના ક્ષેત્રમાં વૈવિધ્યસભર હાજરી ઊભી કરી છે.કંપની તેની Friends, B-Fit, Teddyy, Snuggyઅને RIO બ્રાન્ડ્સ મારફતે પુખ્ત વયના લોકો, બાળકો તથા મહિલાઓ માટેની એબ્સોર્બન્ટ હાઈજીન પ્રોડક્ટ્સના ક્ષેત્રમાં કાર્યરત છે.

આ ઈશ્યૂમાં રૂ. ૧૫૦ કરોડ સુધીનો ફ્રેશ ઈશ્યૂ અને હાલના શેરધારકો દ્વારા કુલ ૧૫,૫૧૧,૦૮૨ ઈક્વિટી શેર સુધીની ઓફર ફોર સેલ (ઓએફએસ) સામેલ છે. નોબેલ હાઈજીનનો ૩૧ માર્ચ, ૨૦૨૬ના રોજ કંપનીના પોર્ટફોલિયોમાં ૧,૧૫૮થી વધુ એસકેયુનો સમાવેશ થતો હતો. કંપની હાલોલ અને નાશિક ખાતે આવેલી છે.

## રાજનાથ સિંહ સપ્ટેમ્બરમાં શ્રીલંકા જશે




(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી,તા.૨૫
ભારતના સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ ૯ અને ૧૦ સપ્ટેમ્બરે શ્રીલંકાની સત્તાવાર મુલાકાતે જશે. આ દરમિયાન બંને દેશો વચ્ચે સંરક્ષણ સહયોગને વધુ મજબૂત બનાવવા અંગે મહત્વપૂર્ણ ચર્ચા થવાની શક્યતા છે. ખાસ કરીને હિંદ મહાસાગર ક્ષેત્રમાં દરિયાઈ સુરક્ષા, નૌકાદળ સહયોગ અને પ્રાદેશિક સુરક્ષા અંગે સંકલન વધારવા પર ભાર રહેશે.

મુલાકાત દરમિયાન રાજનાથ સિંહ શ્રીલંકાના રાષ્ટ્રપતિ અને સંરક્ષણ મંત્રી અનુરા કુમારા દિસાનાયકે સાથે મુલાકાત કરશે. તેઓ વડાપ્રધાન હરિની અમરસૂર્યા અને સંરક્ષણ મંત્રાલયના સચિવ એર વાઈસ માર્શલ (નિવૃત્ત) સંપથ થુયાકોન્થા સાથે પણ ચર્ચા કરે તેવી શક્યતા છે. બંને દેશો વચ્ચે થયેલા સંરક્ષણ સહયોગના કરારની પ્રગતિની સમીક્ષા પણ મુલાકાતના એજન્ડામાં રહેશે.

આ કરાર એપ્રિલ ૨૦૨૫માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની શ્રીલંકા મુલાકાત દરમિયાન થયો હતો. પાંચ વર્ષ માટે લાગુ આ વ્યાપક સંરક્ષણ સહયોગ વ્યવસ્થામાં બંને દેશો વચ્ચે સંયુક્ત સૈન્ય અભ્યાસ વધારવા, સૈન્ય ક્ષમતા અને તાલીમને મજબૂત કરવા તેમજ માનવતાવાદી સહાય અને આપત્તિ રાહત કામગીરીમાં સહયોગ વધારવાની જોગવાઈ છે.

આ ઉપરાંત બંને દેશોની નૌકાદળ વચ્ચે સહયોગ વધારવા, નૌકાદળના જહાજોના પોર્ટ કોલમાં વધારો કરવા અને સંરક્ષણ ઉદ્યોગ ક્ષેત્રે સહકારની નવી તકો શોધવા પર પણ ચર્ચા થઈ શકે છે. હિંદ મહાસાગરમાં ઉભા થતા સંયુક્ત સુરક્ષા પડકારો અંગે બંને દેશો વચ્ચે માહિતી અને સંકલન વધારવાનું પણ કરારનું મહત્વપૂર્ણ પાસું છે. શ્રીલંકાનું ભૌગોલિક સ્થાન ભારત માટે વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્વપૂર્ણ છે. ભારતના દક્ષિણમાં હિંદ મહાસાગરના મહત્વપૂર્ણ સમુદ્રી માર્ગોની નજીક આવેલું શ્રીલંકા દરિયાઈ સુરક્ષા અને પ્રાદેશિક સ્થિરતામાં મહત્વની ભૂમિકા ભજવે છે. તેથી રાજનાથ સિંહની મુલાકાત દરમિયાન દરિયાઈ દેખરેખ, નૌકાદળ તાલીમ અને સુરક્ષા સહયોગ પર વિશેષ ધ્યાન રહેવાની શક્યતા છે. કરારને ત્રણ મહિનાની નોટિસ આપીને સમાપ્ત કરી શકાય છે અને બંને દેશોની પરસ્પર સંમતિથી તેને વધુ ત્રણ વર્ષ માટે લંબાવી શકાય છે. આ મુલાકાતથી ભારત-શ્રીલંકા સંરક્ષણ સંબંધોને નવી ગતિ મળવાની અને હિંદ મહાસાગરમાં બંને દેશો વચ્ચે વ્યૂહાત્મક સહયોગ વધુ મજબૂત થવાની અપેક્ષા છે.

## કર્ણાટકમાં Amazon, Swiggy ,Instamart, BigBaskના ફૂડ લાયસન્સ સસ્પેન્ડ

**ફૂડ સેફટી એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન વિભાગે ઓનલાઈન પ્લેટફોર્મ પર ધતૂરો વેચાતો હોવાની બાબતને ગંભીર ગુનો ગણાવીને કાર્યવાહી શરૂ કરી છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)
બેંગલુરુ, તા.૨૫
કર્ણાટકમાં ઓનલાઈન શોપિંગ અને ફૂડ ડિલિવરી પ્લેટફોર્મ પર ઝેરી ધતૂરાના ડોડા અને બીજ (Seeds) વેચાતા હોવાનો મામલો સામે આવ્યા બાદ ફૂડ સેફટી વિભાગે મોટી કાર્યવાહી કરી છે. કર્ણાટક ફૂડ સેફટી એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (FDA) વિભાગે Amazon, Swiggy Instamart અને BigBaskના ફૂડ લાયસન્સ આગામી આદેશ સુધી સસ્પેન્ડ કરી દીધા છે. આ સાથે જ કર્ણાટક ફૂડ સેફટી એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (FDA) વિભાગે આ ત્રણેય પ્લેટફોર્મને આદેશ આપ્યો છે કે માનવ વપરાશ માટે દર્શાવવામાં આવેલી ધતૂરાની તમામ ઓનલાઈન લિસ્ટિંગ અને જાહેરાતો તાત્કાલિક હટાવવામાં આવે. આ ઉપરાંત ધતૂરાના ડોડા અને બીજનું ખાદ્ય વસ્તુ તરીકે વેચાણ બંધ કરવામાં આવે. FDAની તપાસમાં જાણવા મળ્યું હતું કે, આ ત્રણેય પ્લેટફોર્મ પર ધતૂરાના ડોડા અને બીજ (Seeds) વેચાતા હતા. કેટલીક જગ્યાએ તો તેને સીધા માનવ વપરાશ માટેની વસ્તુ તરીકે દર્શાવવામાં આવ્યા હતા. ખાસ વાત એ હતી કે કેટલાક પેકેટ પર FSSAI લાઈસન્સ અથવા રજિસ્ટ્રેશન નંબર પણ દર્શાવવામાં આવ્યો હતો. ફૂડ સેફટી એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (FDA) વિભાગે આ બાબતને ગંભીર ગણીને કાર્યવાહી શરૂ કરી. અધિકારીઓનું કહેવું છે કે, ધતૂરો એક ઝેરી છોડ છે અને તેના બીજ તથા અન્ય ભાગોમાં ઝેરી તત્વો હોય છે. તેનું સેવન કરવાથી ગંભીર સ્વાસ્થ્ય સમસ્યાઓ ઊભી થઈ શકે છે. ખાસ કરીને તેને ખાદ્ય પદાર્થ તરીકે વેચવામાં આવે તો ગ્રાહકો માટે મોટું જોખમ ઊભું થઈ શકે છે. આ જ કારણસર ફૂડ સેફટી એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન વિભાગે ઓનલાઈન પ્લેટફોર્મ પર ધતૂરો વેચાતો હોવાની બાબતને ગંભીર ગુનો ગણાવીને કાર્યવાહી શરૂ કરી છે.ત્રણેય કંપનીઓને સ્પષ્ટ આદેશ આપવામાં આવ્યો છે કે માનવ વપરાશ માટે દર્શાવવામાં આવેલી ધતૂરાની તમામ ઓનલાઈન લિસ્ટિંગ અને જાહેરાતો તાત્કાલિક હટાવી લેવામાં આવે. સાથે જ ધતૂરાનું ખાદ્ય વસ્તુ તરીકે વેચાણ સંપૂર્ણપણે બંધ કરવામાં આવે. માત્ર પ્લેટફોર્મ જ નહીં, પણ ધતૂરો સપ્લાય કરનારા વેચાણકારો અને સંસ્થાઓના લાયસન્સ અને રજિસ્ટ્રેશન પણ સસ્પેન્ડ કરવામાં આવે.

## દિલ્હી-ગુરુગ્રામમાં જળબંબાકાર



(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૨૫
સોમવારે ઉત્તર ભારતના અનેક વિસ્તારોમાં ભારે વરસાદને કારણે ફ્લાઈટ ડાયવર્ઝન, જળબંબાકાર અને મોટા પાયે ટ્રાફિક જામની ઘટનાઓ સામે આવી હતી, રાજધાની દિલ્હીમાં સૌથી વધુ વરસાદ નોંધાયો હતો. જ્યારે રાજસ્થાન, ઉત્તર પ્રદેશ અને હિમાચલ પ્રદેશના કેટલાક વિસ્તારોમાં પણ દિવસ દરમિયાન વરસાદ પડયો. આ દરમિયાન ગુરુગ્રામમાં ટ્રાફિકની સ્થિતિ સૌથી ખરાબ જોવા મળી હતી. દિલ્હી એરપોર્ટ પર ૩૮૦ જેટલી ફ્લાઈટ્સ વરસાદને કારણે મોડી ચાલી રહી હતી. જ્યારે ૨૬ ફ્લાઈટો રદ કરાઈ હતી.ભારે વરસાદને કારણે દિલ્હી એનસીઆરના અનેક વિસ્તારોમાં જળબંબાકાર સર્જાયો હતો. અનેક વાહનો પાણીમાં ફસાયા હતા, શાળાની બસો, એમ્બ્યુલન્સ પણ કલાકો સુધી અટવાયા હતા. દિલ્હીમાં પણ લ્યુટિયન્સ દિલ્હી, મથુરા રોડ, કનોટ પ્લેસ, અને ઝખીરા અંડરપાસના કેટલાક ભાગો સહિતના અનેક મુખ્ય માર્ગો પર પણ પાણી ભરાયા હતા. ખરાબ હવામાનને કારણે દિલ્હી એરપોર્ટ પર ઓછામાં ઓછી ૩૮૦ ફ્લાઈટ્સ મોડી પડી હતી. જ્યારે ૨૬ ફ્લાઈટ રદ કરવી પડી હતી. એક અધિકારીએ જણાવ્યું કે ૧૨ ફ્લાઈટ્સ જયપુર, બે ચંડીગઢ અને એક લખનઉ તરફ ડાયવર્ટ કરવામાં આવી હતી.હવામાન વિભાગે જણાવ્યું કે ઉત્તર પ્રદેશના અનેક વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદ અને છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદ પડયો, જેના કારણે શહેરી વિસ્તારોમાં સામાન્ય જનજીવન ખોરવાયું. ગાઝિયાબાદમાં ભારે વરસાદના કારણે મુખ્ય રસ્તાઓ અને નીચાણવાળા રહેણાંક વિસ્તારોમાં ગંભીર જળબંબાકાર સર્જાયો, જેના કારણે ભારે ટ્રાફિક જામ થયો. જયપુર અને પૂર્વ રાજસ્થાનના અન્ય ભાગોમાં ભારે વરસાદ પડયો, જેના કારણે ટ્રાફિક ખોરવાયો અને અનેક સ્થળોએ પાણી ભરાઈ ગયું.

## 'વન નેશન, વન ઈલેક્શન' ૨૦૨૯માં શક્ય નહીં : પી. ચિદમ્બરમ

**વાપી, તા. ૨૫ :** 'વન નેશન, વન ઈલેક્શન' હેઠળ લોકસભા અને રાજ્ય વિધાનસભાની ચૂંટણીઓ એકસાથે યોજવાની કેન્દ્ર સરકારની દરખાસ્તને લઈને કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પૂર્વ કેન્દ્રીય મંત્રી પી. ચિદમ્બરમે મોટો વિરોધ નોંધાવ્યો છે.

તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે હાલના પ્રસ્તાવિત કાયદાના લખાણ મુજબ ૨૦૨૯માં એકસાથે ચૂંટણી યોજવી શક્ય નથી.

ચિદમ્બરમે સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું કે સંયુક્ત સંસદીય સમિતિના અધ્યક્ષ પી.પી. ચૌધરીનું ૨૦૨૯માં એકસાથે ચૂંટણી યોજાઈ શકે તેવું નિવેદન યોગ્ય નથી. તેમના જણાવ્યા મુજબ, બિલમાં દર્શાવાયેલ 'નિયુક્ત તારીખ' સામાન્ય ચૂંટણી બાદની તારીખ જ હોઈ શકે છે. આગામી લોકસભા ચૂંટણી ૨૦૨૯માં યોજાવાની હોવાથી તે જ વર્ષે લોકસભા અને તમામ રાજ્યોની વિધાનસભાની ચૂંટણી એકસાથે યોજવી શક્ય નથી.



ચિદમ્બરમે 'વન નેશન, વન ઈલેક્શન' સાથે સંકળાયેલા બિલોને બંધારણીય વિસંગતિ ગણાવીને કહ્યું કે કોંગ્રેસ સહિત અન્ય વિપક્ષી પક્ષો આ પ્રસ્તાવ સામે દેશવ્યાપી અભિયાન શરૂ કરશે. તેમણે ભારપૂર્વક કહ્યું કે આ પ્રસ્તાવ સંસદીય લોકશાહી અને સંઘીય માળખાના મૂળભૂત સિદ્ધાંતો સાથે સુસંગત નથી.

'વન નેશન, વન ઈલેક્શન' સંબંધિત બંધારણ (૧૨૯મો સુધારો) બિલ, ૨૦૨૪ અને કેન્દ્રશાસિત પ્રદેશ કાયદા (સુધારા) બિલ, ૨૦૨૪ ડિસેમ્બર ૨૦૨૪માં લોકસભામાં રજૂ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ બંને બિલોને તપાસ માટે ૩૧ સભ્યોની સંયુક્ત સંસદીય સમિતિને મોકલવામાં આવ્યા હતા.

પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની અધ્યક્ષતાવાળી ઉચ્ચસ્તરીય સમિતિએ લોકસભા, રાજ્ય વિધાનસભા અને ત્યારબાદ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ એકસાથે યોજવાની ભલામણ કરી હતી. ગૃહમંત્રી અમિત શાહ પણ આ સમિતિના સભ્ય હતા.

## ગિનીમાં કચરાનો મોટો પહાડ ધસી પડતાં ૩૦ લોકોના કરૂણ મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)
કોનાક્રી, તા.૨૫: આફ્રિકાના પશ્ચિમ કિનારે આવેલા ગિની દેશમાંથી એક અત્યંત દર્દનાક હોનારતના સમાચાર સામે આવ્યા છે. રાજધાની કોનાક્રી માં આવેલા શહેરના સૌથી મોટા ઓપન-એર ડમ્પિંગ યાર્ડમાં કચરાનો મહાકાય પહાડ અચાનક ધસી પડ્યો હોવાનું પ્રકાશમાં આવ્યું છે. આ દુર્ઘટનામાં ૩૦ જેટલા નિર્દોષ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે, જ્યારે કેટલાક લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. મલબા નીચે હજુ પણ અનેક લોકો દબાયેલા હોવાની આશંકા વચ્ચે રેસ્ક્યૂ ઓપરેશન ચાલુ રખાયું છે. વિગતે વાત કરવામાં આવે તો, અત્યાર સુધીમાં ૩૦ મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા છે અને ૬ થી વધુ લોકોની સ્થિતિ નાજુક હોવાનું કહેવાય છે. કાટમાળ ખૂબ મોટો હોવાથી હજુ પણ કેટલાક લોકો નીચે દબાયેલા હોઈ શકે છે, જેથી મૃત્યુઆંક વધવાની પૂરેપૂરી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# અન્ય સમાચારો

## દમણનાં નમો એરપોર્ટ પરથી હવે મુંબઈ અને અમદાવાદ માટે પણ હવાઈ સેવા શરૂ થઈ



**દમણ, તા.૨૫ :** શ્રીડીના પ્રશાસક પ્રફુલ પટેલના નેતૃત્વમાં દમણની હવાઈ કનેક્ટિવિટીને વધુ મજબૂત બનાવવામાં આવી રહી છે. એલાયન્સ એર દ્વારા દમણ-મુંબઈ-અમદાવાદ વચ્ચેની આ નવી હવાઈ સેવા અઠવાડિયામાં ત્રણ દિવસ મંગળવાર, ગુરુવાર અને શનિવારે સંચાલિત થશે. આ નવી કનેક્ટિવિટીથી દમણના પ્રવાસીઓ ઉપરાંત ગુજરાત અને મહારાષ્ટ્રથી દમણ આવતા પ્રવાસીઓ, વેપારીઓ અને ઉદ્યોગકારોને મોટી સુવિધા મળશે. નવી હવાઈ સેવા દમણના પ્રવાસન, વેપાર અને ઔદ્યોગિક વિકાસને નવી ગતિ આપશે, તેમજ દમણને દેશના મહત્વપૂર્ણ શહેરો સાથે વધુ સરળતાથી જોડશે.

## ડુંગરાથી માતા સાથે બે બાળકો ગુમ



**વાપી, તા.૨૫ :** ડુંગરા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી એક મહિલા અને તેના બે પુત્રો ઘરેથી કહ્યા વગર નીકળી જતાં ગુમ થયાની ફરિયાદ નોંધાઈ છે.

ડુંગરા પોલીસના ગુમ જાણવા જોગ નં. ૯૯/૨૦૨૫ મુજબ, તા. ૨૨/૦૮/૨૦૨૫ ના રોજ બપોરે ૧૩:૩૦ વાગ્યે મોજે કરવડ, દમણગંગા ઈન્ડસ્ટ્રીયલ પાર્ક, મુરલીધર એન્ટરપ્રાઈઝ, પ્લોટ નં. ૪૫, પવન અગ્રવાલના ગોડાઉન ખાતેથી (૧) પ્રીતિ પ્રવિણ પાંડે ઉ.૩૧ (ઊંચાઈ ૫.૨ ફૂટ, કાળી હાફ કુર્તી, બ્લુ જીન્સ) (૨) સમર પ્રવિણ પાંડે ઉ.૧૪ (૪.૨ ફૂટ, સફેદ શર્ટ, નેવી બ્લુ પેન્ટ) અને (૩) અમર પ્રવિણ પાંડે ઉ.૦૮ (સાડા ત્રણ ફૂટ, લીલું ટી-શર્ટ) ગુમ થયા છે.પોલીસે આ અંગે શોધખોળ હાથ ધરી છે.

## ગુંદલાવ હાઈવેથી મહારાષ્ટ્રમાં લૂંટ કરી કારમાં સુરત ભાગતા ૪ લૂંટારૂ ઝડપાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૨૫ :** મહારાષ્ટ્રના પાલઘર જિલ્લામાં સોનાની ચેઈન લૂંટીને ઈકો કારમાં સુરત તરફ ભાગી રહેલા ૪ આરોપીઓને વલસાડ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચે ગણતરીના કલાકોમાં ગુંદલાવ ને.હા.નં. ૪૮ પરથી લૂંટના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા છે.

આજરોજ તા. ૨૪/૦૮/૨૦૨૫ના રોજ મહારાષ્ટ્ર, પાલઘર જિલ્લાના વાડા વિસ્તારમાં ૪ અજાણ્યા ઇસમોએ ફરિયાદીના પહેરેલ સોનાની ચેઈનની લૂંટ કરી GJ-05-RS-9757 નંબરની સફેદ મારુતિ ઈકો કારમાં ને.હા.નં. ૪૮ ઉપર થઈ સુરત તરફ નાસી રહેલ હોવાની માહિતી મળી હતી.



આ અંગે સુરત વિભાગના પોલીસ મહાનિરીક્ષક પ્રેમ વીર સિંહ અને વલસાડ એસપી યુવરાજસિંહ જાડેજાએ એલસીબી વલસાડને નાકાબંધી કરવા સૂચના આપી હતી. એલસીબી PI એ.યુ. રોઝની સૂચનાથી ૦૬ વિસ્તારમાં વોચ ગોઠવી હતી. દરમિયાન ગુંદલાવ પાસે લૂંટારુઓની ઈકો કાર આવતા કોર્ડન કરી ચારેયને દબોચી લેવાયા હતાં. પકડાયેલા આરોપીઓમાં મુજમ્મીલ અસફાક સવાની ઉ.૨૮ , અસફાક અલી ઉર્ફે બાબુ બાધા મેહમુદ અલી સૈયદ ઉ.૨૮,સુફીયાન નાજીમ શેખ ઉ.૨૨ અને આસીફ ઉર્ફે હીના અમઝદ પઠાણ ઉ.૨૮ - તમામ રહે. બેસ્તાન, સુરત હોવાનું ખુલ્યું છે.તેમની પાસેથી ૧૩ ગ્રામ સોનાની ચેઈન કિ. રૂા. ૧,૯૦,૦૦૦ અને ઈકો કાર રૂા. ૩,૦૦,૦૦૦ મળી કુલ રૂા. ૪,૯૦,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરાયો છે. ત્રણ આરોપીઓ વિરુદ્ધ અગાઉ પણ સુરત અને મહારાષ્ટ્રમાં લૂંટ, ચોરીના ગુના નોંધાયેલા છે. ચારેયને વધુ કાર્યવાહી માટે પાલઘર લોકલ ક્રાઈમ બ્રાન્ચને સોંપવામાં આવ્યા છે.

## ખાનવેલમાં રોજગાર મેળામાં ૬૬૫ યુવાનોની સ્થળ પર જ પસંદગી કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા.૨૫ :** દાદરા અને નગર હવેલી જિલ્લા પ્રશાસન દ્વારા પ્રશાસક પ્રફુલ પટેલના માર્ગદર્શન હેઠળ મંગળવારે, ૨૫ ઓગસ્ટના રોજ ખાનવેલ પંચાયત ઘર ખાતે એક દિવસીય રોજગાર મેળાનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. સ્થાનિક યુવાનોને વધુમાં વધુ રોજગારની તકો ઉપલબ્ધ કરાવવાના હેતુથી આ મેળાનું આયોજન કરાયું હતું.

રોજગાર મેળામાં વિવિધ ઔદ્યોગિક એકમો ઉપરાંત હોસ્પિટલ અને હોટલ ક્ષેત્રની સંસ્થાઓએ પણ ભાગ લીધો હતો. વિવિધ હોદ્દાઓ માટે કુલ ૬૬૫ ઉમેદવારોની સ્થળ પર જ પસંદગી કરવામાં આવી હતી. પસંદગી પામેલા ઉમેદવારોને તાત્કાલિક નિમણૂકપત્ર પણ આપવામાં આવ્યા હતા. તેમાં ૩૯૧ પુરુષો અને ૨૭૪ મહિલાઓનો સમાવેશ થાય છે.

મહિલાઓની મોટી સંખ્યામાં થયેલી પસંદગીને મહિલા સશક્તિકરણ અને સર્વસમાવેશક વિકાસ તરફનું મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે. પ્રશાસનના જણાવ્યા મુજબ, આ પરિણામ કાર્યબળમાં મહિલાઓની વધતી ભાગીદારી તેમજ સમાન રોજગારની તકો ઉપલબ્ધ કરાવવાના પ્રયાસોની સફળતા દર્શાવે છે.

આ રોજગાર મેળાના કારણે સ્થાનિક યુવાનોને વિવિધ ઔદ્યોગિક એકમોમાં રોજગારની તકો મળી હતી અને નોકરીદાતાઓ તથા ઉમેદવારો વચ્ચે સીધો સંવાદ પણ સ્થાપિત થયો હતો.

જિલ્લા પ્રશાસને રોજગાર મેળાને સફળ બનાવવા બદલ ભાગ લેનારા ઉદ્યોગો, હોસ્પિટલો, હોટલો, યુવા ઉમેદવારો અને ચૂંટાયેલા જનપ્રતિનિધિઓનો આભાર માન્યો હતો. પ્રશાસને ભવિષ્યમાં પણ આવા આયોજન દ્વારા સ્થાનિક યુવાનોને રોજગારની વધુ સારી તકો ઉપલબ્ધ કરાવવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

## સાપુતારાના સર્પગંગા તળાવમાં રેસ્ક્યુ બોટ ખોટકાઈ

**સાપુતારા, તા. ૨૫ :** ગુજરાતના પ્રખ્યાત પ્રવાસન સ્થળ એવા સાપુતારાના સર્પગંગા તળાવ ખાતે રોજેરોજ મોટી સંખ્યામાં સહેલાણીઓ બોટિંગનો આનંદ માણવા માટે ઉમટી પડે છે. તળાવના ઊંડા પાણીમાં અનેક પરિવારો અને બાળકો બોટિંગ કરી રહ્યા હોય છે, ત્યારે તેમની સુરક્ષા સુનિશ્ચિત કરવી એ સ્થાનિક તંત્ર અને બોટિંગ સંચાલકોની પ્રથમ પ્રાથમિકતા હોવી જોઈએ. જોકે, તાજેતરમાં સામે આવેલી ઘટનાએ તળાવમાં સલામતીના નામે ચાલતી મોટા પાયાની બેદરકારી છતી કરી દીધી છે. ઈમરજન્સી કે અકસ્માત સમયે પ્રવાસીઓનો જીવ બચાવવા માટે રાખવામાં આવેલી રેસ્ક્યુ બોટ જ ટેકનિકલ ખામીના કારણે ખોટકાઈ ગઈ હતી, જેના લીધે તળાવમાં બોટિંગ કરી રહેલા નિર્દોષ પ્રવાસીઓની સુરક્ષા સામે મોટો પ્રશ્નાર્થ ચિહ્ન ઊભો થયો છે.ઘટના સમયે અચાનક રેસ્ક્યુ બોટમાં ખામી સર્જાતા ઓપરેટરો અને કર્મચારીઓમાં દોડધામ મચી ગઈ હતી. બોટના એન્જિનમાં ટેકનિકલ ખામી આવતા કર્મચારીઓ એન્જિન ઉતારીને તેને રિપેર કરવાના ફાંફા મારતા નજરે પડ્યા હતા. આ સમગ્ર દ્રશ્યથી સ્પષ્ટ થાય છે કે સંચાલકો દ્વારા ઈમરજન્સી સાધનોનું નિયમિત મેન્ટેનન્સ કે સરપ્રાઈઝ ચેકિંગ કરવામાં આવતું નથી. જો બોટિંગ દરમિયાન કોઈ હોડી ઊંધી વળે કે અન્ય ગંભીર અકસ્માત સર્જાય, તો તાત્કાલિક મદદ પહોંચાડવી અશક્ય બની જાય તેવી પરિસ્થિતિનું નિર્માણ થયું હતું. આ દ્રશ્યો જોઈને તળાવ કિનારે હાજર સહેલાણીઓ અને સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો અને પ્રવાસીઓ સાચે જ રામ ભરોસે હોવાનો ઘાટ સર્જાયો હતો.આ ગંભીર અને બેદરકારીભરી સ્થિતિને ધ્યાને રાખીને સ્થાનિક નાગરિકો અને પ્રવાસીઓ દ્વારા નવનિયુક્ત ચીફ ઓફિસર સમક્ષ આકરાં પગલાં લેવાની માંગ ઉઠી છે.




## ચીખલીના થાલામાંથી કારમાંથી દારૂ ઝડપાયો

**ચીખલી, તા.૨૫ :** ચીખલી ને.હા નંબર ૪૮ ઉપર આવેલ થાલા ગામની હદમાં ચીખલી પોલીસ વોચ રાખીને બેઠી હતી. દરમિયાન એક ટાટા કંપનીને નેકસોન કાર નંબર gj 15 cm 2810ને રોકી કારની તલાસી લેતા કારમાંથી વિસ્કી, વોડકા બાટલી નંગ ૪૬૮ જેની કિંમત રૂપિયા ૨.૯૭.૬૦૦ ગણવામાં આવી છે. જ્યારે કારની કિંમત રૂપિયા ૫ લાખ તથા એક નંગ મોબાઈલ કિંમત ૫૦૦ મળી કુલ રૂા. ૭.૯૮.૧૦૦ નો મુદ્દા માલ કબજે કરી પકડાયેલ ચાલક અમિત ઘાચીરામ હનુમાન રામ નાયકા રહે. નામધા આમલ ફળીયા તા. વાપી જી. વલસાડ જેની પૂછપરછ કરતા આ દારૂનો જથ્થો યોગેશ પટેલ રહે. મણીનગર બલીઠા વાપી જેના પુરા નામ સરનામાની ખબર નથી. જેણે ભરાવી આપ્યો હતો અને કૃણાલ પટેલ રહે. બામણપૂજા ગામ દમણ જેના પુરા નામ સરનામાની ખબર નથી જે દારૂ ભરેલ કારનું પાયલોટિંગ કરી રહ્યો હતો અને વડોદરા ખાતે વિદેશી દારૂનો જથ્થો મંગાવનાર હિતેશ મંગુ કારચંદ રહે. વડોદરા જેનું પૂરું નામ સરનામું જણાયેલ નથી આ ત્રણ શખ્સોને પોલીસ ચોપડે વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.

## દમણમાં પ્રશાસકના જન્મદિવસ પર સેવા કાર્યનું આયોજન



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા.૨૫ :** કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવના પ્રશાસક પ્રફુલ્લ પટેલના જન્મદિવસ અને તેમના કાર્યકાળના ૧૦ સફળ વર્ષ પૂર્ણ થવાના અવસરે ૨૮ ઓગસ્ટના રોજ દમણ ભાજપ મહિલા મોરચા દ્વારા સેવા અને પ્રાર્થના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ દરમિયાન, મહિલા મોરચાના કાર્યકરોએ પોતાના હાથે ભોજન બનાવ્યું અને નાના બાળકોને પ્રેમથી પીરસ્યું. પ્રફુલ પટેલના સારા સ્વાસ્થ્ય, લાંબા આયુષ્ય અને જાહેર સેવા ચાલુ રહે તે માટે ભગવાનને પ્રાર્થના પણ કરવામાં આવી.

આ કાર્યક્રમનું આયોજન દમણ મહિલા મોરચાની ટીમ દ્વારા ભારતીય જનતા પાર્ટી દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવના પ્રદેશ અધ્યક્ષ મહેશભાઈ અગરિયા અને મહિલા મોરચાના પ્રદેશ અધ્યક્ષ નિશાબેન ભવરના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે દમણ જિલ્લા મહિલા મોરચાના પ્રમુખ રુકિમણી ભાનુશાલી, મહામંત્રી મીનાક્ષી ટંડેલ અને ઉપપ્રમુખ મિત્તલ માયાવંશી સહિત મહિલા મોરચાના કાર્યકરો હાજર રહ્યા હતાં.

મહિલા મોરચાના કાર્યકરોએ પ્રાર્થના કરી કે પ્રફુલભાઈ પટેલને સારું સ્વાસ્થ્ય, લાંબુ આયુષ્ય અને સતત જાહેર સેવા માટે શક્તિ મળે અને કેન્દ્રશાસિત પ્રદેશના લોકોને હંમેશા તેમનું માર્ગદર્શન મળે.

## પશ્ચિમ રેલ્વેએ પાલઘર ખાતે ટ્રેન નંબર ૦૯૪૨૪/૦૯૪૨૩ અમદાવાદ - મેંગલુરુ માટે વધારાનું સ્ટોપેજ પૂરું પાડયું

| ટ્રેન નં. ૦૯૪૨૪ અમદાવાદ - મેંગલુરુ સાપ્તાહિક વિશેષ (૨૮.૦૮.૨૦૨૬ ના રોજ) | | સ્ટેશનનું નામ | ટ્રેન નં. ૦૯૪૨૩ મેંગલુરુ-અમદાવાદ સાપ્તાહિક વિશેષ (૨૯.૦૮.૨૦૨૬ ના રોજ) | |
|---|---|---|---|---|
| આગમન | પ્રસ્થાન | પાલઘર | આગમન | પ્રસ્થાન |
| ૨૨.૦૨ કલાકે | ૨૨.૦૪ કલાકે | | ૧૯.૧૦ કલાકે | ૧૯.૧૨ કલાકે |

રૂટ પરના સ્ટેશનો, સ્ટોપ અને રચનાના સમય અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

WESTERN RAILWAY
wr.indianrailways.gov.in
Like us & Follow us on: facebook.com/WesternRly X.com/WesternRly Instagram.com/WesternRly https://www.youtube.com/@WesternRly https://bit.ly/WesternRailwayOfficial

કૃપા કરીને બધી આરક્ષિત ટિકિટો માટે મૂળ ઓળખપત્ર સાથે રાખો

દમણગંગા ટાઇમ્સ
મુખ્ય કાર્યાલય
સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો
દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

### એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, ધરમપુર

તાલુકા સેવા સદન, પ્રથમ માળ તા.ધરમપુર જિ.વલસાડ
સંપર્ક નંબર:૦૨૬૩૩-૨૪૨૦૨૪ mam-dharampur@gujarat.gov.in

નં.એમએજી./મરણ/રજી નં.૪૨/૨૦૨૬ તા.૨૩/૦૬/૨૦૨૪

**જાહેર નોટીસ**

વાદી:- દીપકભાઈ દેવુભાઈ વળવી, રહે.મોહનાકાવચાળી, મુળગામ ફ. તા.ધરમપુર, જી.વલસાડ

વિરૂધ્ધ

**પ્રતિવાદી:-** જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી, મોહનાકાવચાળી

**વિષય:-** જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/મરણની નોંધ ધરાવવા બાબત.

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **દીપકભાઈ દેવુભાઈ વળવીના** દાદા **તુળજીભાઈ જાનેભાઈ વળવીનું** અવસાન તા.૦૩/૦૬/૧૯૯૧નાં રોજ મોહનાકાવચાલી ખાતે થયેલ છે. અને તેઓના અવસાનની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર અવસાનની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૩/૦૬/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી/-
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ધરમપુર

### CHANGE OF NAME

OLD NAME
GIRDHAR ISHWAR MITNA
NEW NAME
GIRDHARBHAI ISHWARBHAI MITNA
ADD. H. NO, 112 MERY FALIA VARKUND NANI DAMAN 396210

### CHANGE OF NAME

OLD NAME
SURESH R PATEL
NEW NAME
SURESHBHAI RAGHABHAI PATEL
ADD. H. NO,, 210 VAPI DAMAN MAIN ROAD DABHEL NANI DAMAN, 396210

### NOTICE OF PROPOSED PURCHASE OF IMMOVABLE PROPERTY

Notice is hereby given to the general public that Mr. Ankit Pradeep Jain, residing at Hira Prem Bunglow, Devisha Road, Palghar 401 404, intends to purchase the immovable property admeasuring 0.20.00 Ha. Ars. From the total described below from Mr. Dharmendra Tulsidas Doriwala, being the present owner's of the said property.
DESCRIPTION OF THE PROPERTY: Village: Marwad, Taluka: Daman Survey No.: 238 Hissa/Sub-Division No.: 6 Area: 01-13-56 Ha. Ars.
Any person, firm, company, bank, financial institution, government authority or any other person having or claiming any right, title, interest, share, claim, demand, lien, mortgage, charge, encumbrance, lease, tenancy, licence, easement, inheritance, succession or any other claim or objection whatsoever in respect of the said property or any part thereof is hereby called upon to intimate the same in writing to the undersigned, along with supporting documentary evidence, within 14 (fourteen) days from the date of publication of this notice.
If no such claim or objection is received within the aforesaid period, the purchaser shall proceed with the proposed purchase of the said property and shall treat all such claims, if any, as having been waived and/or abandoned, and no claim shall thereafter be entertained by the purchaser, subject to applicable law.

Sd/-
Ankit Pradeep Jain,
Ground Floor, Hira Prem Bunglow, Devisha Rd, Palghar - 401 404

### PUBLIC NOTICE

Whereas Dilip Madhav Tambwekar, died intestate on 21/06/2025 at Shri Vinoba Bhave Civil Hospital, Silvassa - 396230

Whereas, deceased Dilip Madhav Tambwekar was the absolute owner of the following property situated within the jurisdiction of Silvassa Municipal Council area.

| SR. No | Property Type | Property ID | Easy City Code | Property Address |
|---|---|---|---|---|
| 1 | Flat | S05026292000 | MNR002-12 | Flat No.G-602, Kuber Building -G, Near Lions English School, Manorath Residency, Silvassa-396230 |

Whereas, my clients namely:
1. Manjusha Dilip Tambwekar, W/o Late Dilip Madhav Tambwekar,
2. Navani Dilip Tambwekar W/o Narayan Naik (Daughter) and
3. Avani Dilip Tambwekar W/o Tejas Chaudhari (Daughter)

Is the sole legal heirs of the afore mentioned deceased and they intend to apply in Silvassa Municipal Council for getting the properties transferred in his mane.
Therefore, on behalf of my clients, the undersigned hereby declares that any person having any objection, claim, right, title or interest in respect of the aforesaid property or the proposed transfer may submit such objection/claim in writing to the Silvassa Municipal Council and the undersigned within 15 (Fifteen) days from the date of publication of this notice.
If no objection or claim is received within the aforesaid prescribed period, my clients shall be at liberty to deal with the shares and interest of the deceased in the said property, namely Flat No.G-602, Kuber Building -G, Near Lions English School, Manorath Residency, Silvassa-396230, known as KUBER G1 TYPE, at "MANORATH RESIDENCY", constructed on the aforesaid land situated at Silvassa, and the Silvassa Municipal Council may insert the names of the above-mentioned legal heirs as the legal successors/heirs of the deceased Dilip Madhav Tambwekar in its relevant records.
Manjusha Dilip Tambwekar
W/o Late Dilip Madhav Tambwekar
Navani Dilip Tambwekar W/o Narayan Naik (Daughter)
Avani Dilip Tambwekar W/o Tejas Chaudhari

Sd/-
HITESH K. BHANDARI
B.A., LL.M. (ADVOCATE & NOTARY)
Office at: 239, 2nd Floor, Land Mark
Tokarkhada, Silvassa-396230.
Mobile: 9824598844 Email: hitesh10 bhandari@yahoo.co.in

ટેરેસ ગળે છે ??
વરસાદ માં ગળતા ટેરેસ તથા દિવાલમાં થી આવતા ભેજને ક્રેકફીલીંગ કરી કેમીકલ્સ વળે વોટર પ્રુફીંગ કરી આપનાર
એડવાન્સ વોટરપ્રૂફીંગ ટ્રીટમેન્ટ
- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ ને સીમેન્ટીંગ એન્ડ પીયુ ગ્રાઉટીંગ કરી આપનાર
- સંડાસ, બાથરૂમ, બાલ્કનીમાં ટાઈલ્સ લગાવતા પહેલા
- સ્લોપિંગ સ્લેપમાં નળિયા નંખાવતા પહેલા
- ચાઈના ટુકડી કરાવતા પહેલા
- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ, પાણીની ટાંકી
- ઈંટની દિવાલ, ઓપન સ્લેબ ને કેમિકલ વોટરપ્રૂફીંગ કરી આપનાર
અરવિંદ પટેલ - વલસાડ 81402 20205

ડિસ્કાઉન્ટ ધમાકા
તાં. 1-8-26.થિ. ચાલુ
ફેન્સી વેરાયટીનો અખુટ ખજાનો
પાર્ટી શુઝ લોફર શુઝ સ્પોર્ટ શુઝ
MAYUR FOOTWEAR
5% ડીસ્કાઉન્ટ પેરાગોન, VKC, ફ્લાયપર, ઈબ્લુ ચપલ,સેન્ડલ
કેમ્પસ, લખાની, સ્પાર્ક, 10% ડીસ્કાઉન્ટ ફક્ત શુઝ પર
Paragon Bata Lakhani campus
શાકભાજી માર્કેટ, જ્યોતિ હોલ નીચે, વલસાડ. મો. 9824254361

દરેક બ્રાન્ડેડ કંપનીના શુટીંગ, શર્ટીંગ તથા લેટેસ્ટ ડીઝાઇનમાં ટેલરીંગ
શુટ સિવડાવો કાપડ તથા સીલાઈ સાથે રૂ.5000/-
The Complete Man Raymond dinesh Siyaram's DONEAR DIGJAM NIRVĀN SHIRTINGS ICON ashima Kriplon
LORD'S MEN'S WEAR
એમ. જી. રોડ, વલસાડ. ફોન : ૨૪૮૧૭૬

સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ
કોઈપણ જેન્ટસ સ્પોર્ટસ શુઝ ફક્ત રૂ.300/-
દિવાળી ધમાકા
Rs.300/- Rs.300/- Rs.300/- Rs.300/-
દરેક બ્રાન્ડેડ કંપનીઓમાં મેળવો ધમાકેદાર ડિસ્કાઉન્ટ
પરમાર શુ કલેક્શન
કાપડીયા કોમ્પ્લેક્ષ, મ્યુનિસીપલ હાઈસ્કુલ સામે, બેચર રોડ, વલસાડ. Mo.:8690820403

દમણગંગા ટાઇમ્સ
મુખ્ય કાર્યાલય
સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો
દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

INDUSTRIAL SPACE AVAILABLE FOR RENT
READY TO MOVE
SARIGAM ANANTA INDUSTRIAL PARK
Premium 6000 sq. ft. industrial property available for lease.
6000 SQ. FT. CARPET AREA
95 HP POWER AVAILABLE
SEPARATE WASHROOM
EASY ACCESS FOR TRANSPORT & LOGISTICS
25 ft CLEAR HEIGHT
SUITABLE FOR FACTORY SETUP, WAREHOUSE, MANUFACTURING & INDUSTRIAL USE
CONTACT: 9824728200 (CALL/WHATSAPP)

દમણગંગા ટાઇમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય
દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોન: ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

Wednesday 26, August 2026

# દમણગંગા ટાઇમ્સ

## વાપીમાં કાલે પાણી પુરવઠો બંધ રહેશે

વાપી, તા. ૨૫ : વાપી મહાનગરપાલિકા પાણી વિભાગ દ્વારા દમણગંગા નદી ખાતે આવેલા ઈન્ટેકવેલ પર મોટર ઈન્સ્ટોલેશન સહિતની કામગીરી હાથ ધરવામાં આવનાર હોવાથી જુના વિસ્તારોમાં તા. ૨૭ ઓગસ્ટે એક દિવસીય શટડાઉન રાખવામાં આવ્યું છે.

આ શટડાઉન દરમિયાન ઈન્ટેકવેલની મુખ્ય લાઈન કટ કરી નવી ડિલિવરી પાઈપનું ફેબ્રિકેશન તથા જોઈન્ટિંગ કામ, નવી ઈન્સ્ટોલ કરવામાં આવેલી પેનલમાં એચ.ટી. લાઈનનું કનેક્શન તેમજ નવું ફ્લો મીટર ઈન્સ્ટોલ કરવાની કામગીરી કરવામાં આવશે.

## વાપીમાં તહેવારો પૂર્વે મીઠાઈ-ફરસાણની દુકાનોમાં તપાસ જરૂરી

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૨૫ :** વાપી પંથકમા રક્ષાબંધન અને જન્માષ્ટમીના તહેવારોને ધ્યાનમાં રાખીને વિવિધ મીઠાઈ અને ફરસાણની દુકાનોમાં મીઠાઈઓ તેમજ ફરસાણ બનાવવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. તહેવારો દરમિયાન મીઠાઈની માંગમાં નોંધપાત્ર વધારો થતો હોવાથી મોટી માત્રામાં મીઠાઈનું ઉત્પાદન અને વેચાણ કરવામાં આવી રહ્યું છે. જોકે, મીઠાઈ બનાવવામાં વપરાતો માવો, ઘી, દૂધ તથા અન્ય સામગ્રી ખરેખર ગુણવત્તાયુક્ત અને ખાવા લાયક છે કે કેમ તે અંગે સવાલો ઉઠી રહ્યા છે. તહેવારો દરમિયાન ભેળસેળયુક્ત માવો કે હલકી ગુણવત્તાની સામગ્રીનો ઉપયોગ ન થાય તે માટે વલસાડ આરોગ્ય વિભાગ તથા ફૂડ એન્ડ ડ્રગ વિભાગ દ્વારા સઘન તપાસ હાથ ધરવાની જરૂર છે.

ખાસ કરીને વાપી પંથકમાં છેલ્લા કેટલાક દિવસથી ફુડ એન્ડ ડ્રગ વિભાગ દ્વારા હોટલ રેસ્ટોરન્ટમા કિચન તેમજ તેઓ વાપરતા ખાદ્ય સામગ્રી ની ચકાસણી કરવામાં આવી હતી જેમાં અનેક હોટલ અને રેસ્ટોરન્ટ ના પરવાના રદ કરાયા હતા સાથે અનેક હોટલ રેસ્ટોરન્ટને નોટિસો પણ આપવામાં આવી હતી તેવી જ રીતે હવે આગામી દિવસોમાં આવી રહેલા રક્ષાબંધન અને જન્માષ્ટમી ના તહેવારને ધ્યાને લઈ ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા વાપી ટાઉનના મુખ્ય બજાર વિસ્તાર ઉપરાંત વાપી જીઆઈડીસી ના ગુંજન વિસ્તાર, ચલા, ચણોદ, છીરી, ડુંગરા, તેમજ ઈમરાન નગર વિસ્તારમાં આવેલી મીઠાઈ અને ફરસાણની દુકાનોમાં તપાસ કરવામાં આવે તો મીઠાઈની ગુણવત્તા, માવાની ચકાસણી, ઉત્પાદનની સ્વચ્છતા અને સંગ્રહની યોગ્ય વ્યવસ્થા અંગેની વાસ્તવિક સ્થિતિ સામે આવી શકે છે.

તહેવારોના દિવસોમાં મોટી સંખ્યામાં લોકો મીઠાઈ અને ફરસાણની ખરીદી કરતા હોવાથી તંત્ર દ્વારા તહેવાર પૂર્વે જ નમૂનાઓ લેવામાં આવે અને લેબોરેટરી તપાસ કરવામાં આવે તેવી લોકોમાં માંગ ઉઠી છે. ખાદ્યપદાર્થોમાં ભેળસેળ કે નિયમોનો ભંગ કરતા વેપારીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવે તો તહેવારો દરમિયાન લોકોના આરોગ્ય સાથે ચેડાં થતા અટકાવી શકાય. જોકે બહારગામ થી આવતો માવો ખૂબ જ ખરાબ હાલતમાં રેલ્વે સ્ટેશન અને ખાનગી બસ માંથી નેશનલ હાઈવે નંબર ૪૮ ઉપર ઉતારીને સીધો દુકાનદાર પોતાની દુકાનમાં કે કેટલીક મીઠાઈ બનાવવાની ત્રણથી ચાર જેટલી શાખા ધરાવનાર પોતાની કંપનીઓમાં લઈ જઈ ઉપયોગમાં લઈ રહ્યા છે જેને ધ્યાને લઈ આરોગ્ય વિભાગ દ્વારા કાર્યવાહી કર્યા તો અનેક લોકોના આરોગ્ય સાથે થતાં ખિલવાડ બંધ થઈ શકે છે.

## વાપીની કચ્છી માર્કેટમાં પ્રિન્ટિંગ મશીનમાં આગ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૨૫ :** વાપીના ચાર રસ્તા સ્થિત ટેલિફોન એક્સચેન્જ પાસે આવેલી કચ્છી માર્કેટમાં સોમવારે બપોરે અફરા-તફરી મચી ગઈ હતી.

કચ્છી માર્કેટની પ્રથમ માળ પર આવેલ જોય વેન્ટચર પ્રિન્ટર નામની દુકાનમાં પ્રિન્ટિંગ મશીનમાં અચાનક આગ લાગી હતી. મશીનમાંથી ધુમાડો નીકળતો જોતા આસપાસના વેપારીઓ અને લોકોમાં નાસભાગ મચી હતી.

ઘટનાની જાણ થતા જ વાપી નગરપાલિકાની ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી. ફાયર જવાનોએ સમયસૂચકતા દાખવી આગ વધુ વિકરાળ બને તે પહેલા જ તેના પર કાબુ મેળવી લીધો હતો. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ પ્રિન્ટિંગ મશીનને નુકસાન થયું હોવાનું જાણવા મળ્યું છે. શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું પ્રાથમિક અનુમાન છે.

## વલસાડ પાલિકા તંત્રને ચીમકી : માર્ગો મરામત ન થાય તો મૂર્તિઓનું વિસર્જન નહી



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા. ૨૫ :** વલસાડમાં ઔરંગા નદી કિનારે આવેલ ઔરંગા ઓવારો રેલના પાણીમાં ભારે જર્જરીત થઈ ગયો છે. તો બીજી તરફ નદીનો જુનો પુલ બંધ હાલતમાં તો નવો પુલ અધુરો છે.વલસાડમાં બિસ્માર રસ્તાઓ મુદ્દે ગણેશ મંડળો લાલઘૂમ બની રસ્તા ના સમારકામ નહીં થાય તો મૂર્તિ વિસર્જન ન કરવાની તંત્રને ચીમકી આપી છે. આગામી ગણેશોત્સવને ધ્યાને રાખીને વલસાડના ઔરંગા નદી કિનારે મૂર્તિ વિસર્જન દરમિયાન ઊભી થનારી ગંભીર સમસ્યાઓને લઈને શહેરના તમામ ગણેશ મંડળો એક મંચ પર આવ્યા છે. બિસ્માર જેટી, અસહ્ય ગંદકી તેમજ પુલના કારણે સર્જાનારી ટ્રાફિકની સમસ્યા મુદ્દે આગામી દિવસોમાં મંડળો દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી તાકીદે ઉકેલ લાવવાની માંગ કરવામાં આવશે.વલસાડ ના ઔરંગા નદી કિનારે આવેલી ઓવરો લાંબા સમયથી બિસ્માર હાલત માં છે. આ વર્ષે આવેલા રેલના કારણે ઓવારા ને વધુ નુકસાન પહોંચ્યું છે. આજુબાજુ કાદવ-કીચડ અને ગંદકીના કારણે વિસર્જન સમયે મૂર્તિઓ નદીમાં પધરાવતી વખતે ભારે અકસ્માતનો ભય રહેલો છે. પાલિકામાં વારંવાર રજૂઆત છતાં કોઈ નક્કર કામગીરી થઈ નથી.ઔરંગા નદી પરનો જૂનો નાનો પુલ જર્જરિત હોવાથી વાહનોની અવરજવર માટે સંપૂર્ણ બંધ કરી દેવાયો છે, જ્યારે સામે પક્ષે નવા પુલનું કામ હજુ અધૂરું છે.વિસર્જન માટે વલસાડ બંદર રોડ જ એકમાત્ર રસ્તો બચ્યો હોવાથી, વિસર્જન બાદ પરત ફરતા વાહનો માટે ભારે ટ્રાફિક જામ સર્જાવાની શક્યતા છે.વિસર્જન પર્વ દરમિયાન કોઈપણ ગણેશ મંડળ કે ભક્તોને મુશ્કેલી ન પડે અને સમગ્ર પ્રક્રિયા શાંતિપૂર્ણ તેમજ સુરક્ષિત માહોલમાં સંપન્ન થાય તે માટે મંડળોના આગેવાનોએ સાથે મળીને તંત્ર સમક્ષ યોગ્ય આયોજન અને વલસાડમાં બિસ્માર રસ્તાઓ મુદ્દે ગણેશ મંડળો લાલઘૂમે સમારકામ નહીં થાય તો મૂર્તિ વિસર્જન ન કરવાની તંત્રને ચીમકી આપી છે.

## વાપીમાં શો-રૂમમાંથી મોપેડ ચોરી કરતી ટોળકી ઝડપાઈ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૨૫ :** વાપીના ટીવીએસ શો-રૂમમાંથી બે જ્યુપીટર મોપેડની ચોરીનો ભેદ વલસાડ લોકલ ક્રાઈમ બ્રાન્ચે ગણતરીના દિવસોમાં ઉકેલી નાંખ્યો છે. આ કેસમાં બે યુવકો અને કાયદાના સંઘર્ષમાં આવેલ એક બાળકિશોરની ધરપકડ કરી રૂ. ૨.૩૫ લાખનો મુદ્દામાલ કબજે કરાયો છે. વલસાડ એસપી યુવરાજસિંહ જાડેજાની સુચના બાદ LCB PI એ.વાય.રોઝના માર્ગદર્શન હેઠળ ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન હેડ કોન્સ્ટેબલ ઓમ-કાશસિંહને મળેલી બાતમીના આધારે વાપી કોપરલી ચાર રસ્તા પાસે વોચ ગોઠવી બે શખ્સોને ઝડપી લેવાયા હતા.



પકડાયેલા આરોપીઓમાં (૧) જીગર શંકરભાઈ બરુડીયા (ઉ.૨૦, રહે. કંચનનગર, ઈમરાનનગર પાછળ, વાપી) અને (૨) વિશાલ વિનોદ પવાર (ઉ.૨૦, રહે. નામધા રોફેલ કોલેજ પાછળ, વાપી, મૂળ-મલકાપુર, ભુસાવલ, મહારાષ્ટ્ર) નો સમાવેશ થાય છે. તેમની સાથે એક બાળકિશોર પણ હતો. તપાસમાં તેમની પાસેથી શો-રૂમમાંથી ચોરાયેલી રજીસ્ટર નંબર વગરની બે ટીવીએસ જ્યુપીટર (કાળા અને વાદળી-લીલા કલરની) જેની કિંમત રૂ. ૨ લાખ અને ૩ મોબાઈલ ફોન રૂ. ૩૫ હજાર મળી કુલ રૂ. ૨.૩૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો છે. આ અંગે વાપી ટાઉન પોલીસ મથકે BNS કલમ ૩૦૫ હેઠળ ગુનો નોંધાયો હતો. આરોપીઓ અને મુદ્દામાલને વધુ તપાસ માટે વાપી ટાઉન પોલીસને સોંપવામાં આવ્યા છે.

## વલસાડમાં એટ્રોસીટી-હુમલા કેસમાં પાલિકાના માજી પ્રમુખનાં આગોતરા જામીન રદ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા. ૨૫ :** વલસાડ સિટી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા મારામારી, જાનથી મારી નાખવાની ધમકી અને એટ્રોસિટી એક્ટ હેઠળના ગુનામાં સંડોવાયેલા વલસાડ માજી પ્રમુખ આરોપી દીપકભાઈ જેકીશનદાસ રાણાની આગોતરા જામીન અરજી વલસાડની ચોથી એડિશનલ સેશન્સ કોર્ટે ફગાવી દીધી છે.

વલસાડના તિથલ રોડ સ્થિત ગાયત્રી એપાર્ટમેન્ટ સામે રહેતા સુમનભાઈ છોટુભાઈ ધોડિયા પટેલ પર ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ આરોપી દીપક રાણા અને તેના સાથીદારોએ તેમના પર હુમલો કરી ઈજા પહોંચાડી જાતિ વિષયક ગાળો આપી હોવાની ફરિયાદ નોંધાવી હતી.

જેમાં વલસાડ સિટી પોલીસે એટ્રોસિટી એક્ટ અને જી.પી. એક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો. આ કેસમાં આરોપી પક્ષે ક્રોસ ફરિયાદ નોંધાવી ઘટના સ્થળ કોઈ જાહેર જગ્યા ન હોવાથી એટ્રોસિટી એક્ટ લાગુ પડતો નથી તેવો તર્ક રજૂ કરી જામીન આપવા વિનંતી કરાઈ હતી.

સરકારી વકીલ બી.આર. પ્રજાપતિ તથા સિદ્ધાંર્થ દસોંદી એ જામીનનો સખત વિરોધ કરતા આરોપી અગાઉ ૨૦૧૧ના એક ગુનામાં પણ સજા પામેલ છે. નોટિસ આપવા છતાં તે તપાસ અધિકારી સમક્ષ હાજર ન થઈને હોસ્પિટલમાં દાખલ થવાના બહાના બનાવી તપાસ ટાળી રહ્યો છે, જેથી તેને જામીન ન આપવા જોઈએ. જે દલીલ ગ્રાહ્ય રાખી આરોપી તપાસમાંથી છટકી જવાની સંભાવના હોવાથી અને ચાર્જશીટ બાકી હોવાથી તેની કસ્ટડીમાં પૂછપરછ જરૂરી હોવાનું જણાવી કોર્ટે તા. ૨૧ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ આરોપીની આગોતરા જામીન અરજી નામંજૂર કરી હતી.

## વાપીમાં ૧૫ વર્ષીય કિશોરી પર દુષ્કર્મ આચરનારને ૨૦ વર્ષની કેદ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૨૫ :** વાપીના ડુંગરા વિસ્તારમાં ૧૫ વર્ષીય કિશોરી સાથે દુષ્કર્મ આચરવાના કેસમાં પોક્સો એક્ટ હેઠળની સ્પેશિયલ કોર્ટે આરોપીને ૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારી છે.

પ્રાપ્ત વિગત મુજબ, ડુંગરા પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૨૩ના નવેમ્બર મહિનામાં આ અંગે ગુનો નોંધાયો હતો. ૧૫ વર્ષની કિશોરી સાથે દુષ્કર્મ આચરવા બદલ પોલીસે ચાંદબાબુ ઈસ્લામ હાસમી (ઉ.વ. ૨૭) ની ધરપકડ કરી હતી.

આ કેસ વાપીના પોક્સો એક્ટના સ્પેશિયલ જજ એચ.એન. વકીલની કોર્ટમાં ચાલ્યો હતો. સરકાર તરફે પબ્લિક પ્રોસિક્યુટર અનિલ ત્રિપાઠીએ દલીલો કરી હતી. તેમની દલીલો ગ્રાહ્ય રાખી કોર્ટે આરોપી ચાંદબાબુને દોષિત જાહેર કર્યો હતો.

કોર્ટે આરોપીને પોક્સો એક્ટની કલમ ૬ હેઠળ ૨૦ વર્ષની કેદ અને રૂ. ૧૦ હજાર દંડ, દંડ ન ભરે તો વધુ ૧ વર્ષની કેદ, તેમજ IPC ની કલમ ૩૭૬(૨)(ફ) અને ૩૭૬(૩) હેઠળ પણ ૨૦ વર્ષની કેદ અને રૂ. ૧૦ હજાર દંડ, દંડ ન ભરે તો વધુ ૧ વર્ષની કેદની સજાનો હુકમ કર્યો છે. તમામ સજાઓ એક સાથે ભોગવવાની રહેશે. સાથોસાથ કોર્ટે ભોગ બનનાર કિશોરીને ગુજરાત વિક્ટિમ કોમ્પેન્સેશન સ્કીમ હેઠળ કુલ રૂ. ૪ લાખનું વળતર ચૂકવવા માટે પણ હુકમ કર્યો છે.

## ડુંગરીથી તડીપાર ઈસમ ઝડપાયો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા.૨૫ :** વલસાડાના ડુંગરી ગામે રહેતો બુટલેગરને વલસાડ જિલ્લામાંથી એક વર્ષ માટે તડીપાર કરાયેલા આરોપી આજરોજ ડુંગરી વિસ્તારમાં બિન્દાસ ફરતો જોવા મળતા ડુંગરી પોલીસે આરોપી ને જાહેરનામાનો ભંગ કરવા બદલ ઝડપી પાડી જેલમાં ધકેલી દીધો છે.

ડુંગરી પોલીસ સ્ટેશનના પી.આઈ. યુ.એચ. પટેલની સૂચના હેઠળ ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે એએસઆઈ હિરેન ને મળેલી બાતમીના આધારે ડુંગરી બજાર, સ્વામિનારાયણ મંદિર સામે રોડ પરથી તનવીર પ્રકાશભાઈ કોળીપટેલ (ઉં.વ. ૨૪) હાલ રહે. ઊંટડી, ડી.પી. ફળિયા, તા.જી. વલસાડ (મૂળ રહે. ડુંગરી, રેલિયા ફળિયા, તા.જી. વલસાડ ને ઝડપી લેવાયો હતો. આરોપી તનવીર પટેલ વિરુદ્ધ પારડી પોલીસ મથક બીલીમોરા પોલીસ મથક વલસાડ સીટી પોલીસ પથક ડુંગરી પોલીસ મથક મળી કુલ નવ જેટલા ગુના નોંધાયા હતા. હાલમાં જ બુટલેગર તનવીર પટેલને સ્ટડી પાર કરવામાં આવ્યો હતો તેમ છતાં આરોપી જાહેરનામાનો ભંગ કરી બિન્દાસ વિસ્તારમાં ફરતો જોવા મળતા ફરિવાર ડુંગરી પોલીસે તેને ઝડપી પાડી જેલમાં ધકેલી દીધો છે.

## ખેરગામમાં ૧૩ વર્ષ બાદ ગેસ પાઈપ લાઈનની સુવિધા મળશે

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ખેરગામ, તા.૨૫ :** કેન્દ્ર સરકારના પેટ્રોલિયમ સચિવ નીરજ મિત્તલે સ્પષ્ટ કરતા પણ પીએનજી કનેક્શન ઉપલબ્ધ હોય છતાં કનેક્શન ના લીધું હોય તેમને નોટિસ પાઠવાશે અને તેમનું એલપીજી કનેક્શન રદ કરશે. જિલ્લા સ્તરે સંકલન સમિતિ બનાવાશે, હવે બંને કનેક્શન એક સાથે રાખી શકાશે નહીં-બોટલ કનેક્શન સરન્ડર કરવા જ પડશે. ખેરગામમાં તાલુકો બન્યો તે પૂર્વે પાઈપ્ડ ગેસ જોડાણ અપાયા હતા. ખેરગામ બજાર, વહોરવાડ, કુંભારવાડના ઘરોએ ડિસેમ્બર ૧૩ માં જોડાણની અનામત ભરેલી હોવા છતાં આજ દિન સુધી પાઈપ્ડ ગેસ જોડાણ અપાયા નથી. ડિસેમ્બર ૨૩ માં મામલતદાર સેવા સેતુમાં પણ ફરિયાદ થયેલી છતાં પાઈપ દ્વારા ગેસ આપવામાં તંત્ર કેમ ઉદાસી છે તે સમજાતું નથી. વલસાડમાં રેલ આવતા બોટલ ગેસનો પુરવઠો પણ ખોરવાયો અને લોકોએ જાતે જઈને બમણું ભાડું ખર્ચી સમય બગાડી રિફીલ લાવવા પડયાં. જાન્યુઆરી ૧૩ માં કેટલાક ગ્રાહકોએ પાઈપ્ડ ગેસ જોડાણ માટે અરજી કરેલી, જરૂરી નાણા પણ ભરેલાં છતાં ૧૩ વર્ષથી તેઓને પીએનજી પુરવઠો નહીં આપી સિલિન્ડર પર જ રસોઈ કરવાની ફરજ પાડવામાં આવી રહી છે. કેન્દ્ર સરકારની ઉક્ત જાહેરાતથી હવે પીએનજી મળવાની વંચિતોને આશા જાગી છે. ગુજરાતના ઉર્જા મંત્રી કનુભાઈ દેસાઈ- ગુજરાત સરકાર પી એન જી જોડાણ ની રાહ જોનારાને લાગી રહ્યું છે ૧૩ વરસથી ન કરી શકી તે કામ હવે કેન્દ્ર સરકારના આદેશથી થશે એવું પીએનજી જોડાણ ઈચ્છુકોને લાગી રહ્યું છે.

ભારતના બ્લાઈન્ડ ક્રિકેટ ટીમના પૂર્વ ખેલાડી એવા

## કપરાડાના પ્રજ્ઞાચક્ષુ ક્રિકેટરને રાજ્ય સરકારનો સરદાર પટેલ સિનિયર એવોર્ડ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**કપરાડા, તા.૨૫ :** ભારતની બ્લાઈન્ડ ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ ખેલાડી અને કપરાડા તાલુકાના ઊંડાણના ગાઢવી પ્રાથમિક શાળાના શિક્ષક ગણેશ ભાઈ ગાવિતને પેરા એથલેટિક રમતમાં સુંદર દેખાવ માંટે શક્તિદૂત ૨.૦ યોજના હેઠળ ગુજરાત સરકારનો સરદાર પટેલ સિનિયર એવોર્ડ પ્રાપ્ત થયો છે. પાટનગર ગાંધીનગર ખાતે રાજય નાયબ મુખ્ય મંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં યોજાયેલા એક કાર્યક્રમમાં આ ગૌર પૂર્ણ એવોર્ડ પ્રાપ્ત થયો છે. સમગ્ર વલસાડ જિલ્લામાંથી આ એવોર્ડ મેળવનાર



તેઓ એકમાત્ર છે. જેના પગ લે કપરાડા શીક્ષણ જગત માં ખુશી છવાઈ ગઈ છે.

તાલુકો ટી.પી.ઓ મ નો પટેલ અને બી.આર.સી. સંજય મકવાણા, શિક્ષક સંઘ પ્રમુખ મી તે શ પટેલ સહીત શીક્ષકો એ અભિનન દ પાઠવયા હતા. ગણેશ ગાંવિતની વીશિશતા એ છે કે તે ભારત દેશની બ્લાઈન્ડ ક્રિકેટ ટીમનો ભાગ રહી ચુક્યા છે, તેમણે તેમણે ભારત દેશ જ નહીં આંતરરાષ્ટ્રીય લેવલ ઉપર બ્લાઈન્ડ ક્રિકેટમાં ભારત અને ગુજરાતની મેચોમાં ભાગ લઈ ગોલ્ડ મેડલ,સિલ્વર મેડલ,પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ એવોર્ડ મેળવી કપરાડા તાલુકાનુંનામ રોશન કરયુ છે. એવોર્ડ માટે મુખ્યમંત્રી,ગૃહ મંત્રી, શક્તિદૂત એવોર્ડ ટીમ, વલસાડ અને કપરાડા તાલુકા શિક્ષણ કચેરીના અધિકારીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

## ધરમપુર ચોકડીથી કારમાં દારૂ સાથે એક ઝડપાયો

**વલસાડ, તા.૨૫ :** વલસાડ લોકલ ક્રાઈમ બ્રાન્ચ ની ટીમ પેટ્રોલિંગમાં ફરતી હતી તે દરમિયાન બાતમી મળતા એલસીબી ની ટીમ વલસાડના ધરમપુર ચોકડી હાઈવે સાઈબાબા મંદિર ની સામે ઊભા રહેતા સ્વીફ્ટ ડિઝાયર કાર નંબર GJ-15-CD-6823 ને અટકાવી તેની અંદર તપાસ કરતા કારમાંથી ૧,૩૫૬ દારૂ બીયરની બાટલી કિંમત રૂપિયા ૨,૬૯,૬૬૪ કાર ની કિંમત પાંચ લાખ મોબાઈલ ફોન ની કિંમત ૧૦૦૦૦ મળી કુલ ૭,૭૯,૬૬૪ રૂપિયાના મુદ્દા માલ સાથે કારચાલક આરોપી મોનિકભાઈ અરવિંદભાઈ કો.પટેલ ઉં.વ. ૩૦, રહે. સેગવી, વડ ફળીયા, તા.જી. વલસાડ ની ધરપકડ કરી હતી.

જ્યારે દારૂનો જથ્થો મોકલનાર હરીશભાઈ રહે. ડોકમંડી સેલવાસ અને મંગાવનાર પ્રગ્નેશભાઈ રમણભાઈ પટેલ રહે. જુજવા, માતા ફળીયુ, તા.જી. વલસાડ ને પોલીસે વોન્ટેડ જાહેર કર્યા છે . જે અંગે વલસાડ સીટી પોલીસ મથકમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ પોલીસે હાથ ધરી છે.

## વલસાડ લીલાપોર બ્રીજ પાસેથી દારૂ ઝડપાયો

**વલસાડ તા ૨૫ :** વલસાડ એલસીબીએ બાતમી આધારે વલસાડ કાશ્મીરનગરથી લીલાપુર જતા રોડ પર, ઓરંગા બ્રિજ પાસે વોચ ગોઠવી કાર નંબર GJ-15-CM-9387ની ડીકીમાંથી રૂપિયા ૨,૭૭,૯૨૦ ,૫ લાખનો દારૂ ઝડપી પાડી કાર, ૨ મોબાઈલ ફોન મળી કુલ ૭.૮૩ લાખથી વધુનો મુદ્દામાલ સાથે જેકીકુમાર જેરામભાઈ પટેલની ધરપકડ કરી છે. જયારે પોલીસે અનિલભાઈ અને ગોલુભાઈ બંને રહે. સુરત નામના બે આરોપી ને વોન્ટેજાહેર કર્યા છે.

સંસ્કૃત ભાષાના પ્રચાર-પ્રસાર અને સંવર્ધન માટે

## વલસાડમાં સંસ્કૃત ગૌરવ યાત્રામાં ૧૦૦૦થી વધુ વિદ્યાર્થી જોડાયા




**વલસાડ, તા.૨૫ :** વલસાડ જિલ્લામાં સંસ્કૃત ભાષાના પ્રચાર-પ્રસાર, સંવર્ધન તથા વિદ્યાર્થીઓમાં સંસ્કૃત ભાષા અને ભારતીય જ્ઞાનપરંપરા પ્રત્યે રસ અને ગૌરવની ભાવના વિકસે તે હેતુસર સંસ્કૃત સપ્તાહ મહોત્સવની ઉજવણીનો તા. ૨૫ ઓગસ્ટથી પ્રારંભ થતા સવારે ૯ કલાકે જિલ્લા પંચાયતના પ્રમુખ હેતલબેન પટેલે શ્રીફળ વધેરી કલેકટર કચેરીથી સંસ્કૃત ગૌરવ યાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે ધરમપુરના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ, પ્રોબેશનરી આઈએએસ પિયુષ ઘટાલા અને જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજાની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. વેદ મંત્રોચ્ચાર સાથે શરૂ થયેલી આ સંસ્કૃત ગૌરવ યાત્રા કલેકટર કચેરીથી સર્કિટ હાઉસ થઈ આઝાદ ચોક (ટાવર) થી સ્ટેડિયમ રોડથી એસટી ડેપોથી પુનઃ કલેકટર ખાતે પહોંચી હતી. જ્યાં યાત્રાનું સમાપન થયું હતું.

યાત્રા દરમિયાન ભારત માતા કી જય અને વંદે માતરમના નારા ગુંજ્યા હતા. સાથે સમસ્ત માર્ગો ઉપર સંસ્કૃતમાં વેદ મંત્રોચ્ચાર અને રથ પર ઋષિ મુનિઓના વેશમાં વિદ્યાર્થીઓ દ્વારા યજ્ઞ પણ ચાલી રહ્યો હતો. રામાયણ ગ્રંથની પ્રતિકૃતિ પણ આ સંસ્કૃત ગૌરવ યાત્રામાં આકર્ષણનું કેન્દ્ર બની હતી. વલસાડની વિવિધ શાળાના ૧૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ આ યાત્રામાં શિસ્તબધ્ધ રીતે જોડાયા હતા. સંસ્કૃત સપ્તાહ મહોત્સવના આ કાર્યક્રમો દ્વારા વલસાડ જિલ્લામાં સંસ્કૃત ભાષા પ્રત્યે જાગૃતિ અને અભિરુચિ વધે, વિદ્યાર્થીઓમાં ભારતીય સંસ્કૃતિ અને જ્ઞાનપરંપરા પ્રત્યે ગૌરવની ભાવના વિકસે તથા સંસ્કૃતના પ્રચાર-પ્રસારને વેગ મળે તેવો મુખ્ય ઉદ્દેશ છે. આ યાત્રામાં જિલ્લા શિક્ષણાધિકારી ડૉ.રાજેશ્રી એલ. ટંડેલ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડી.બી.વસાવા, શિક્ષકો, અધિકારીઓ તથા પદાધિકારીઓ પણ જોડાયા હતા. સંસ્કૃત ભાષા અને ભારતીય સંસ્કૃતિની ગૌરવપૂર્ણ પરંપરાને જન-જન સુધી પહોંચાડવાના હેતુસર આ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.

## કાંગવીમાં દીપડાનો આતંકથી ગ્રામજનોમાં ફફડાટ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ધરમપુર, તા.૨૫ :** ધરમપુર તાલુકાના નાની કાંગવી અને મોટી કાંગવી ગામમાં દીપડાની હિલચાલથી ગ્રામજનોમાં ભયનો માહોલ સર્જાયો છે. દીપડાએ નાની કાંગવીમાં રમેશભાઈ માદાભાઈ પટેલના આશરે ૨૮થી ૩૦ મરઘાં પર હુમલો કર્યો હતો. જ્યારે મોટી કાંગવીના રાવુત ફળિયામાં સુનિલભાઈ ભીખુભાઈ ગાવિતના વાછરડા તેમજ વાશેરડા વિસ્તારમાં ગમનભાઈ છોટુભાઈ પટેલના પશુ પર પણ હુમલો કર્યાની માહિતી મળી છે.

ઘટનાની જાણ થતાં ફોરેસ્ટ વિભાગની ટીમે સ્થળની મુલાકાત લઈ તપાસ હાથ ધરી હતી. દીપડાને પકડવા કાંગવી ગામમાં પાંજરું ગોઠવવામાં આવ્યું છે. વારંવારની હિલચાલને પગલે ગ્રામજનોમાં ચિંતા વધી છે અને રાત્રિના સમયે ખાસ સાવચેતી રાખવામાં આવી રહી છે. ગ્રામજનોએ દીપડાને વહેલી તકે પાંજરે પૂરવા માંગ કરી છે.

## સાપુતારાના માલેગામ ઘાટમાં બે અકસ્માત

**સાપુતારા, તા.૨૫ :** મહારાષ્ટ્રના વણી તરફથી ટામેટાનો જથ્થો ભરી સુરત તરફ જઈ રહેલો ટ્રક માલેગામ ઘાટમાર્ગ પર આવેલા ફોરેસ્ટ રેસ્ટ હાઉસ નજીકના વળાંકમાં ટ્રકની બ્રેક ફેલ થઈ જતા સાઈડમાં આવેલી સંરક્ષણ દીવાલ સાથે અથડાઈને અટકી ગયો હતો.સંરક્ષણ દીવાલ સાથે અથડાયા બાદ ટ્રક ઊંડા ખાડામાં ખાબકતાં બચી ગયો હતો. ટ્રકના ચાલક અને ક્લીનરનો સદનસીબે ચમત્કારિક બચાવ થયો હતો.બીજી ઘટનામાં મહારાષ્ટ્રના પુણે તરફથી માલસામાનનો જથ્થો ભરી સાપુતારા તરફ આવી રહેલુ કન્ટેનર નં. GJ-27-TT-3728 માલેગામ ઘાટમાર્ગમાં પહોંચતા ચાલકે અચાનક સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા પલટી મારી ગયું હતું. આ અકસ્માતમાં કન્ટેનર તેમજ તેમા ભરેલા માલસામાનને ભારે નુકસાન થયું હતુ. જોકે આ બનાવમાં પણ ચાલક અને ક્લીનરનો ચમત્કારિક બચાવ થયો હતો.

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**